# મુનિજીવનની બાળપોથી

ભાગ ચોથો

૧૭૩



મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

કમલ પ્રકાશન ટ્રસ્ટ

સાધુ ક્રિયાના સૂત્રો અને તેના અર્થ, પંચસૂત્ર (પહેલું)નો
ભાવાનુવાદ તથા વીતરાગસ્ત્રના
ભાવાનુવાદ-યુક્ત...

# મુનિજીવનની બાળપોથી

## ભાગ ચોથો

[ શ્રમણક્રિયાના આવશ્યક સૂત્રોના અર્થ ]

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

૧૭૩

લેખક પરિચય :
સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્
વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા
સાહેબના વિનેય
મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

પ્રકાશક :
કમલ પ્રકાશન ટ્રસ્ટ
જીવતલાલ પ્રતાપશી
સંસ્કૃતિભવન, નિશાપોળ,
રિલીફ રોડ, અમદાવાદ.
ફોન : ૩૩૫૭૨૩
C/o ૩૮૦૧૪૩

શ્રી જવાહરનગર જૈન શ્વેતાંબર મુર્તિપૂજક સંઘ
(ગોરેગામ) મુંબઈ તથા

શ્રી અન્તરીક્ષ પાર્શ્વનાથ સંસ્થાનના જ્ઞાન-ખાતાની રકમમાંથી આ પુસ્તક છપાવવામાં આવ્યું છે. સદર ટ્રસ્ટ તરફથી પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંતોના કરકમલમાં તથા જ્ઞાન ભંડારોને સાદર સમર્પિત કરવામાં આવે છે.

પ્રથમ સંસ્કરણ :
[illegible] ૧,૦૦૦
વિ. સં. ૨૦૩૯
ફાગણ સુદ તેરસ
તા. ૨૬-૪-૧૯૮૩

લિ.
કમલ પ્રકાશન ટ્રસ્ટવતી
ભદ્રેશભાઈ શાહ

મુદ્રક :
શ્રી રાજુભાઈ સી. શાહ
કેનિમેક પ્રિન્ટર્સ
માસુનાયક પોળ, ગાંધીરોડ,
-મદાવાદ-૧.

મૂલ્ય :
રૂ. ૩-૦૦

# બે બોલ

વિ. સં. ૨૦૩૭નું મારું ચાતુર્માસ તીર્થરક્ષાના હેતુથી આકોલા જીલ્લાના અંતરીક્ષજી તીર્થમાં થયું. ચાતુર્માસ દરમ્યાન અમે કુલ બાર મુનિઓ હતા અને એકાવન સાધ્વીજીઓ હતાં.

આ ચાતુર્માસમાં ભક્તિ, તપ, જપ, કાયોત્સર્ગની તો ધૂમ મચી. ન્યાય, વ્યાકરણાદિના પાઠો પણ રહ્યા. તેની સાથે વાચના રાખી. સંવેગરંગશાળા અને ત્યાર બાદ મારી મુનિ-જીવનની બાળપોથીના ત્રણ ભાગ.

વાચનાનું સુંદર પરિણામ જોવા મળ્યું. સંયમજીવન ખૂબ સુંદર પરિણતિ સાથે આરાધવું જોઈએ એમ અમને સહુને લાગ્યું.

બાળપોથીમાં સંગ્રહિત કરાયેલા વિચારોથી ઘણી વાતો ઘણાંને જાણવા મળી.

આ પરિણામ જોઈને મને મનમાં વિચાર આવ્યો કે ક્યારેક પાલીતાણા જેવા ક્ષેત્રમાં વિશાળ સંખ્યાનો સાધુ-સાધ્વીગણ ચાતુર્માસ કરે. [તેમની નિર્દોષ ભિક્ષાચર્યા માટે અનેક સાધર્મિકો સકુટુંબ વસવાટ કરે.] અને જો તેમને હૃદયસ્પર્શી જીવનપરિવર્તનકારી વાચના આપવામાં આવે તો જૈન શાસનના યોગક્ષેમના એક માત્ર સાધક જૈન સંઘના જવાહરસમા સેંકડો સાધુ-સાધ્વીઓને અવર્ણનીય લાભ થાય.

આથી તેઓ પોતાના સંયમજીવનને વધુ ઉન્નત બનાવે અને તેનું અત્યન્ત સુંદર પરિણામ ટૂંક સમયમાં સમગ્ર જૈન સંઘમાં જોવા મળે.

માત્ર ફરિયાદો કરવા કરતાં આવું કોઈ નક્કર આયોજન થાય તો કેવું ?

ખૂબ જ ઊંચી પાત્રતા ધરાવતા ત્યાગીઓ આપણી પાસે છે પણ તેમને મુનિવેષ આપી દીધા પછી વડીલ-વર્ગે તેમના સંયમધર્મના ક્ષેમ માટે કેટલો ભોગ આપ્યો હશે ? ખબર નથી.

વાચનાઓ પૂર્ણ થયા બાદ બાળપોથીનો ચોથો ભાગ લખાયો.

આ લખાણમાં ક્યાંય પણ જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં—કોઈ ધ્યાન દોરશે તો કૃતજ્ઞતા ભાવપૂર્વક પરિમાર્જન કરવાનું રાખીશ.

અંતરીક્ષજી-તીર્થ
વિ. સં. ૨૦૩૮
તા. ૧૨-૮-૧૯૮૨
જન્માષ્ટમી

લિ.
ગુરુપાદપદ્મરેણુ
મુનિચન્દ્રશેખરવિજય

# અનુક્રમણિકા


| વિષય | પેજ નંબર |
|---|---|
| વિભાગ પહેલો સૂત્રોના અર્થ | ૧ |
| પ્રતિક્રમણમાં અતિચારો ચિંતવવાની ગાથાનો અર્થ | ૩ |
| દશવૈકાલિક સત્તર ગાથાનો અર્થ | ૫ |
| સંથારા પોરિસીનો અર્થ | ૧૮ |
| પગામસજ્ઝાય સૂત્ર-પહેલા આલાવાનો અર્થ | ૩૧ |
| બીજા આલાવાનો અર્થ | ૩૩ |
| ત્રીજા આલાવાનો અર્થ | ૩૭ |
| ચોથા આલાવાનો અર્થ | ૩૮ |
| શ્રાવકની ૧૧ પ્રતિમા | ૪૪ |
| સાધુની ૧૨ પ્રતિમા | ૪૬ |
| ક્રિયાના ૧૩ પ્રકાર | ૪૮ |
| અસમાધિના ૨૦ સ્થાનો | ૫૩ |
| પાંચ મહાવ્રતની ૨૫ ભાવના | ૫૮ |
| મોહનીય કર્મના ૩૦ સ્થાનો | ૬૨ |
| યોગના ૩૨ કારણો | ૬૫ |
| તેત્રીસ આશાતના | ૬૭ |
| શ્રુતની ૧૪ આશાતના | ૬૯ |
| પ્રવચનની વિશિષ્ટતા | ૭૧ |
| ૧૮૦૦૦ શીલના અંગો | ૭૭ |

| | |
|---|---|
| પાક્ષિક સૂત્રના અર્થ | ૮૦ |
| પહેલો અધિકાર | ૮૧ |
| સર્વવિરતિ ધર્મના ૨૨ વિશેષણો | ૮૫ |
| અજ્ઞાનતાદિ ૪ કારણો | ૮૭ |
| પ્રમાદાદિ ૧૧ કારણો | ૮૮ |
| બીજો આલાવો | ૯૨ |
| ત્રીજો આલાવો | ૯૩ |
| ચોથો આલાવો | ૯૪ |
| પાંચમો આલાવો | ૯૫ |
| છઠ્ઠો આલાવો | ૯૬ |
| બીજો અધિકાર | ૯૭ |
| છ વ્રતોની રક્ષાનો સંકલ્પ | ૯૮ |
| છ વ્રતોના રક્ષણના ઉપાયો | ૯૮ |
| ચાર પ્રકારના સંવર | ૧૦૧ |
| ચાર પ્રકારની સમાધિ | ૧૦૨ |
| છ પ્રકારના અપ્રશસ્તભાવ | ૧૦૨ |
| સાત પ્રકારના વિભંગજ્ઞાન | ૧૦૩ |
| સાત પિંડૈષણા–સાત પાણૈષણા | ૧૦૫ |
| નવ પ્રકારના નિયાણા | ૧૦૭ |
| નવ પ્રકારના સંસારી જીવો | ૧૦૮ |
| અઢાર પ્રકારનું બ્રહ્મચર્ય | ૧૦૯ |
| દશ ઉપઘાતો | ૧૦૯ |
| દશ પ્રકારના અસંવર | ૧૧૦ |
| દશ પ્રકારના સત્ય | ૧૧૧ |

દશ સમાધિ સ્થાન ૧૧૨
દશ દશા ૧૧૩
ત્રીજો અધિકાર
પાંચ મહાવ્રતોની સ્તુતિ ૧૧૪
શ્રુતકીર્તન ૧૧૬
શ્રુતના નામો ૧૧૭-૧૨૦-૧૨૪-૧૨૮
આરાધેલ શ્રુત પાસે અમારી અપેક્ષા ૧૨૯
ઉપસંહાર ૧૩૦
પાક્ષિક ખામણા સૂત્રનો અર્થ ૧૩૩

## વિભાગ બીજો

શ્રી વીતરાગસ્તોત્રના ચૂંટેલા સાત પ્રકાશ અર્થ સાથે ૧૪૧
૧ પહેલો પ્રકાશ ૧૪૩
૨ નવમો પ્રકાશ ૧૪૭
૩ પંદરમો પ્રકાશ ૧૫૦
૪ સોળમો પ્રકાશ ૧૫૪
૫ સત્તરમો પ્રકાશ ૧૫૮
૬ ઓગણીસમો પ્રકાશ ૧૬૨
૭ વીસમો પ્રકાશ ૧૬૬
પંચ સૂત્રમાંનું પહેલું સૂત્ર અર્થ સાથે ૧૭૧

## વિભાગ ત્રીજો શ્રમણક્રિયાના મૂલ સૂત્રો

૧. નમો અરિહંતાણં, ૨. કરેમિભંતે,
૩. ઇચ્છામિઠામિ૦ ૧૮૬

| | | |
|---|---|---|
| ૪. | દેવસિકઅતિચાર | ૧૮૭ |
| ૫. | રાત્રિક અતિચાર, ૬. શ્રમણસૂત્ર | ૧૮૮ |
| ૭. | પાક્ષિક અતિચાર | ૧૯૩ |
| ૮. | પાક્ષિક સૂત્ર | ૧૯૮ |
| ૯. | શ્રી પાક્ષિક ખામણા | ૨૧૯ |
| ૧૦. | ગોચરી આલોવવાનો વિધિ | ૨૨૦ |
| ૧૧. | સ્થંડિલ શુદ્ધિનો વિધિ | ૨૨૧ |

## વિભાગ-પહેલો

# સૂત્રોનાં અર્થ

૧. પ્રતિક્રમણમાં અતિચારોને ચિંતવવાની ગાથાનો અર્થ
૨. દશવૈકાલિક સૂત્રની સત્તર ગાથાઓના અર્થ
૩. સંથારાપોરિસી સૂત્રનો અર્થ
૪. પગામસજઝાયનો અર્થ
૫. પાક્ષિકસૂત્રનો અર્થ
૬. પાક્ષિકખામણા સૂત્રના અર્થ

## પાઠ-૧

# પ્રતિક્રમણમાં અતિચારોને ચિંતવવાની ગાથાનો અર્થ

सयणासणन्नपाणे, चेइय-जइ-सिज्ज-काय-उच्चारे।
समिई भावणा गुत्ति, वितहायरणे य अइयारो ॥१॥

**શયન** : સંથારો-ઉત્તરપટ્ટો વગેરે અવિધિએ કરવાથી;

**આસન** : પાટ-પાટિયું-આસન વગેરે અવિધિથી પૂંજ્યા પ્રમાર્જ્યા વિના લેવા, મૂકવા, પાથરવા અને વાપરવાથી;

**અન્નપાણી** : અવિધિથી આહાર-પાણી લેવામાં, આલોચવામાં, વાપરવા વગેરેમાં એષણાના દોષો પૈકી કોઈ દોષ સેવવાથી;

**ચૈત્ય** : જિનબિંબ, જિનમંદિર સંબંધી આશાતના કે અવિધિથી દેવવંદનાદિ કરવાથી;

**યતિ** : સાધુ (સાધ્વી), તેઓનો યથાયોગ્ય વિનય, વૈયાવચ્ચ, વંદનાદિ નહિ કરવાથી અવિધિથી કરવાથી કે તેઓની આશાતના કરવાથી.

**શય્યા** : વસતિ, ઉપાશ્રયાદિ; તેને યથાયોગ્ય પ્રમાર્જનાદિ નહિ કરવાથી અવિધિએ કરવાથી કે સ્ત્રી-પશુ આદિથી સંસક્ત વસતિમાં રહેવાથી;

**કાય-ઉચ્ચાર** : કાય=માત્રુ, ઉચ્ચાર=સ્થંડિલ. એ બેમાંથી કોઈને પણ અયોગ્ય એવા જીવસંસક્ત સ્થાને પરઠવવાથી કે સ્થંડિલ યોગ્યભૂમિમાં પણ ચક્ષુથી જોયા-પ્રમાર્જ્યા વિના પરઠવવાથી;

**સમિતિ** : પાંચ સમિતિઓનું પાલન નહિ કરવાથી કે અવિધિથી કરવાથી;

**ભાવના** : અનિત્યાદિ બાર કે મહાવ્રતોની પચીસ ભાવનાઓનું ચિંતન નહિ કરવાથી કે અવિધિથી કરવાથી;

**ગુપ્તિ** : ત્રણ ગુપ્તિઓનું પાલન નહિ કરવાથી કે અવિધિથી કરવાથી;

ઉપલક્ષણથી તપ, પડિલેહણ, પ્રતિક્રમણ, વૈયાવચ્ચ, સ્વાધ્યાય વગેરે સાધુના દરેક વ્યાપારમાં અનુચિત વર્તન કરવાથી કે યથાયોગ્ય વર્તન નહિ કરવાથી લાગેલા અતિચારોને,

કાઉસ્સગ્ગમાં આ ગાથાનું ધ્યાન કરવાપૂર્વક યાદ કરીને ધારી રાખવા અને પછી ગુરુ સમક્ષ કહી સંભળાવી પ્રાયશ્ચિત્ત લેવું.

## પાઠ ૨

# દશવૈકાલિક સૂત્રની સત્તર ગાથાઓના અર્થ

## દ્રુમપુષ્પિકા નામનું પહેલું અધ્યયન

### ગાથા પહેલી

धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥१॥

અર્થ: આ ગાથામાં અહિંસા-સંયમ-તપસ્વરૂપ ધર્મ કહ્યો છે. વસ્તુતઃ અહિંસા એ જ ઉત્કૃષ્ટ મંગલ સ્વરૂપ ધર્મ છે. પરંતુ તે અહિંસાને જીવનમાં જે આત્મસાત્ કરવા માંગતા હોય તેણે અષ્ટપ્રવચનમાતાના પાલનાદિ સ્વરૂપ સંયમનું પાલન કરવું જ જોઈએ. આવા સંયમપાલન વિના અહિંસા સિદ્ધ થઈ શકતી નથી.

હવે જેણે સંયમ પાળવું હોય તેણે અભ્યંતરતપની આરાધના કરવી જ જોઈએ અને જેણે અભ્યંતર તપમાં સફળતા મેળવવી હોય તેણે બાહ્યતપ કરવો જ જોઈએ. કેમ-કે છ-છ પ્રકારના બાહ્ય અને અભ્યંતર તપમાં દરેક પ્રકારનો પરસ્પર ગાઢ સંબંધ છે. દા. ત. જે અનશન કરી શકે તે જ પ્રાયશ્ચિત્ત કરી શકે (અનશન=ઉપવાસાદિ). જે ઉણોદરી કરી શકે તે જ ગુરુ આદિનો વિનય કરી શકે. જે દ્રવ્યનો સંક્ષેપ કરી શકે એ જ ઊંચા દ્રવ્યોથી બીજા મહાત્માઓની વૈયાવચ્ચ કરી શકે. જે વિગઈઓનો ત્યાગ કરી

શકે તે જ મોડી રાત સુધી સ્વાધ્યાયનો રસ માણી શકે. જે શરીરને કષ્ટ આપી શકે તે જ ધ્યાનમાં બેસી શકે. અને જે શરીરને કહ્યાગરું બનાવી શકે તે જ કાયોત્સર્ગમાં સ્થિર રહી શકે. આમ જે આત્માઓ અહિંસા-સંયમ અને તપરૂપી ધર્મને વર્યા છે. તેમને સમ્યગ્દૃષ્ટિ દેવો પણ નમસ્કાર કરે છે. કેમકે તેઓ આવા ધર્મને પામવાની તીવ્ર ઝંખનાવાળા હોવા છતાં તેવા ધર્મને દેવગતિમાં કદી પામી શકતા નથી, માટે જે પામ્યા છે તેઓને ભાવભરી વંદના તેઓ કરતા રહે તો તે તદ્દન સહજ છે.

### ગાથા નંબર બે થી પાંચ

जहा दुमस्स पुप्फेसु, भमरो आवियइ रसं ।
न य पुप्फं किलामेइ, सो अ पीणेइ अप्पयं ॥२॥
एमेए समणा मुत्ता, जे लोए संति साहुणो ।
विहंगमा व पुप्फेसु, दाणभत्तेसणे रया ॥३॥
वयं च वित्तिं लब्भामो, णय कोइ उवहम्मइ ।
अहागडेसु रीयंते, पुप्फेसु भमरा जहा ॥४॥
महुगारसमो बुद्धा, जे भवंति अणिस्सिआ ।
नाणापिंडरया दंता, तेण वुच्चंति साहुणो
त्ति बेमि ॥५॥

અર્થ: મુનિજીવનની સફળતામાં સહુથી વધુ મહત્ત્વ ધરાવતી બે વસ્તુઓ છે. (૧) ગુરુભક્તિ અને (૨) આહારશુદ્ધિ.

હવેની ગાથાઓમાં આહારશુદ્ધિ અંગે વિચારણા કરવામાં આવે છે.

મુનિનો શુદ્ધ આહાર એટલે ગોચરીના બેતાલીસ અને વાપરતી વખતના પાંચ એમ કુલ સુડતાલીસ દોષ વિનાનો આહાર તે શુદ્ધ આહાર કહેવાય. જેનો આહાર અશુદ્ધ તેનું મન-તન અને છેવટે જીવન અશુદ્ધ બન્યા વિના રહેતાં નથી. આથી શાસ્ત્રકારોએ આહારશુદ્ધિ માટે ખૂબ જ વધુ ભાર મૂકયો છે.

જેમ ઝાડના ફૂલમાંથી ભમરો મર્યાદિત રસ પીએ છે અને પુષ્પને જરા પણ કિલામણા થવા દેતો નથી અને છતાંય તે રસથી પોતાને તૃપ્ત કરી લે છે, તેમ આ મનુષ્યલોકમાં રહેલા જે શ્રમણો છે કે જેઓ સર્વ પરિગ્રહથી મુક્ત છે અને રત્નત્રયીના સાધકો છે તેઓ ગૃહસ્થેદાનમાં આપેલા ભાત-પાણીની ગવેષણામાં (શોધમાં) એકદમ દત્તચિત્ત રહે છે.

જેમ પેલા પુષ્પોને વિષે પેલા ભમરાઓ કિલામણા કર્યા વિના રસ મેળવી લઇને તૃપ્તિ પામે છે. તેમ અમે કોઇને પણ કષ્ટ આપ્યા વિના આહારાદિને મેળવીશું, અર્થાત્ ગૃહસ્થોએ પોતાના માટે તૈયાર કરેલા આહારમાંથી અમારી આજીવિકા કરી લઇશું (આ છે મુનિઓનો દઢ સંકલ્પ).

આ પ્રથમ અધ્યયનનો ઉપસંહાર કરતાં ગ્રંથકાર ભગવાન શ્રી શય્યંભવસૂરીશ્વરજી મહારાજા કહે છે કે, “ હું તેઓને સાચા સાધુ કહું છું, જેઓ ઓલા ભમરા જેવા છે, તત્વોના જાણકાર છે, કુળ વગેરેના મમત્વ વિનાના છે અને અનેક ઘરોના રસકસ વિનાના પણ આહાર વગેરે

લેવામાં લેશ પણ ઉદ્વેગ વિનાના છે. આથી જ તેઓ ઇન્દ્રિયો અને મનને દમનારા છે.”

## શ્રામણ્યપૂર્વિકા નામનું બીજું અધ્યયન

[શ્રામણ્ય એટલે સાધુપણું. સાધુપણાની સફળતા જો પૂર્વે ધૃતિ નામનો ગુણ તૈયાર કર્યો હોય તો જ મળે છે.]

### છઠ્ઠી ગાથાની ભૂમિકા

જેઓ નિર્દોષ આહાર વાપરતા નથી તેઓના મનમાં અનેક પ્રકારના ખોટા વિચારો સહજ રીતે પેદા થાય છે. આવા સાધુના મનમાં કામભોગો પ્રત્યે આકર્ષણ પેદા થવા લાગે છે. જેની માનસિક પરિસ્થિતિ આવી ડામાડોળ બની જાય તેને ઉદ્દેશીને ગ્રંથકાર મહર્ષિ હવેની ગાથામાં કહે છે કે,

कहं नु कुज्जा सामण्णं ! जो कामे न निवारए ।
पए पए विसीअंतो, संकप्पस्स वसं गओ ॥६॥

અર્થ : અરે....! અરે .... ! એ આત્મા બિચારો શી રીતે સાધુપણું પાળી શકશે ? જે આત્મા પોતાના મનમાં જાગતી કામવાસનાઓનું નિવારણ કરવાનો પ્રયત્ન કરતો નથી અને તેથી જે બિચારો ડગલે ને પગલે ખેદ પામી રહ્યો છે અને સંકલ્પ વિકલ્પોને આધીન થઇ ગયો છે.

[બહેતર છે કે આવા આત્માએ આવી કારમી દુઃખદ સ્થિતિમાંથી મુક્ત થવા માટે દોષિત–આહારમાંથી મળતી મોજમજાને ફગાવી દેવી જોઈએ.]

## સાતમી અને આઠમી ગાથાની ભૂમિકા

જે આત્માઓને સાંસારિક જીવનમાં વસ્ત્ર વગેરે ભૌતિક સામગ્રીઓ સારા પ્રમાણમાં મળવા છતાં જો તે આત્માઓએ તે બધાનો ત્યાગ કરી દીધો તો તેમને મુનિજીવનમાં રસપ્રચુર ભિક્ષા-પાણી મળે કે જગતનાં માન-સન્માન મળે તેનો પણ તેમણે ત્યાગ કરવો જ જોઈએ. જો તેમ ન કરી શકે તો તેઓ સાચા મુનિ કહેવાય નહિ તેટલુ જ નહિ પણ મુનિવેશમાં રહીને ભક્તોની ભોગ-સામગ્રીનો ઉપભોગ કરનારા તેઓ દિવસમાં સો-સો વાર માનસિક પતન પામીને જ રહે અને અંતે તેમનું સંપૂર્ણ પતન થઈ જાય. માટે જ ત્યાગી તેને જ કહ્યો છે-જે મળવા છતાં ત્યાગે છે.

वत्थगंधमलंकारं इत्थिओ सयणाणि अ ।
अच्छंदा जे न भुंजंति, न से चाइ त्ति वुच्चइ ॥७॥
जे अ कंते पिए भोए, लद्धे वि पिट्ठि कुव्वई ।
साहीणे चयई भोए, सेहु चाइ त्ति वुच्चई ॥८

અર્થ : વસ્ત્રો, સુગંધીદાર ચીજો, ઘરેણાંઓ, સ્ત્રીઓ, અને પલંગ વગેરે જેમને પોતાને વશ જ નથી (અચ્છંદા) એથી જ જેઓ એ બધું ભોગવી શકતા નથી, તેઓ કાંઈ ત્યાગી કહેવાતા નથી.

હા ! જેઓને મનોહર અને પ્રિય ભોગો સામે ચડીને મળવા છતાં જે આત્માઓ તેને પીઠ બતાવી દે છે એવા સ્વાધીન ભોગવાળાઓ ભોગોનો જે ત્યાગ કરે છે. તેઓ જ ત્યાગી કહેવાય છે.

[આ ગાથાના અર્થ પ્રમાણે સંસારીઓની દૃષ્ટિએ સુખી ઘરના થયેલા સાધુઓ ત્યાગી કહેવાશે. પરંતુ તે સાધુઓ પણ ખરેખરા ત્યાગી તો ત્યારે જ કહેવાશે કે જ્યારે એમની સાથેના મુનિઓ-તેમના જીવનમાં ભારોભાર પડેલો મિષ્ટાન્ન વગેરેનો ત્યાગ જોઇને તેમને ત્યાગી કહે.]

## નવમી ગાથાની ભૂમિકા

કેટલીકવાર એવું બને છે કે નિર્દોષ આહાર લેવા છતાં કોઇ તીવ્ર કર્મના ઉદયે મન કામવિકારોથી ઊભરાઈ જતું હોય છે. બેશક ! આવું હજારમાં એકાદ આત્માને જ બનતું હોય છે. આવા આત્માએ શું કરવું ? તેનો ઉપાય "સમાઇ પેહાઈ" ગાથામાં બતાવાયો છે. આ ઉપાય જ્ઞાન-યોગ સ્વરૂપ છે. સમજણના ઘરમાં આવ્યા માત્રથી જ જો વિકારો શાંત થઇ જતા હોય તો તેના જેવો ઉત્તમ બીજો કોઇ ઉપાય નથી.

**समाइ पेहाइ परिव्वयंतो, सिया मणो निस्सरइ बहिद्धा ।**
**न सा महं नो वि अहंपि तीसे, इच्चेव ताओ विणइज्ज रागं ॥९॥**

**અર્થ** : સમદૃષ્ટિ વડે (સમાઇ પેહાઇ-પેહા=દૃષ્ટિ) સંયમ જીવનમાં વિચરતા કોઈ સાધુનું મન આત્મરમણતા-માંથી ઊઠી જઇને બહાર નીકળી જાય અને કોઈ નારીમાં ખેંચાવા લાગે ત્યારે તેણે વિચારવું કે,- "તે સ્ત્રી મારી નથી અને હું તેનો નથી." અર્થાત્ અમારા બે વચ્ચે કોઇ સંબંધ સંભવિત નથી. સર્વ જીવોને પોતપોતાના કર્માનુસાર થોડા કાળ માટે ભેગા થઇને પણ છૂટા થયે જ છૂટકો છે,

તો ક્ષણિક સુખ ખાતર મારે મારા જીવનને તે નારીરૂપી ખાબોચિયામાં શા માટે ડુબાડી દેવું જોઈએ ?

### દશમી ગાથાની ભૂમિકા

જો આવી વિવિધ સમજણોથી પણ ચિત્ત શાંત પડતું ન હોય તો શાસ્ત્રકાર ભગવંત જાણે કે કહી રહ્યા છે કે હવે તમારા શરીર ઉપર તમે ડામ દેવા જેવા જલદ ઉપાયો અજમાવો. જેમ મનના વિકારોની અસર શરીરમાં વર્તાય છે તેમ શરીર પાસે કરાવાતા તપ વગેરેની અસર મન ઉપર પણ થતી હોય છે. જેઓ ઉગ્ર તપથી શરીરને ઢીલું કરી નાંખે છે. તેમનું કામવિકારોથી ખદબદતું મન પણ ત્રીજા ઉપવાસની સાંજ પડતાં તો સાવ ઢીલું નિર્વિકાર થઈ જાય છે.

आयावयाही चय सोगमल्लं, कामे कमाही कमियं खु दुक्खं ।
छिंदाहि दोसं विणइज्ज रागं, एवं सुही होहिसि संपराए ॥१०॥

અર્થ : હે આત્મન્ ! હવે તું સૂર્યના તડકામાં ઊભો રહીને સખ્ત આતાપના લે અથવા છેવટે જોરદાર ઉણોદરી તપ કર.

હે આત્મન્ ! તું તારું કોમળપણું (સોગમલ્લં) છોડી દે. અર્થાત્ શરીરની સુખશીલતા પોષવાનું બંધ કર. કેમ કે જે સુખશીલ છે તેનામાં કામવાસના તો પેદા થાય છે પરંતુ તેને જોઈને સ્ત્રીને પણ તેના પ્રત્યે કામવાસના પેદા થાય છે.

હે આત્મન્ ! તું કામોને ઓળંગી જા નહિ તો તેઓનું તારા ઉપર આક્રમણ થતાં તારા જીવનમાં દુઃખો તૂટી પડશે. [આ વાત તદ્દન સાચી છે કેમ કે કામના સેવીઓને અપયશ અને અનારોગ્યનાં બે દુઃખો તો ભોગવવા જ પડે છે. જે બે દુઃખોને નાસ્તિક પણ પસંદ કરતો નથી.]

હે આત્મન્ ! માટે હું તને કહું છું કે તું દ્વેષને છેદી નાંખ અને રાગને દૂર કર. આમ થશે તો જ જ્યાં સુધી તું આ સંસારમાં (સંપરાએ) રહીશ ત્યાં સુધી તને સદ્ગતિઓ સતત મળવા દ્વારા સુખ પ્રાપ્ત થયા કરશે.

આથી જ આગળના અધ્યયનોમાં "દેહદુક્ખં મહાફલં" કહીને તપ વગેરે દ્વારા દેહને ડામ દેવાની વાત સ્પષ્ટ શબ્દોમાં જણાવી છે.

જો દેહનું પોષણ કરવા જતાં આત્મગુણોનું શોષણ થતું હોય તો બહેતર છે કે આત્મગુણોનું શોષણ કરવા માટે દેહનું શોષણ કરી નાંખવું.

આત્મા એ ઘી છે અને દેહ તે છાશ છે. જો બેમાંથી એક જ બચાવી શકાય તો ઘી જ બચાવવું જોઈએ.

## અગિયારમીથી સત્તરમી ગાથા સુધીની ભૂમિકા

નિકાચીતકર્મના ઉદયથી જે આત્માઓ આહારાદિની પાપ-વાસનાથી પીડાતા હોય તે તો લાખમાં એકાદ હોય. બાકીના તો તમામ, શાસ્ત્રકાર ભગવંતોએ ફરમાવેલી

આજ્ઞાઓ-મર્યાદાઓ-હિતશિક્ષાઓ વગેરેની કારમી ઉપેક્ષા કરીને–હૈયાથી સાવ નઠોર થઇ ગયેલા—વારંવાર પાપોને આચરતા હોય છે. આવા હાથે કરીને ઝેર પીનારાઓને બચાવી લેવા માટે જે શસ્ત્ર છે તેનું નામ આરોગ્યનો વિચાર છે. પણ જો, તે આત્મા પાપો કરવાથી બરબાદ થનારા આરોગ્યના વિચારને પણ ઘોળીને પી ગયો હોય તો તેને ઉગારવા માટેનું છેલ્લામાં છેલ્લું શસ્ત્ર ઈજ્જતનો વિચાર છે. નાસ્તિક માણસને પણ ઈજ્જત વહાલી હોય છે. જેને ઈજ્જતની પણ પડી નથી તે વેશધારી સાધુ નાસ્તિકોમાં શિરોમણી છે. "પક્ખંદે જલિયં" વગેરે છ ગાથાઓ દ્વારા ગ્રંથકારભગવાન ઈજ્જતના છેલ્લા શસ્ત્રને હાથમાં ઉઠાવે છે અને તેવા કોઇ અભાગિયા સાધુને પ્રેરણા કરે છે.

મુનિ રહનેમિના જીવનમાં એકવાર રાજીમતિ સાધ્વી પર જ્યારે કામવાસના જાગ્રત થઈ ત્યારે તે સાધ્વીએ તે મુનિના આત્માને બચાવી લેવા માટે શબ્દોના જોરદાર ફટકાઓ મારીને પણ કેવી જવલંત સફળતા પ્રાપ્ત કરી.

કેવા છે મદનના પવનના ઝંઝાવાતી ઝપાટાઓ ! જેમાં તે જ ભવે મોક્ષે જનારા, નેમનાથ પ્રભુના પિત્રાઈ ભાઇ ઘોર તપસ્વી એવા મેરુતુલ્ય રહનેમિજી હચમચી ઊઠયા તો પાકી ગયેલા પીપળાના પાંદડા જેવા આપણે જો જરાક અસાવધ રહીએ તો આ પવનના ઝપાટામાં કેવા સાફ થઈ જઈએ. પરંતુ રહનેમિની ખાનદાની એમની મદદે દોડી આવી અને બુઝાયેલા એક દીપકને પ્રગટેલા એક દીપકે

મધુર હિતશિક્ષા વડે સ્પર્શ કરીને ફરી પાછો જલતો કરી દીધો.

આથી જ દીક્ષા આપતા પહેલાં કુળપરીક્ષા કરવાનું શાસ્ત્રકારોએ ફરમાવ્યું છે.

"એવં કરંતિ" ગાથામાં શાસ્ત્રકારભગવાન હવે તે રહનેમિમુનિને પુરુષોત્તમ કહીને બિરદાવે છે. એનું કારણ એ છે કે કોઇપણ પાપ થઈ જવું તે બહુ મોટી વાત નથી પરંતુ તે પાપનું સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત કરવાની તાકાત મેળવવી એ ઘણા મોટા આશ્ચર્યની વાત છે. આ તાકાત સાથે રહનેમિજીએ પરમાત્મા શ્રીનેમનાથજી પાસે સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત કર્યું હતું માટે તેઓને પુરુષોત્તમ કહ્યા.

અને છેલ્લે....જેમને પોતાની જોરદાર લઘુકર્મિતાને કારણે નિર્મળ સંયમજીવન પ્રાપ્ત થયું હોય તેમણે તે સંયમજીવનને નિર્મળ સ્વરૂપમાંજ ટકાવી રાખવું હોય તો તેઓએ બાવન અનાચીર્ણ (નહિ સેવવા યોગ્ય) વસ્તુઓનો ત્યાગ કરી દેવો જોઇએ.

### અગિયારમી ગાથા

पक्खंदे जलियं जोइं, धूमकेउं दुरासयं ।
नेच्छति वंतयं भोत्तुं, कुले जाया अगंधणे ॥११॥

અર્થ: પેલા અગંધન કુળમાં ઉત્પન્ન થયેલો સાપ પશુ છતાં કેવો અભિમાની છે કે જેની જ્વાળાઓ જોરમાં ફેલાતી હોય તેવા અગ્નિમાં (ગારુડિકની આજ્ઞાથી) જંપલાવીને બળી મરવાને તૈયાર છે. પરંતુ કોઇને દંશ દેવા રૂપે

જે ઝેર પોતે વમી નાંખ્યું છે તેને પાછું ખાવા માટે ધરાર તૈયાર નથી. (તો સાધુએ જે સંસાર વમી નાંખ્યો છે તેને ચટાય તો નહિ જ, પરંતુ તેને ચાટવાની ઈચ્છામાત્ર પણ કેમ કરાય ?)

બારમી ગાથા

धिरत्थु तेऽजसो कामी, जो तं जीवियकारणा ।
वंतं इच्छसि आवेउं, से अं ते मरणं भवे ॥१२॥

અર્થ : હે અપયશના કામી ! રહનેમિમુનિ ! તમને ધિક્કાર હો ! ! ! કેમ કે તમે ભૌતિક જીવનને માટે વમેલા ભોગોને ચાટવા માટે તૈયાર થયા છો. અરે .... ! ખેર .... ! આનાથી તો બહેતર છે કે તમે મરી જાઓ.

તેરમી ગાથા

अहं च भोगरायस्स, तं च सि अंधग वण्हिणो ।
मा कूले गंधणा होमो संजमं निहुओ चर...॥१३॥

અર્થ : હું છું ભોગરાજ ઉગ્રસેનરાજાની પુત્રી ! અને તમે છો અંધકવૃષ્ણિ, સમુદ્રવિજય રાજાના પુત્ર ! આવા ઉત્તમ કુળમાં જન્મેલા આપણે વમેલું ચાટીને ગંધનકુળના નાગ જેવા તુચ્છ ન થઈએ (હોમો). અરે .... ! ઓ સાધુ .... તારી આ દુષ્ટ ઇચ્છાને ત્યજીને તું સ્થિર બનીને સંયમ જીવનને પાળ.

આ ગાથામાં ઉત્તમ કુળની ઈજ્જતનું ભાન કરાવીને રાજીમતિ સાધ્વી દ્વારા ધર્મરાજાએ મોહને મારવા માટેનું અંતિમ શસ્ત્ર ફેંક્યું છે.

### ચૌદમી ગાથા

जइ तं काहिसि भावं, जा जा दिच्छसि नारीओ।
वाया विध्धुव्व हडो, अट्ठिअप्पा भविस्ससि ॥१४॥

અર્થ : (ફરી રાજીમતિ કહે છે કે –) હે રહનેમિમુનિ ! જો તમે આ રાગભાવને સેવ્યા કરશો તો પછી જ્યારે જ્યારે નારીઓ જોશો ત્યારે ત્યારે પવનથી હચમચી ઉઠેલી (વાયા વિધ્ધુવ્વ) હડ નામની વનસ્પતિની જેમ સાવ અસ્થિર આત્મા બની જશો. (અર્થાત્ વાત વધુ આગળ ચાલી ગયા પછી તમને બચાવવાનું કામ અત્યંત મુશ્કેલ બની જશે.)

### પંદરમી ગાથા

तीसे सो वयणं सोच्चा, संजयाइ सुभासियं ।
अंकुसेण जहा नागो, धम्मे संपडिवाइओ ॥१५॥

અર્થ : સંયમવતી તે રાજીમતિના સુભાષિત વચનને સાંભળીને તે રહનેમિમુનિ ફરી પાછા સંયમધર્મમાં સ્થિર થઇ ગયા. જેમ અંકુશ વડે તોફાને ચઢેલો હાથી સ્થિર થઈ જાય તેમ.

### સોળમી ગાથા

एवं करंति संबुद्धा, पंडिया पविअक्खणा।
विणिअट्टंति भोगेसु, जहा से पुरिसुत्तमो त्ति बेमि ॥१६॥

અર્થ : જે મુનિઓ સમ્યગ્બુદ્ધિ ધરાવતા હશે, વળી શાસ્ત્રના જાણકાર હશે, એટલું જ નહિ પણ અત્યંત પાપભીરુ હશે તથા ચારિત્રના પાલનમાં વિચક્ષણ હશે તેઓ ભોગના કાદવમાં પડશે જ નહિ. અને જો કદાચ તે કાદવમાં

પડી જશે તો પુરુષોત્તમ એવા રહનેમિજીની જેમ ભોગ-કાદવથી પાછા હટી જઈને પ્રાયશ્ચિત્તના પાણીથી શુદ્ધ થઈને જ રહેશે.

જે મુનિને સંયમધર્મમાં આગળ વધવાનો નિત્ય ઉલ્લાસ થાય છે તે ઉત્તમ મુનિ છે,

જેને તેવો ઉલ્લાસ જાગતો નથી અને જે પ્રમાદી છે તે મધ્યમ મુનિ છે.

જેને દોષો સેવવાની વારંવાર ઇચ્છા થાય છે તે અધમ મુનિ છે. પરંતુ........

દોષો નહિ સેવવાની પ્રતિજ્ઞાઓ વારંવાર લઈને જે તોડયા કરે છે તે અધમાધમ મુન છે.

## સત્તરમી ગાથા

संजमे सुट्ठिअप्पाणं विप्पमुक्काण ताइणं ।
तेसिमेअमणाइन्नं, निग्गंथाणं महेसिणं ॥१७॥

અર્થ : જેઓના આત્મા સંયમમાં સુસ્થિર છે. જેઓ બાહ્ય અને અભ્યંતર પરિગ્રહથી મુક્ત છે. જેઓ ચારિત્રના પાલન દ્વારા સ્વપરના તારક (તાઇણ) છે. જેમને રાગદ્વેષની કોઇ ગાંઠ પડી નથી. તેવા મહર્ષિઓએ (મહેસીણું) હવે પછીની ગાથાઓમાં જણાવેલી ઔદેશિક વગેરે બાવન બાબતોનો પડછાયો પણ લેવો જોઇએ નહિ.

હવે સમજાશે કે આ સત્તર ગાથાનો પાઠ હમેશાં વાપરતા પહેલાં શા માટે કરવો જોઇએ.

# પાઠ ૩

# સંથારા પોરિસીસૂત્રનો અર્થ
# સાગાર અનશનની વિધિ

## ભૂમિકા

અનાદિકાળના કુસંસ્કારોનો નાશ એકાદ ભવની વિરતિની આરાધનાથી થઈ જવાનું કામ અત્યંત મુશ્કેલ છે. એટલે જો વારંવાર મનુષ્યજીવન મળતું રહે અને વચ્ચે વચ્ચે જે દેવગતિ મળે એ પણ પરમાત્મ–ભક્તિથી જો છલોછલ ઉભરાયેલી રહે તો દેવભવની ભક્તિ અને મનુષ્ય-ભવની વિરતિ દ્વારા થોડાક ભવોમાં તો આપણને પ્યારો મોક્ષ જરૂર પ્રાપ્ત થઈ જાય.

પરંતું કમનસીબી એ છે કે જીવનનો ઘણો મોટો ભાગ રાત્રિની ઊંઘમાં અને દિવસમાં પણ કેટલાક પ્રમાદમાં પસાર થઈ જાય છે. જો આવા સમયમાં જ આયુષ્યનો બંધ પડી જાય તો તે પ્રાયઃ દુર્ગતિનો જ પડવા સંભવ છે. જો આમ થાય તો મુશ્કેલીથી હાથમાં આવેલી વિરતિનું પરિણામ ખોઇ બેસવાનો સમય આવે.

આ માટે શાસ્ત્રકાર પરમર્ષિઓએ સૂર્યાસ્ત બાદ એક પ્રહર વીત્યા પછી સંથારા પોરિસી કરવાની વિધિ જણાવી છે. આ સૂત્રની પ્રત્યેક ગાથા ઉત્કૃષ્ટ ભાવોથી ભરેલી છે. જે

આત્મા ભાવપૂર્વક આ પોરિસી ભણાવે, તેના પ્રત્યેક અર્થને સારી રીતે વિચારતો જાય અને તે જ રાત્રિએ જો આયુષ્યનો બંધ તેને પડી જાય તો તે નિશ્ચિત સદ્ગતિનો જ બંધ હોય.

આ સંથારા પોરિસીમાં કયો ઉત્કૃષ્ટ પદાર્થ પીરસવામાં નથી આવ્યો ? તે જ સવાલ છે. જેમાં ગુરુઓ પ્રત્યે અત્યંત આદરભાવ છે. અરિહંત ભગવંતો વગેરેનું શરણું છે. તમામ પાપોની નિંદા-ગર્હા છે. સમ્યકત્વની પ્રતિજ્ઞા છે. શરીર અને આત્માનું ભેદજ્ઞાન છે. સર્વ જીવો સાથે ક્ષમાપના છે. અને છેલ્લે માત્ર એક ગાથામાં આખા ભવનાં સર્વ પાપોનું માનસિક-વાચિક અને કાયિક મિચ્છામિ-દુક્કડં દઈને પોતાના મલિન આત્માને ફરીથી નિર્મળ બનાવવાની પ્રક્રિયા મૂકવામાં આવી છે.

જેમ મુહપત્તિ અને શરીર અંગેના પચાસ બોલમાં સમગ્ર જૈન તત્ત્વજ્ઞાન સમાયું છે તેમ આ સંથારાપોરિસીમાં આત્માના નિર્મલીકરણની સંપૂર્ણ પ્રક્રિયા સમાવાઈ છે.

આ પ્રક્રિયામાં પ્રવેશ કરતો આત્મા સૌ પ્રથમ સર્વ-પાપવ્યાપારોથી પોતાનો ત્યાગ જાહેર કરીને પોતાની સૌથી નજીકમાં રહેલા અત્યંત ઉપકારી ગૌતમસ્વામી આદિ યાવત્ પોતાના ગુરુદેવ સ્વરૂપ સમસ્ત મહામુનિઓને નમસ્કાર કરે છે. આના દ્વારા એ સૂચિત કરાયું છે કે ધર્મમાં પ્રવેશ કરવા માટે કૃતજ્ઞતા-ગુણ વિના લાયકાત પ્રાપ્ત થતી નથી.

**નિસીહિ નિસીહિ નિસીહિ નમો ખમાસમણાણં**
**ગોયમાઇણં મહામુણીણં**

**અર્થ :** સર્વ પાપવ્યાપારનો હું ત્યાગ કરું છું. હું ત્યાગ કરું છું. હું ત્યાગ કરું છું. હે અસીમ ઉપકારી ગૌતમ આદિ ક્ષમાશ્રમણ મહામુનિઓ ! આપને સૌને મારી કોટિ કોટિ વંદના.

## પહેલી ગાથાની ભૂમિકા

જૈન શાસન આજ્ઞાપ્રધાન છે. એટલું જ નહિ પણ આજ્ઞામય છે. આથી જ જૈનશબ્દને શાસનશબ્દ લગાવ્યો છે. શાસન એટલે જ આજ્ઞા. કોઇપણ વસ્તુ દેવ કે ગુરુની આજ્ઞા વિના ન જ કરી શકાય. આથી આત્માના નિર્મલીકરણની પ્રક્રિયામાં પ્રવેશ કરતા પહેલાં આરાધક આત્મા ગુરુભગવંતોની આજ્ઞા માંગે છે.

> **अणुजाणह जिट्ठज्जा ! अणुजाणह परमगुरू !**
> **गुरूगुणरयणेहिं मंडियसरीरा ! बहुपडिपुन्नापोरिसी**
> **राइय संथारए ठामि ? ॥१॥**

**અર્થ :** હે....પૂજનીય વડીલ (જિટ્ઠજ્જા)મુનિભગવંતો ! મને આજ્ઞા આપો, હે મહાન ગુણોરૂપી રત્નો વડે સુંદર બનેલા શરીરવાળા પરમ ગુરુઓ ! આપ મને આજ્ઞા આપો.

રાત્રિનો પ્રથમ પ્રહર સંપૂર્ણ પૂરો થયો છે. માટે હું રાત્રિનો સંથારો કરવાની તૈયારી કરું.

## બીજી અને ત્રીજી ગાથાની ભૂમિકા

એવી પદ્ધતિએ વિરતિધરે સૂવું જોઇએ કે જેથી જીવરક્ષા થઈ શકે અને ગાઢ નિદ્રારૂપી પ્રમાદ સેવાઇ ન જાય તે પદ્ધતિ હવે બતાવાય છે.

> अणुजाणह संथारं, बाहु वहाणेण वाम पासेणं ।
> कुक्कुडिपायपसारण, अतरंत पमज्जए भूमिं ॥२॥
> संकोइअ संडासा, उव्वट्टंते अ कायपडिलेहा ।
> दव्वाइ उवओगं उसासनिरूंभणा लोअे ॥३॥

અર્થ : હે ગુરુદેવો ! મને સંથારો કરવાની આજ્ઞા આપો. હાથને ઓશીકું બનાવીને, ડાબા પડખે અને કૂકડીની જેમ પગ પ્રસારીને સૂવું જોઇએ. જેની શક્તિ તે રીતે પગ રાખવાની ન હોય (અતરંત) તે જમીનને પૂંજીને પગ લાંબા પણ રાખી શકે.

ઢીંચણો (સંડાસા) સંકોચીને સૂવું અને પાસું ફેરવતી વખતે શરીરનું પડિલેહણ કરવું. જ્યારે જાગી જવાનું અને ત્યારે દ્રવ્યનો (હું કોણ છું ? સાધુ કે ગૃહસ્થ ?) ક્ષેત્રનો (ક્ષેત્રથી હું ક્યાં છું ?) કાળનો (હાલ રાત્રિ છે કે દિવસ ?) અને ભાવનો (મને કોઇ લઘુશંકા વગેરે કરવાનો ભાવ છે કે કેમ ?) ઉપયોગ વિચારે. (દવ્વાઇ ઉવઓગં = દ્રવ્યાદિનો ઉપયોગ વિચારે) અને શ્વાસોચ્છવાસને રુંધીને, ઊંઘ ઉડાડીને આસપાસ બરાબર જુએ. (અને પછી લઘુશંકા વગેરે ટાળે, ત્યાર બાદ ઇરિયાવહી પડિક્કમીને ઓછામાં ઓછા ત્રણ ગાથાનો સ્વાધ્યાય કરીને સૂઇ જાય. [જો તે સમય

મધ્યરાત્રિ જેવો હોય તો.] હે ગુરુદેવો ! શાસ્ત્રમાં જણાવેલી આ વિધિ મુજબ હું સંથારો કરવા માગું છું. માટે મને આપ આજ્ઞા આપો.

### ચોથી ગાથાની ભૂમિકા

અહીં સુધી સૂવા અંગેની વિધિ અને તે અંગેની આજ્ઞા પ્રાપ્ત થઈ. હવેની ગાથામાં સઘળું ત્રિવિધે વોસિરાવવાનો મનનો દૃઢ સંકલ્પ આરાધક આત્મા કરે છે.

जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्सिमाइ रयणीअे ।
आहारमुवहिदेहं, सव्वं तिविहेण वोसिरिअं ॥४॥

અર્થ : જો આજની રાત્રિને વિષે આ દેહનું મરણ (પમાઓ = પ્રમાદ = મરણ) થઈ જાય તો હું ચારે પ્રકારના આહારનો, સર્વ ઉપકરણોનો અને શરીરનો મન-વચન-કાયાથી ત્યાગ કરી દઉં છું.

### પાંચમી-છઠ્ઠી અને સાતમી ગાથાની ભૂમિકા

આ જગતની અંદર કોઈ પણ સારું કામ કરવા પૂર્વે જૈનો પોતાના ઉત્કૃષ્ટ ઉપકારી અરિહંતાદિ ચારને કૃતજ્ઞભાવે યાદ કરીને જ રહે. આ જગતમાં અરિહંત-સિદ્ધ-સાધુ અને કેવલીએ કહેલ ધર્મ એ ચાર જ મંગલભૂત છે. કેમકે એ ચાર જ આ લોકોની અંદર ઉત્તમ છે અને તેથી જ એ ચારના શરણને જ સ્વીકારવું જોઈએ. લોકમાં ઉત્તમ હોઈને જે મંગળભૂત છે એવા શરણ્યભૂતનું શરણ લીધા પછી આપણી બધી ચિંતા એમના શિરે જાય છે. આપણે સાવ હલકા ફૂલ બની જઈએ છીએ. આમ આ ત્રણ

ગાથા દ્વારા મનને પણ સાવ ફોરું કરી દઈને માત્ર સંથારામાં સુવાનું નથી પરંતુ અરિહંતાદિ ચાર માતાઓના ખોળામાં જ સૂઇ જવાનું છે. પછી આવા આરાધક બાળકને કોઈ દુર્ગતિનો કે મોહરાજાનો ભય કયાંથી રહે !!!

મંગલ તે છે જે મને (मां) એટલે કે મારા વાસના સ્વરૂપને ગાળી નાંખે (गल) અરિહંતાદિ ચાર તેને જ મંગલરૂપ બને, જેના રોમરોમમાંથી "મને ગાળી નાંખો, મને ગાળી નાંખો" એવી ચીસો નીકળ્યા કરે છે. જેને ગળવું જ નથી તેને અરિહંતાદિ પણ ગાળી શકતા નથી. અર્થાત્ તેના માટે તેઓ મંગલ બની શકતા નથી.

चत्तारि मंगलं-अरिहंता मंगलं, सिद्धा मंगलं ।
साहू मंगलं, केवलि पन्नत्तो धम्मो मंगलं ॥५॥
चत्तारि लोगुत्तमा अरिहंता लोगुत्तमा, सिद्धा लोगुत्तमा।
साहू लोगुत्तमा केवलि पन्नत्तो धम्मो लोगुत्तमो ॥६॥
चत्तारि सरणं पवज्जामि, अरिहंते सरणं पवज्जामि,
सिद्धे सरणं पवज्जामि, साहू सरणं पवज्जामि,
केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि ॥७॥

અર્થ :

હે....અરિહંત ભગવંતો ! આપ મારા માટે મંગલભૂત થાઓ.
હે....સિદ્ધ ભગવંતો ! ,, ,, ,, ,, ,,
હે....સાધુ ભગવંતો ! ,, ,, ,, ,, ,,
હે કેવલી પ્રજ્ઞપ્તધર્મ (શાસન) માતા ! તું મારા માટે મંગલભૂત થા.

[અહીં ધર્મ શબ્દથી શ્રુત અને ચારિત્રધર્મ પણ લઇ લેવો.] કેમકે...

હે અરિહંત ભગવંતો ! લોકમાં આપ જ ઉત્તમ છો.
હે સિદ્ધ ભગવંતો ! ,, ,, ,, ,,
હે સાધુ ભગવંતો ! ,, ,, ,, ,,
હે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મમાતા ! લોકમાં તું જ ઉત્તમ છે.

આથી જ...
હે અરિહંત ભગવંતો ! હું આપના શરણે આવું છું.
હે સિદ્ધ ભગવંતો ! ,, ,, ,, ,, ,,
હે સાધુ ભગવંતો ! ,, ,, ,, ,, ,,
હે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મમાતા ! હું તારા ,, ,, ,,

## આઠમી-નવમી અને દશમી ગાથાની ભૂમિકા

આ જગતમાં સત્તર પાપ છે. એ બધાં પાપનો બાપ અઢારમું પાપ-મિથ્યાત્વશલ્ય નામનું હોવાથી કુલ અઢાર પાપ છે.

પાપો અઢાર હોવા છતાં તેમના કરતાં બમણી તાકાત પુણ્યની હોવાથી પુણ્યના પ્રકાર નવ જ છે. આથી નવ પુણ્યો અઢાર પાપોને મારી હઠાવી શકે છે. પરંતુ પાપોની એ તાકાત તોડવા માટે બીજી બાજુથી તેમના પ્રત્યે ધિક્કારની અગનવર્ષા કરવી અત્યંત જરૂરી છે. તે માટે આ ત્રણે ગાથામાં તે અઢાર પાપોનાં નામ લઇને તેમનો બહિષ્કાર કરવાનું આરાધક આત્મા પોતાના આત્માને સૂચન કરે છે.

पाणाइवायमलिअं, चोरिक्क मेहुणं दविणमुच्छं ।
कोहं-माणं - मायं - लोभं पिज्जं तहा दोसं ॥८॥
कलहं अब्भक्खाणं, पैसुन्नं रइ - अरइ - समाउत्तं ।
परपरिवायं माया मोसं मिच्छत्तसल्लं च ॥९॥
वोसिरिसु इमाइं, मुक्खमग्गसंसग्ग विग्घ भुआइं ।
दुग्गइ निबंधणाइं, अट्ठारस पावठाणाइं ॥१०॥

**અર્થ** : પ્રાણાતિપાત- મૃષાવાદ- ચોરી-મૈથુન ધનાદિની મૂર્ચ્છા (દવિણમુચ્છં) ક્રોધ-માન-માયા-લોભ-રાગ (પિજ્જં = પ્રેમ) દ્વેષ-કલહ-બીજા ઉપર આળ ચઢાવવું (અભ્યાખ્યાન) ચાડીચૂગલી કરવી (પૈશુન્ય) રતિ-અરતિથી યુક્ત બે દોષો (સમાઉત્તં) પરપરિવાદ (નિંદા) માયામૃષાવાદ (માયાપૂર્વકનું જુઠાણું) અને મિથ્યાત્વશલ્ય.

હે આત્મન્! જે મોક્ષમાર્ગનો તું સંસર્ગ કરવા માંગે છે તેમાં વિઘ્નભૂત આ અઢાર પાપસ્થાનો છે. માટે હે આત્મન્! તું તેનો (હમણાં જ) ત્યાગ કરી દે.

## અગિયારમી-બારમી અને તેરમી ગાથાની ભૂમિકા

આ જગતમાં પરિભ્રમણ કરતા જીવે અન્ય જીવો સાથે સંબંધો બાંધ્યા તેથી જ તેનામાં રાગ-દ્વેષ ઉત્પન્ન થયા. અને તે રાગ-દ્વેષે કર્મબંધ કરાવીને અતિભયાનક સંસાર પરિભ્રમણ કરાવ્યું. જ્યાં સુધી જીવ અન્ય જીવો સાથેના સ્નેહાદિજનિત સંબંધોને તોડે નહિ. એ સંબંધોને દઢપણે તોડવા જેવા માને નહિ ત્યાં સુધી તે જીવ કદી સમાધિભાવ પામી શકે નહિ. જે આત્મા હવે સર્વ પ્રકારના

સંસારને મનમાંથી બહાર ફેંકી દેવા માંગે છે અને મનમાં અરિહંતાદિને જ પ્રતિષ્ઠિત કરવા ઇચ્છે છે તેણે સૌ પ્રથમ અન્ય જીવો સાથેના અશુભ સંબંધોને હેય (છોડવા જેવા) માન્યે જ છૂટકો છે. અને પોતે એવા સર્વ સંબંધો વિનાનો એકલો થઈ ગયો છે તે વાત સ્વીકારવી જોઇએ.

જેટલો જરૂરી છે સર્વ જીવો સાથે અનાસક્ત ભાવોનો સંબંધ એટલો જ જરૂરી છે સર્વ જીવો સાથે આસક્ત ભાવના સંબંધનો ત્યાગ. આમ જીવ માત્રથી સાવ જુદા પડી જઇને તરત જ જીવમાત્ર સાથે એકરસ થઇ જવાની આરાધના કરવાની છે. જીવો સાથે થયેલી ખોટી એકતા તોડીને સાચી એકતા સાધવી તે સર્વ આરાધનાઓનો પાયો છે." એગોડહં નત્થિ" વગેરે ત્રણ ગાથા દ્વારા રાગ–દ્વેષને પેદા કરતી ખોટી એકતા તોડવા માટેની વિચારણા રજૂ કરવામાં આવી છે.

एगोऽहं नत्थि मे कोई, नाहमन्नस्स कस्सई ।
एवं अदीणमणसो, अप्पाणमणुसासई ॥११॥

एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ ।
सेसा मे बाहिराभावा, सव्वे संजोग लक्खणा । ॥१२॥

संजोगमूला जीवेण, पत्ता दुक्खपरंपरा ।
तम्हा संजोगसंबंधं, सव्वं तिविहेणं वोसिरिअं ॥१३॥

અર્થ: આ જગતમાં હું એકલો છું. મારું કોઇ નથી. તેમ હું પણ અન્ય કોઈનો નથી. આ પ્રમાણે અદીન મન-

વાળો (સાવધાન ચિત્તવાળો) આત્મા પોતાના આત્માને શિખામણ આપે.

અરે ! મારો આત્મા સાવ એકલો તો છે જ, પરંતુ તે શાશ્વત છે, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્દર્શનથી યુક્ત છે. આ સિવાયના [પિતા- પુત્ર- ગુરુ- શિષ્ય- રાજા- રંક વગેરે ....) જે મારા ભાવો (સ્વરૂપો) છે તે તમામ બાહ્ય ભાવો છે. તે સર્વ ભાવો જુદા જુદા કર્મના સંયોગથી પેદા થયેલા બાહ્ય સ્વરૂપો છે. મારે અને તેમને શી નિસ્બત ? અરે ? આ સંયોગો પામીને જ મારા જીવે સઘળી દુઃખોની પરંપરાઓ પ્રાપ્ત કરી છે, માટે તે તમામ ધન-કુટુંબ વગેરે સંયોગોને હું આ ક્ષણે ત્રિવિધે-ત્રિવિધે ત્યાગું છું.

## ચૌદમી ગાથાની ભૂમિકા

જ્યારે એક આત્મા પોતાના પિતા-પુત્ર વગેરે સ્વરૂપ બાહ્ય ભાવોના નકલીપણાને જાણી લઈને મનથી તેમને ઉતારી નાંખે છે તે આત્માને પોતાના અસલી સ્વરૂપનું દર્શન થાય છે અને તે અસલી સ્વરૂપ પ્રગટ કરવાની તીવ્ર ઝંખના જાગે છે. આ અસલી સ્વરૂપને પ્રગટ કરી આપનાર તરીકે તેને ત્રણ જ તત્ત્વો દેખાય છે –

અરિહંતાદિ દેવ ....
સુસાધુરૂપી ગુરુ .... અને
કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ.

આમ તે આત્મામાં સહજ રીતે આ ત્રણ તત્ત્વોની ભક્તિ, પ્રીતિ અને બહુમાનરૂપ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

આવા પ્રાપ્ત થયેલા સમ્યગ્દર્શનને તે આત્મા યાવજ્જીવ રક્ષે છે અને પ્રાણના સાટે પણ તેનું જતન કરે છે.

अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो ।
जिणपन्नत्तं तत्तं, इअ सम्मत्तं मए गहिअं ॥१४॥

અર્થ : અરિહંત પરમાત્મા મારા દેવ છે. સુસાધુઓ મારા ગુરુ છે. જિનેશ્વર દેવોએ જે કંઇ કહ્યું છે તે જ તત્ત્વ છે. આવું સમ્યક્ત્વ મેં યાવજજીવ માટે ગ્રહણ કર્યું છે.

પંદરમી અને સોળમી ગાથાની ભૂમિકા

પણ આટલું કરવાથી શુદ્ધિ અને સિદ્ધિ મળી શકતી નથી. કેમકે અહીં હજુ એક કડી ખૂટે છે. બધા જીવો સાથેના કર્મજનીત સંબંધોને ભલે તોડી નાંખ્યા પરંતુ મોક્ષ તો બધા જીવો સાથેની એકતાથી પ્રાપ્ત થાય છે. જેની સાથે તોડયું તેની સાથે જોડાવું પણ પડશે જ. જીવમાત્ર સાથેનું જોડાણ કરવું હોય તો તેમની સાથે ક્ષમ પના કરવી જ રહી. આ ક્ષમાપના પણ અત્યંત હાર્દિક હોવી જોઇએ અને સિદ્ધ ભગવંતોની સાક્ષીએ થવી જોઇએ. વળી જીવ પોતે પોતાના અપરાધોની બીજા પાસે ક્ષમા માંગે એટલું જ બસ નથી પરંતુ બીજા જીવોએ પણ તે જીવને ક્ષમા આપવી જોઇએ. જો તેમ થાય તો આરાધનાનો ઉલ્લાસ ખૂબ જ વધી જાય.

खमिअ खमाविअ मइ खमह, सव्वह, जीवनिकाय ।
सिद्धह साख आलोयणह, मुज्झह वइर न भाव ॥१५॥
सव्वे जीवा कम्मवस, चउदह राज भमंत ।
ते मे सव्व खमाविआ, मुजझवि तेह खमंत ॥१६॥

અર્થ : મારા પ્રત્યે જે જે જીવોએ જે કંઇ અપરાધો કર્યા હોય તે તમામ અપરાધોની તેઓ મારી પાસે ક્ષમા ન માંગે તો પણ હું તેમને ક્ષમા આપું છું (ખમિઅ).

મેં જે કંઇ અપરાધો જે તે જીવો પ્રત્યે કર્યા હોય તે મારા તમામ અપરાધોની હું તેમની પાસે ક્ષમા માંગુ છું (ખમાવિઅ)

અને એવી અપેક્ષા રાખું છું કે મારા તે સઘળા અપરાધો બદલ તેઓ મને ઉદાર હૈયે ક્ષમા આપે (મઇખમહ).

સર્વ જીવનિકાય સાથે મારે કોઇ પ્રકારનો વૈરભાવ હવે નથી. આ વાત (આલોચન) હું સિદ્ધ ભગવંતોની સાક્ષીએ કરું છું.

ચૌદ રાજલોકની અંદર ભમતા સર્વ જીવો બિચારા કર્મવશ છે. (માટે મને તેમનો કોઇ અપરાધ દેખાતો નથી.) તે સર્વેની મેં ક્ષમા માંગી છે અને તેઓ મને ક્ષમા આપે.

## સત્તરમી ગાથાની ભૂમિકા

"અરિહંતો મહદેવો" ગાથા દ્વારા આપણે સત્ પદાર્થોને "વંદામિ" કર્યું. અને "ખમિઅ ખમાવિઅ" ગાથા દ્વારા આપણે જીવોને ખામેમિ કર્યું પરંતુ હજુ પરમાત્મા અને પરમાત્મા સિવાય જે સ્વાત્મા બાકી રહ્યો છે. તેને "મિચ્છામિ" કરવાનું છે. જગતના કોઇ પણ બીજાઓ પ્રત્યે ક્રોધાદિ કરીને કે મારપીટ કરીને આપણે જે ત્રાસ ગુજાર્યો છે તેનાથી અનંતગણો ત્રાસ પાંચ ઇન્દ્રિયના

વિષયોમાં કારમી આસક્તિઓ કરીને સ્વાત્માને અનંતીવાર દુર્ગતિઓમાં ધકેલવા દ્વારા ગુજાર્યો છે. માટે :"જં જં મણેણ" ગાથા દ્વારા મન-વચન અને કાયાથી જે કાંઈ પાપો કર્યાં હોય તે સર્વનું "મિચ્છામિ દુક્કડમ્" કરવામાં આવ્યું છે. "મિચ્છામિ દુક્કડમ્" એટલે "મિથ્યા થાવ મારૂં દુષ્કૃત."

આવું હાર્દિક "મિચ્છામિ દુક્કડમ્" જે કરે તેનું કર્મ ફળ આપવામાં પ્રાયઃ નિષ્ફળ જાય. આ છેલ્લી ગાથા પાંચે પ્રતિક્રમણના સારરૂપ છે. જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા જીવને સંક્ષિપ્તતમ પ્રતિક્રમણ કરાવવું હોય તો માત્ર "જં જં મણેણ" ગાથા દ્વારા કરાવી શકાય. આ રીતે ભાવપૂર્વક જે જે સંથારાપોરિસી ભણાવે તે આત્માને તે રાત્રિએ જો આયુષ્ય કર્મનો બંધ પડે તો પ્રાયઃ સદ્-ગતિનો જ બંધ પડે.

जं जं मणेण बद्धं, जं जं वाएण भासिअं पावं ।
जं जं काएण कयं, मिच्छामि दुक्कडं तस्स ॥१७॥

અર્થ :

હે ભગવંત ! મારા વડે મનથી જે જે પાપ બંધાયું હોય....મારા વડે સાવદ્ય પાપકારી ભાષા બોલવા દ્વારા અને ઉચિત સમયે નિરવદ્યભાષા ન બોલવા દ્વારા વાણીથી જે જે પાપ સેવાયું હોય.....

નિષિદ્ધ વસ્તુઓનુ કાયાથી આચરણ કરવા દ્વારા અને શાસ્ત્રવિહિત વસ્તુઓનું છતી શક્તિએ કાયાથી

આચરણ ન કરવારૂપ મારાથી જે કાંઇ પાપ બંધાયું હોય તમામ મનના-વચનના અને કાયાનાં પાપો મિથ્યા થાઓ. અર્થાત્ ફળ આપવામાં તે બધાં પાપો નિષ્ફળ જાઓ.

## પહેલો આલાવો

### નિદ્રા સંબંધી દોષોનો

ઇચ્છામિ પડિક્કમિઉં=હે ભગવંત, હું પ્રતિક્રમણ કરું છું.
પગામસિજ્જાએ=પ્રકામશય્યા એટલે ખૂબ શયન કરતાં (ઊંઘતાં)
નિગામસિજ્જાએ=વારંવાર શયન કરતાં

જેમ શય્યાનો અર્થ ઊંઘવું થાય છે, તેમ શય્યાનો અર્થ સંથારો વગેરે પણ થાય છે. આ અર્થ લઇએ તો પગામસિજ્જાએ એટલે એકથી વધુ સંથારા વાપરવા. નિગામસિજ્જાએ એટલે તે વધુ સંખ્યાના સંથારા રોજ વાપરવા.

### તેવી શય્યા કરવામાં

સંથારા ઉવટ્ટણાએ=સંથારામાં પડખું ફેરવતાં,
પારઅટ્ટણાએ=ફરીથી પડખું ફેરવીને મૂળ સ્થાને આવતાં,
આઉંટણાએ = શરીરના અંગોને સંકોચતાં,
પસારણાએ = સંકોચેલાં અંગોને લાંબાંપહોળાં કરતાં,
છપ્પઇય સંઘટ્ટણાએ = જૂ વગેરે જીવોનો સંઘટ્ટો (કિલામણા) કરતાં,
કૂઇએ = ખાંસી આવતાં,
કક્કરાઇએ = જમીન ઊંચીનીચી હોવાના કારણે અથવા સખ્ત ગરમીઆદિ હોવાના કારણે બબડતાં,

**છીએ જંભાઇએ** = છીંક ખાતાં, બગાસું ખાતાં,
**આમોસે** = આસપાસની વસ્તુને અડી જતાં.
**સસરક્ખામોસે** = પૃથ્વી આદિ સચિત્ત રજવાળી વસ્તુને સ્પર્શ કરતાં,
**આઉલ માઉલ્લાએ** = કેટલીક બાબતોની આકુળ-વ્યાકુળતાથી,
**સોઅણું વત્તિઆએ** = આવેલાં સ્વપ્નોમાં લાગેલા દોષો સેવતાં,

સ્વપ્નમાં સ્ત્રી આદિ સંબંધમાં આકુળવ્યાકુળતા થાય તો તે ઇત્થીવિપ્પરિઆસિઆએ કહેવાય. સ્વપ્નમાં સ્ત્રીના રૂપને જોવાની આકુળ-વ્યાકુળતાથી જે દોષ ઉત્પન્ન થાય તે દિટ્ઠીવિપ્પરિઆસિઆએ કહેવાય. મનમાં સ્ત્રી અંગેની આકુળવ્યાકુળતા સ્વપ્નમાં થાય તો તે મણવિપ્પરિ-આસિઆએ કહેવાય. અને સ્વપ્નમાં ખાવા-પીવાની આકુળ-વ્યાકુળતા થાય તો પાણભોઅણ વિપ્પરિઆસિઆએ કહેવાય. આમ આઉલમાઉલાએ સોઅણુવત્તિઆએ શબ્દનો વિસ્તાર ઇત્થીવિપ્પરિઆસિઆએ વગેરે ચાર શબ્દોથી કહ્યો.

**જો મે દેવસિઓ (રાઇઓ) અઇઆરો કઓ તસ્સ મિચ્છામિ દુક્કડમ્**—ઉપરની ક્રિયાઓ કરતાં નહિ પૂંજવા વગેરેનો કે મુહપત્તિનો ઉપયોગ નહિ રાખવાનો જે કોઇ અતિચાર મારા વડે સેવાયો હોય તેનું મિથ્યા દુષ્કૃત કરું છું.

જેમ સાધુ રાત્રે સૂઈ જાય છે તેમ વિહાર વગેરેના કારણે દિવસે પણ અપવાદે સૂઈ શકે છે. એટલે બંને

વખતની ગાઢ કે વારંવારની શય્યાઓમાં ઉપરના દોષો લાગી શકે છે. આથી જ સાંજના પ્રતિક્રમણમાં આ પાઠ બોલવાનો હોય છે. કોઈ સાધુ દિવસે ન ઊંઘ્યો હોય તો પણ તેણે સાંજના પ્રતિક્રમણમાં આ પાઠ બોલવો કેમ કે પાઠ અખંડિત રાખવાનો હોય છે.

જેમ ગૃહસ્થને ઉક્ખિત્તવિવેગેણં તથા પારિટ્ઠાવણિયાગારેણં વગેરે આગારો નથી છતાં તેમને અપાતા પચ્ચક્ખાણમાં આ પાઠ બોલાય જ છે.

## બીજો આલાવો

### ગોચરી સંબંધી દોષોનો

પડિક્કમામિ ગોઅરચારિઆએ ગોચરીરૂપ ભિક્ષાચર્યામાં લાગેલા

ભિક્ખાયરિઆએ = દોષોનું પ્રતિક્રમણ કરું છું.

ઉગ્ઘાડ-કવાડ-ઉગ્ઘાડણાએ = સામાન્ય બંધ કરેલાં દ્વાર વગેરેને ઉઘાડવા.

સાણા-વચ્છા-દારા-સંઘટ્ટણાએ = કૂતરી-વાછડી કે નાની બાળકીનો સંઘટ્ટો થવો.

મંડી-પાહુડિઆએ = મંડા એટલે એક પ્રકારનું ભાજન અને પાહુડિયા એટલે ભાત-પાણી.

કોઈ ભાજનમાં વહોરાવવા માટેની વસ્તુનો ઉપરનો ભાગ કાઢી નાંખીને નીચેનો ભાગ વહોરાવવો તે દોષ છે. આમાં ઉપરનો ભાગ બીજા ભાજનમાં કાઢવો તેમાં સાધુ નિમિત્ત બન્યા માટે તે દોષ છે.

બલિ-પાહુડિઆએ = અન્ય ધર્મીઓ, દિગ્પાલો, ક્ષેત્રપાલો વગેરેને આપવા માટે આકાશમાં જે ધાન્ય ઉડાડે છે તેને બલિ કહેવામાં આવે છે. અતિથિને આપતા પહેલાં અન્ય ધર્મી લોકો આ ક્રિયા કરતા હોય છે. જ્યારે જૈન સાધુ ભિક્ષા વહોરે તે વખતે તેને વહોરાવતા પહેલાં જો આ રીતે બલિ દેવામાં આવે તો જૈન સાધુથી તે ભિક્ષા વહોરાય નહિ.

ઠવણા-પાહુડિઆએ = ઠવણા એટલે સ્થાપના. અન્ય ધર્મીઓના સંન્યાસીઓ માટે કે જૈન સાધુ માટે જુદું કાઢીને રાખી મૂકવું તે સ્થાપનાદોષ કહેવાય. તે દોષવાળાં ભાત-પાણી વહોરાય નહિ. જો અન્ય ધર્મી માટે જુદું રાખેલું વહોરી લેવામાં આવે તો સંન્યાસી વગેરેને જૈન સાધુ પ્રત્યે અપ્રીતિ થાય.

સંકિએ = શંકિત દોષોવાળી વસ્તુ લેતાં.

સહસાગારિએ = સહસાગાર એટલે ઉતાવળે આધાકર્મી વગેરે અકલ્પ્ય વસ્તુ લેવી. ત્યાર પછી જો તેને પરઠવવામાં ન આવે તો તે દોષ લાગે છે.

અણેસણાએ = ગોચરી અંગેની એષણા સમિતિમાં પ્રમાદ કરવાથી દોષ લાગે.

પાણભોઅણાએ = પ્રાણ એટલે જીવો. જે દહીં–ભાત–સડેલાં કેળાં–જૂની ખારેક વગેરેમાં હોઈ શકે છે. તેવી વસ્તુઓનું ભોજન કરવું તે "પાણભોઅણાએ" કહેવાય.

બીઅભોઅણાએ તલપાપડીમાં રહી ગયેલા કાચાતલ વગેરે.

હરિઅભોઅણાએ = અથવા કોઈ વસ્તુમાં આવી ગયેલા વનસ્પતિના અંકુરાનું જો ભોજન થઈ જાય તો આ દોષ લાગે.

પચ્છેકમ્મિઆએ પશ્ચાતકર્મ કે પૂર્વકર્મવાળી વસ્તુ
પુરેકમ્મિઆએ = વાપરવી તે.

અદિટ્ઠહડાએ = વહોરાવનારના હાથે ભિક્ષાની વસ્તુ દેતી વખતે લાવતા મૂકતાં જયણા ન રખાય તે.

દગસંસટ્ઠહડાએ પાણીનો સંઘટ્ટો કરીને લાવેલી વસ્તુ
રયસંસટ્ઠહડાએ = વહોરાવે અને સચિત્તરજનો સંઘટ્ટો કરીને લાવેલી વસ્તુ વહોરાવે. અહીં 'સંસટ્ઠ' એટલે સંઘટ્ટો અર્થ કરવો.

પારિસાડણિઆએ = એટલે વેરવું. દેવાની વસ્તુને જમીન પર વેરતા વેરતા વહોરાવે.

**પારિટ્ઠાવણિઆએ** = જે ભાજનથી સાધુને કોઇ દ્રવ્ય વહોરાવવાનું હોય તે ભાજનમાં બીજું કોઈ દ્રવ્ય પડેલ હોય તો તે દ્રવ્ય કોઈ બીજા ભાજનમાં નાંખીને તે ખાલી કરેલા ભાજન દ્વારા સાધુને વસ્તુ વહોરાવે તે.

**ઓહાસણભિક્ખાએ** = ઓહાસણ એટલે અવભાષણ-અર્થાત્ વસ્તુ માંગવા માટે બોલવું તે. આવી માંગીને મેળવેલી ભિક્ષાને આ દોષ-વાળી ભિક્ષા કહેવાય.

હવે આવા તો કેટલા દોષ ગણાવવા ? માટે બધા દોષોને એકી સાથે કહે છે કે—

**જં ઉગ્ગમેણં ઉપ્પાયણેસણાએ** = જે કાંઈ ઉદ્‌ગમ્-ઉત્પાદ અને એષણા અંગેના બેતાલીસ [૧૬+૧૬+૧૦=૪૨] દોષમાંના કોઈ પણ દોષથી.

**અપરિસુદ્ધં** = દોષિત

**પરિગ્ગહિઅં** = ગ્રહણ કર્યું, તથા

**પરિભુત્તં વા જં ન પરિટ્ઠવિઅં** = દોષિત લીધા પછી વાપર્યું પણ પરઠવ્યું નહિ.

**તસ્સ મિચ્છા મિ દુક્કડં** = તેનું મિથ્યા દુષ્કૃત થાઓ.

# ત્રીજો આલાવો

## સામાન્યતઃ અનેક દોષોનો

પડિ૦ ચાઉક્કાલં સજ્ઝાયસ્સ અકરણયાએ = દિવસ અને રાત્રિનો પહેલો અને છેલ્લો પહોર તે સ્વાધ્યાયનો સમય છે. આ ચાર પ્રહરના કાળમાં તે ન કરવાથી દોષ લાગે.

ઉભઓકાલં ભંડોવગરણસ્સ અપ્પડિલેહણાએ દુપ્પડિલેહણાએ અપ્પમજ્જણાએ દુપ્પમજ્જણાએ = ઉભયકાલ પાત્રા અને વસ્ત્રો વગેરેનું પડિલેહણ નહિ કરવું તે, 'અપ્પડિલેહણાએ' કહેવાય, અને જેમ તેમ પડિલેહણ કરવું તે 'દુપ્પડિલેહણાએ' કહેવાય, અને તે વખતે જગ્યા વગેરેનું રજોહરણથી બિલકુલ પ્રમાર્જન ન કરવું તે 'અપ્પમજ્જણાએ' કહેવાય, અને જેમ તેમ પ્રમાર્જન કરવું તે 'દુપ્પમજ્જણાએ' કહેવાય.

અઇક્કમે-વઇક્કમે-અઇઆરે-અણાયારે જો મે દેવસિઓ અઇઆરો કઓ, તસ્સ મિચ્છા. = આખા દિવસ કે રાત્રિના સમય દરમ્યાન કોઇ પણ દોષ અતિક્રમ–વ્યતિક્રમ–અતિચાર કે અનાચાર સ્વરૂપ લાગ્યો હોય તો તે દુષ્કૃત મિથ્યા થાવ.

૧. **અતિક્રમ** = આધાકર્મી વસ્તુ અંગે જાણવું, તેનું આમંત્રણ સાંભળવું પણ નિષેધ ન કરવો.
૨. **વ્યતિક્રમ** = આધાકર્મી વહોરવા માટે નીકળવું.
૩. **અતિચાર** = તેવી વસ્તુ વહોરવી.
૪. **અનાચાર** = તેવી વસ્તુ વાપરવી.

## ચોથો આલાવો

### તેત્રીસ વસ્તુઓનો

૧. પડિ૦ એગવિહે અસંજમે (અસંયમ) = અવિરતીરૂપ અસંયમથી જે અતિચાર સેવ્યો હોય તે મિથ્યા થાઓ.

૨. પડિ૦ દોહિં બંધણેહિં (બંધન-બે) રાગ કે દ્વેષના બંધનથી સેવેલો અતિચાર.

૩. (૧) પડિ૦ તિહિં દંડેહિં (દંડ-ત્રણ) = મન- વચન- કાયાના દંડથી લાગેલ અતિચાર.

(૨) પડિ૦ તિહિં ગુત્તિહિં (ગુપ્તિ-ત્રણ) = મન-વચન-કાયાની ગુપ્તિની ભૂલોથી લાગેલો અતિચાર. ગુપ્તિ એટલે મન વગેરેને અશુભમાંથી નિવૃત્ત કરીને શુભમાં પ્રવૃત્ત કરવા દ્વારા તેમનું રક્ષણ કરવું.

(૩) પડિ૦ તિહિં સલ્લેહિં (શલ્ય-ત્રણ) માયા-નિયાણું અને મિથ્યાત્વરૂપી શલ્યથી લાગેલા દોષો.

૪. પડિ૦ તિહિં ગારવેહિં (ગારવ-ત્રણ) ઋદ્ધિ-રસ અને શાતાના અભિમાનથી અથવા તેની

અંદર આવી જતી મૂર્છાથી સેવેલા દોષો.

(૫) પડિ૦ તિહિં વિરાહણાહિં (વિરાધના-ત્રણ) જ્ઞાન-દર્શન ચારિત્રની વિરાધનાથી લાગેલા દોષો.

૪. પડિ૦(૧) ચઉહિં કસાએહિં (કષાય-ચાર) ક્રોધ-માન-માયા લોભ વગેરે ચાર કષાયો દ્વારા સેવેલા દોષો. કષ=સંસાર. આય=લાભ. જેના દ્વારા સંસાર ભ્રમણનો લાભ થાય તે.

(૨) પડિ૦ ચઉહિં સન્નાહિં (સંજ્ઞા ચાર) = આહાર-ભય-મૈથુન-પરિગ્રહ એ ચાર સંજ્ઞા વડે સેવેલા દોષો. સંજ્ઞા એટલે આત્મા પર ચોંટેલા પૌદ્ગલિક વાસનાના સં-સ્કારો-પરિગ્રહ સંજ્ઞા એટલે જડ પદાર્થો ઉપરની તીવ્ર મૂર્છાના સંસ્કાર અહીં પરિગ્રહ એટલે મૂર્છા.

(૩) પડિ૦ ચઉહિં વિકહાહિં (વિકથા-ચાર) સ્ત્રીકથા-ભક્ત-કથા-દેશકથા અને રાજકથાથી સેવેલા દોષો. ભક્ત=ભોજન તે સંબંધી વાત. દેશ=ક્ષેત્ર સંબંધી રાગ દ્વેષથી સ્વ-પર દેશોની કે તેની પ્રજાની વાતો કરવી. તે-તે દેશના વડા-રાજા-રાષ્ટ્રપતિ વગેરેની વાતો રાગદ્વેષથી કરવી તે રાજકથા.

(૪) પડિ૦ ચઉહિં ઝાણેહિં (ધ્યાન—ચાર) આર્ત્ત—રૌદ્ર ધ્યાન વડે લાગેલા દોષો તથા ધર્મ શુકલ ધ્યાનમાં થઇ જતા પ્રમાદ વગેરે દોષો.

૫. (૧) પડિ૦ પંચહિં કિરિઆહિં (ક્રિયા-પાંચ) કાયિકી—અધિકરણિકી—પ્રાદ્વેષિકી પારિતાપનિકી તથા પ્રાણાતિપાતિકી ક્રિયાઓ વડે લાગેલા દોષો.

કાઈઆએ = કાયાને અજયણાથી પ્રવર્તાવવી. તે કાયિકી ક્રિયા.

અહિગરણિઆએ = જે ક્રિયા કરવાથી આત્મા નરકાદિ દુર્ગતિનો અધિકારી બને. તે અધિકરણિકી ક્રિયા.

પાઉસિઆએ = જીવ કે અજીવ ઉપર દ્વેષ કરવો તે પ્રાદ્વેષિકી ક્રિયા

પારિતાવણિઆએ = પોતાની કે પરની મારપીટ વગેરેથી સ્વ-પરને સંતાપ આપવો તે પરિતાપનિકી ક્રિયા.

પાણાઇવાયકિરિઆએ = જે ક્રિયાથી સ્વપરના પ્રાણનો નાશ થાય તે પ્રાણાતિપાતિકી ક્રિયા.

(૨) પડિ૦ પંચહિં કામગુણેહિં (કામગુણો પાંચ) શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ એ પાંચ કામગુણો છે. પાંચ ઇન્દ્રિયોના શબ્દાદિ પાંચ વિષયોની ઇચ્છાથી પેદા થયેલા દોષો.

(૩) પડિ૦ પંચહિં મહવ્વએહિં (મહાવ્રતો-પાંચ) સર્વથા પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત વગેરે પાંચ મહાવ્રતોમાં લાગેલા દોષો.

(૪) પડિ૦ પંચહિં સમિઈહિં (સમિતિ-પાંચ) ઈર્યાસમિતિ. આદિ પાંચ સમિતિઓના અપાલન દ્વારા લાગેલા દોષો.

૧. ઈર્યાસમિતિ = ગાડાની ધોંસરી પ્રમાણ-૩॥ હાથ પ્રમાણ જેટલી દૃષ્ટિ ભૂમિ પર રાખીને ચાલવું તે.

૨. ભાષાસમિતિ = સર્વ જીવોને હિતકારી અને પ્રિય બોલવું તે.

૩. એષણાસમિતિ = ભિક્ષા વગેરે લાવતા તેના શાસ્ત્રોક્ત બેંતાલીસ દોષો ટાળવા તે.

૪. આદાન-ભંડ-મત્ત નિક્ખેવણાસમિતિ = આદાન = લેવું. નિક્ષેપણા = મૂકવું. ભંડ-મત્ત = પાત્ર વગેરે સાધુજીવનની સઘળી વસ્તુઓને અર્થાત્ સર્વ ઉપકરણોને લેતાં મુકતાં પૂજવા-પ્રમાર્જવા તે.

૫. ઉચ્ચાર પાસવણ ખેલ-જલ્લ સિંઘાણ પારિટ્ઠાવણિયા સમિતિ } ઉચ્ચાર = મળ. પાસવણ= પેશાબ. ખેલ = થૂંક-કફ. જલ્લ = શરીરનો મેલ. સિંઘાણ = શ્લેષ્મ વગેરેને જયણાપૂર્વક તથા વિધિપૂર્વક પરઠવવા.

૬. ૧. પડિ૦ છહિં જીવનિકાએહિં (કાય-છ) પૃથ્વીકાય વગેરે છ કાય જીવોની વિરાધના કરવારૂપ લાગેલા દોષો.

૨. પડિ૦ છહિં લેસાહિં (લેશ્યા-છ) કૃષ્ણ-નીલ-કાપોત -તેજો-પદ્મ-શુકલ એ છ લેશ્યાઓ-માંની પહેલી ત્રણ લેશ્યામાં પ્રવૃત્તિ કરવાથી અને છેલ્લી ત્રણ લેશ્યામાં અપ્રવૃત્ત રહેવાથી લાગેલા દોષો.

૭ પડિ૦ સત્તહિં ભયઠાણેહિં (ભયસ્થાનો-સાત)

૧. ઇહલોકભય - મનુષ્યથી મનુષ્યને ભય (ચોર-ડાકુ)

૨. પરલોકભય - મનુષ્યને મનુષ્ય સિવાયનાથી ભય (પશુ-દેવ)

૩. આદાનભય - ચોર વગેરે દ્વારા પોતાનું ધન લઈ જવાનો ભય.

૪. અકસ્માતભય - એકાએક વીજળી પડવી વગેરેનો ભય.

૫. આજીવિકાભય - દુષ્કાળ વગેરે સમયમાં આજીવિકાનો ભય. અરેરે! હવે હું કેવી રીતે જીવીશ ?

૬. મરણભય - મૃત્યુ પામવાનો ભય.

૭. અપયશભય - લોકોમાં અપકીર્તિ થવાનો ભય.

૮. અટ્ઠહિં મયઠાણેહિં (મદસ્થાનો-આઠ) આઠ મદ સ્થાનોમાં લાગેલા દોષો. તે નામો નીચે મુજબ છે.

(૧)જાતિમદ (૨) કુળમદ (૩) બળ-
મદ (૪) રૂપમદ (૫) તપમદ (૬)
ઐશ્વર્યમદ (૭) શ્રુતમદ (૮) લાભમદ

૯. નવહિં બંભચેરગુત્તિહિં (બ્રહ્મચર્યની વાડો – નવ)
"વસહિ-કહ-નિસિજ્જિંદિય" ગાથામાં નવ વાડો નીચે
મુજબ કહી છે.
તેમના અપાલનથી લાગેલા દોષો.

૧. વિજાતીયવાળી–પશુ–નપુંસક વસતીમાં રહેવું નહિ.
૨. વિજાતીયની કથા કહેવી નહિ.
૩. વિજાતીયના સ્થાને પુરુષે બે ઘડી સુધી અને
સ્ત્રીએ ત્રણ પ્રહર સુધી બેસવું નહિ.
૪. ચક્ષુથી વિજાતીયના અંગોપાંગ નિરખવા નહિ.
૫. ભીંતને કાન દઈને બીજી બાજુમાં રહેલા સ્ત્રી–
પુરુષની વાતો ન સાંભળવી.
૬. પૂર્વ ક્રીડાનું સ્મરણ કરવું નહિ.
૭. વધુ વિગઈવાળો આહાર વાપરવો નહિ.
૮. વધુ પડતો આહાર વાપરવો નહિ.
૯. આકર્ષક વસ્ત્રો વગેરે દ્વારા વિભૂષા કરવી નહિ.

૧૦. દસવિહે સમણધમ્મે (શ્રમણધર્મ–દશ) દશ પ્રકારના યતિ
ધર્મોનું શાસ્ત્રોક્ત રીતે પાલન નહિ
કરવારૂપ લાગેલા દોષો

યતિધર્મો – (૧) ક્ષમા (૨) મૃદુતા (૩) સરળતા (૪)
નિર્લોભતા (૫) તપ (૬) સંયમ (૭)

સત્ય (૮) પવિત્રતા (૯) અકિંચન-
પણું (૧૦) બ્રહ્મચર્ય

૧૧. ઈગારસહિં ઉવાસગ પડિમાહિં (શ્રાવક પ્રતિમા–અગિ-
યાર) ઉપાસક = શ્રાવક. તેની અગિયાર પ્રતિમાઓ
છે તે સંબંધમાં અશ્રદ્ધા વગેરે થવા રૂપ દોષો.

૧ સમકિત પ્રતિમા એક માસ સુધી અતિચાર
રહિતપણે સમકિત પાળવું.

૨ વ્રત પ્રતિમા પૂર્વની એક પ્રતિમા સાથે બાર
વ્રતોનું અતિચારરહિતપણે બે માસ
પાલન કરવું.

૩ સામાયિક પ્રતિમા પૂર્વની બે પ્રતિમા સહિત ત્રણ
મહિના સુધી ઉભયટંક સામાયિક
સહિત નિરતિચાર પ્રતિક્રમણ કરવું.

૪ પૌષધ પ્રતિમા પૂર્વની ત્રણ પ્રતિમા સહિત ચાર
મહીના સુધી બે આઠમ અને બે
ચૌદસ એમ ચાર પર્વ તિથિએ નિર-
તિચાર પૌષધ કરવા.

૫ પ્રતિમાપ્રતિમા પૂર્વની ચાર પ્રતિમા સહિત પાંચ
મહિના સુધી સ્નાન ન કરવું અને
રાત્રે ચારે આહારનો ત્યાગ કરવો.
દિવસે સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવું અને
રાત્રે યથાશક્તિ બ્રહ્મચર્ય પાળવું.

અષ્ટમી ચૌદસના પૌષધમાં રાત્રીના સમયે આખી રાત નિરતિચારપણે કાયોત્સર્ગમાં રહેવું

૬ બ્રહ્મચર્યપ્રતિમા પૂર્વની પાંચ પ્રતિમા-સહિત છ મહિના સુધી સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવું અને કચ્છ ધારણ કરવો.

૭ સચિત્તવર્જન પ્રતિમા પૂર્વોક્ત છ પ્રતિમા સહિત સાત મહિના સુધી સચિત્ત આહારનો સંપૂર્ણ ત્યાગ કરવો.

૮ આરંભવર્જન પ્રતિમા પૂર્વની સાત પ્રતિમા સહિત આઠ મહિના સુધી કોઈ પણ પ્રકારનો આરંભ-સમારંભ કરવો નહિ.

૯ પ્રેષ્યવર્જન પ્રતિમા પૂર્વની આઠ પ્રતિમા સહિત નવ મહિના સુધી કોઇ પણ માણસ પાસે આરંભ વગેરે કરાવવો પણ નહિ.

૧૦ ઉદ્દીષ્ટવર્જન પ્રતિમા પૂર્વની નવ પ્રતિમા સહિત દશ મહિના સુધી પોતાને ઉદ્દેશીને કરેલો આહાર વાપરવો નહિ.

૧૧ સાધુભૂત પ્રતિમા પૂર્વોક્ત દશ પ્રતિમા સહિત અગિયાર મહિના સુધી મસ્તકે મુંડિત થઈને અથવા લોચ કરાવીને સાધુની જેમ વિચરવું. રજોહરણ અને પાતરા રાખવા તથા પોતાની જાતિવાળાઓને

ત્યાં જઈ પ્રતિમાધારી શ્રાવકને ભિક્ષા આપો એમ બોલી ભિક્ષા લેવી.

૧૨. બારસહિં ભિક્ખુપડિમાહિં (ભિક્ષુક પ્રતિમાઓ બાર) આના સંબંધમાં જે કોઈ અશ્રદ્ધા કે અપાલન કરવા દ્વારા લાગેલા દોષો.

*ભિક્ષુ પ્રતિમાઓ

**એક થી સાત પ્રતિમા** જેટલામી પ્રતિમા તેટલા તેના મહિના સમજવા. અને તેમાં જેટલામી પ્રતિમા તેટલી આહાર-પાણીની દત્તિ રોજ માટેની સમજવી. આ સાત મહિનામાં અલેપ ભોજન જ લેવાનું હોય છે.

**આઠમી પ્રતિમા** તે સાત અહોરાત્રની છે. એકાંતરે ચઉવિહાર ઉપવાસ કરવાના અને પારણે આયંબિલ કરવાના. ગામની બહાર કાયોત્સર્ગમાં રહેવાનું, ઉપસર્ગો સહન કરવાના. આમાં દત્તિનો નિયમ નથી. ચત્તા કે પાસું વાળીને સૂઈ શકાય, ઊભા રહી શકાય અથવા સપાટ જગ્યાએ બેસી પણ શકાય.

**નવમી પ્રતિમા** આ પણ સાત અહોરાત્રની છે. એમાં બધું આઠમી પ્રતિમા જેવું જ સમજવું. એટલું વિશેષ છે કે જમીનને માત્ર મસ્તક અને પગની પાનીઓ

સિવાય અન્ય કોઈ પણ શરીરનો ભાગ અડવો ન જોઈએ. અથવા પીઠ સિવાય શરીરનું કોઈ પણ અંગ સ્પર્શ ન કરે તેમ રહેવું અથવા પગ લાંબા કરીને જમીન પર સૂઈ જવું.

**દશમી પ્રતિમા** આ પ્રતિમા પણ સાત-અહોરાત્રની આઠમી પ્રતિમાની જેમ સમજવી. એમાં વિશેષ એ છે કે, ગોદોહિકા, વીરાસન (ખુરશી પર બેઠા હોય અને ખુરશી લઈ લેવી તેવું આસન) અથવા કેરીની જેમ શરીર વાંકુ રાખીને રહે.

નોંધ : આઠમી, નવમી અને દશમી પ્રતિમામાં દરેકની આગળ પાછળ એક એક એકાસણું કરવાનું હોય છે. આથી ત્રણ પ્રતિમાના એકવીસ દિવસ + છ એકાસણા = કુલ સત્યાવીસ દિવસ થાય.

**અગિયારમી પ્રતિમા** આ પ્રતિમા ત્રણ અહોરાત્રની છે. તેમાં પ્રથમ દિવસ એકાસણાનો અને બાકીના બે દિવસે છઠ્ઠનો તપ કરવાનો હોય છે તેના પારણે એકાસણું જ કરવાનું હોય છે.

**બારમી પ્રતિમા** આ પ્રતિમા એક રાત્રીની છે પણ પૂરી ચાર દિવસે થાય છે. તેમાં

અઠ્ઠમનો તપ કરવાનો હોય છે. પહેલી રાત્રી ગયા પછી અઠ્ઠમનો તપ શરૂ કરવો. આ પ્રતિમામાં નગરની બહાર જઈને આખી રાત આંખ મટમટાવ્યા વિના સિદ્ધ શિલાની સામે નજર રાખીને કાયોત્સર્ગમાં ઉભા રહેવાનું હોય છે. આ પ્રતિમાના બળથી અવધિ વગેરે વિશિષ્ટ જ્ઞાન પ્રગટ થઈ જાય છે.

અગિયારમી પ્રતિમા ભલે કુલ ત્રણ દિવસો ધરાવે છે પરંતુ તેમાં એક અહોરાત્રની જ પ્રતિમા હોય છે. અર્થાત્ પહેલી અહોરાત્રી કાયોત્સર્ગમાં પસાર કરવાની છે એ રીતે બારમી પ્રતિમા ભલે ચાર દિવસે પૂર્ણ થાય છે પરંતુ તેની પહેલી રાત્રી જ પ્રતિમામાં રહેવાનું હોય છે.

દરેક પ્રતિમા વહન કરતા પહેલાં ગચ્છમાં રહીને તેટલો સમય તેની બધી જ વિધિ સાથે તાલીમ લેવી જરૂરી છે. ત્યાર પછી જ ગચ્છની બહાર જઈને તે દરેક પ્રતિમા વહન કરવાની હોય છે.

૧૩ તેરસહિં કિરિયાઠાણેહિં (ક્રિયાઓ–તેર) તેર પ્રકારની ક્રિયાઓ કરતા જે જીવવિરાધના થાય તે દોષોનું પ્રતિક્રમણ કરું છું. તે નીચે મુજબ —

૧ સપ્રયોજન ક્રિયા સંયમ નિર્વાહ થવો મુશ્કેલ બની જાય અથવા ગ્લાનતા વગેરે આવી જાય

ત્યારે સ્વપર માટે જે દોષિત ગોચરી લેવી પડે તે ગોચરી લેવાની ક્રિયા.

૨. નિષ્પ્રયોજન ક્રિયા વિના પ્રયોજને દોષિત વસ્તુ લેવાની ક્રિયા.

૩. હિંસા ક્રિયા દેવાદિના કે સંઘના શત્રુઓની હિંસા કરવાની ક્રિયા

૪. અકસ્માત ક્રિયા કોઇને હણવા માટે ફેંકેલી વસ્તુથી બીજો કોઈ હણાઈ જાય તે ક્રિયા.

૫. દષ્ટિવિપર્યાસ ક્રિયા ભ્રમથી મિત્રને શત્રુ અથવા અચોરને ચોર માનીને મારવાની ક્રિયા.

૬ મૃષાક્રિયા અસત્ય બોલવારૂપ ક્રિયા.

૭. અદત્તાદાન ક્રિયા સ્વામિઅદત્ત વગેરે ચાર પ્રકારના અદત્તને ગ્રહણ કરવાની ક્રિયા.

૮ અધ્યાત્મ ક્રિયા આત્મામાં થતી જે નુકસાનકારક વિચારણા તે અધ્યાત્મક્રિયા કહેવાય. કોંકણદેશના ખેડૂત-સાધુએ કાઉસ્સગ્ગમાં રહીને પોતાના પુત્રોરૂપી જીવોની આજીવિકાની જે ચિંતા કરી તે આ પ્રકારની ક્રિયા કહેવાય.

૯. માનક્રિયા જાતિકુલ વગેરે સંબંધિત આઠ પ્રકારના અભિમાન કરીને બીજાને હલકા પાડવાની ક્રિયા.

**૧૦. અમિત્રાક્રિયા :** માત-પિતા વગેરેને થોડા અપરાધ બદલ સખત મારવું તે ક્રિયા.

**૧૧. માયાક્રિયા :** કપટપૂર્વક કરાતી ક્રિયા.

**૧૨. લોભક્રિયા :** લોભથી અશુદ્ધ આહારાદિ ગ્રહણ કરવાની ક્રિયા.

**૧૩. ઇર્યાપથિકી ક્રિયા :** વીતરાગીની ક્રિયા. જેમાં માત્ર ત્રિસામયિક કર્મબંધ હોય છે. અર્થાત્ જ્યાં પ્રથમ સમયે કર્મ બંધાય છે, બીજા જ સમયે ભોગવાય તે અને ત્રીજા સમયે તો આત્મા ઉપરથી હટી જાય છે.

**૧૪. ચઉદસહિં ભૂઅગામેહિં :** (ભૂતગ્રામો-ચૌદ) ચૌદ પ્રકારના જીવોના સમૂહ સંબંધમાં થયેલી અશ્રદ્ધા અથવા કરેલી તેમની હિંસાની ક્રિયા.

ભૂત = જીવ ...................ગામેહિં = ગ્રામ સમૂહ.

ચૌદ પ્રકારના જીવો
- સૂક્ષ્મ બાદર એકેન્દ્રિય = બે
- બેઇન્દ્રિય ........ = એક
- તેઇન્દ્રિય ........ = એક
- ચઉરેન્દ્રિય........ = એક
- અસંજ્ઞી-સંજ્ઞી-પંચેન્દ્રિય= બે

| | | | |
|---|---|---|---|
| કુલ સાત | → પર્યાપ્તા<br>→ અપર્યાપ્તા | = | ચૌદ પ્રકાર |

૧૫. પન્નરસહિં પરમાહમ્મિએહિં (પરમાધામિંક-પંદર) અંબ વગેરે પંદર પ્રકારના પરમાધામિંક નામના ભવનપતિ દેવો છે. તેમના શાસ્ત્રીય નિરૂપણ સંબંધમાં અશ્રદ્ધા કરવારૂપ દોષ.

૧૬. સોલસહિં ગાહાસોલસએહિં (ગાથા અધ્યયન-સોળ) સૂયગડાંગ નામના આગમગ્રંથના પહેલા શ્રુતસ્કંધના સોળ અધ્યયન છે. તેમાં સોળમાં અધ્યયનનું નામ ગાથા અધ્યયન છે. આ ગાથા સુધીના સોળ અધ્યયન સંબંધમાં જે કાંઈ વિપરીત પ્રરૂપણા-અશ્રદ્ધા વગેરે લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરું છું. અહીં ઉપલક્ષણથી બધા આગમોના સંબંધમાં દોષ સમજી લેવા.

૧૭. સત્તરસવિહે અસંજમે (અસંયમ-સત્તર) સત્તર પ્રકારના સંયમની વિરુદ્ધ-તે સત્તર પ્રકારના અસંયમ સેવવારૂપ લાગેલા દોષ તેનું હું પ્રતિક્રમણ કરું છું.

સત્તર અસંયમ : પૃથ્વીકાય આદિ પાંચ
વિકલેન્દ્રિય ,, ત્રણ
પંચેન્દ્રિય – એક
અજીવ – એક
પ્રેક્ષા – એક
ઉપેક્ષા – એક
પ્રમાર્જના – એક
પારિષ્ઠાપનિકા – એક
મન–વચન–કાયાના યોગથી – ત્રણ

---

આમ કુલ સત્તર પ્રકારના અસંયમ છે.

૧૮. અટ્ઠારસવિહે અબંભે (અબ્રહ્મચર્ય = અઢાર) અઢાર પ્રકારના જે અબ્રહ્મ છે. તેનું સેવન કરવાથી લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરું છું. (૨×૩×૩ = ૧૮) તે આ રીતે...ઔદારિક, વૈક્રીય શરીર દ્વારા : બે .... મનુષ્ય–તિર્યંચ કે દેવના શરીર સાથે : ત્રણ....મનથી, વચનથી અને કાયાથી : ત્રણ ઉપર મુજબ અઢાર પ્રકારે અબ્રહ્મ સેવવાથી લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરું છું. આ અઢાર પ્રકારે અબ્રહ્મનું સેવન ન કરવું તે,

૧૯. એગુણવીસાએ નાયજ્ઝાયણેહિં (જ્ઞાતાધર્મકથા–ઓગણીસ) જ્ઞાતાધર્મકથા નામનો જે આગમગ્રંથ છે તેના ઓગણીસ અધ્યયનો છે. તે સંબંધમાં અશ્રદ્ધા ઉત્સૂત્ર પ્રરૂપણા વગેરે. લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરું છું.

૨૦. વીસાએ અસમાહિઠાણેહિં (અસમાધિનાં સ્થાનો – વીસ) : અસમાધિનાં જે વીસ સ્થાનો છે તેના સેવનરૂપે લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરું છું. નીચે લખેલા વીસ નિમિત્તોથી ચિત્તમાં અસમાધિ પેદા થવાની શકયતા હોવાથી તે વીસ અસમાધિ સ્થાનો કહેવાય.

વીસ અસમાધિ સ્થાનો :

(૧) જલદી જલદી અયતનાથી ચાલવું.

(૨) અપ્રમાર્જિત સ્થાને બેસવું કે સૂવું.

(૩) પ્રમાર્જેલા સ્થાને પણ જેમ તેમ બેસવું વગેરે.

(૪) શાસ્ત્રાજ્ઞાથી વધારે વસતિ વાપરવી, વધુ સંથારા વાપરવા, વધુ વસ્ત્ર – પાત્ર વગેરે વાપરવાં.

(૫) શાસ્ત્રાજ્ઞાથી વધુ આસનો વાપરવાં.

(૬) રત્નાધિક વડીલો વગેરેના અપમાન કરવાં.

(૭) સ્થવિરોનો પરાભવથી માંડીને વિનાશ કરવો સ્થવિરોના ત્રણ પ્રકાર છે. (૧) અગિયાર અંગો-માંથી સમવાયાંગ સુધીના પહેલા ચાર અંગોના જ્ઞાતાને શ્રુતસ્થવિર કહેવાય. (૨) વીસ વર્ષનો જેનો દીક્ષા પર્યાય થયો હોય તે પર્યાય સ્થવિર કહેવાય. (૩) સાઠ વર્ષ ઉપરની ઉંમરવાળા તે વયસ્થવિર કહેવાય.

(૮) પૃથ્વીકાયાદિ જીવોની હિંસા કરવી.

(૯) ક્ષણિક પણ કોપ કરવો.

(૧૦) લાંબા કાળ સુધી ક્રોધમાં જ રહેવું.

(૧૧) બીજાના નિંદાદિ કરવા.

(૧૨) અપરાધીને પણ ચોર–કપટી તરીકેનો આક્ષેપ કરવો.

(૧૩) શાંત થયેલા કષાયની પુનઃ ઉદીરણા કરવી.

(૧૪) અકાળે સ્વાધ્યાય કરવો.

(૧૫) સચિત્તના સંઘટ્ટાવાળા હાથ – પગથી કોઈ પ્રવૃત્તિ કરવી.

(૧૬) દિવસે તથા રાત્રે અવિવેકથી ઊંચા સ્વરે બોલવું

(૧૭) વાક્ કલહ કરવો.

(૧૮) ગચ્છમાં પરસ્પર સાધુઓમાં ભેદ પડાવવો.

(૧૯) સૂર્યાસ્ત સુધી આહાર પાણી વાપરવાં.

(૨૦) એષણાસમિતિનું અપાલન કરવું.

૨૧. ઇક્કવીસાએ સબલેહિં (મલિનતા એકવીસ) સર્વવિરતિ ચારિત્રમાં એકવીસ રીતોથી સબલ-પણું એટલે કે ચારિત્રમાં મલિનપણું આવે છે. આ મલિનપણું અહીં મૂળથી વિરાધના સ્વરૂપ અનાચાર ન સમજતાં અતિચાર સ્વરૂપ સમજવું. આ એકવીસ મલિનતાના દોષોનું હું પ્રતિક્રમણ કરું છું. આ અંગે જયાં સાપેક્ષતા હોય ત્યાં અતિચાર લાગે અને જયાં વ્રતની નિરપેક્ષતા હોય ત્યાં થયેલો વ્રતભંગ તે અનાચાર કહેવાય.

એકવીસ મલિનતાઓ (૧) હસ્તદોષ (૨) અતિચાર રૂપે દેવાદિના સંબંધમાં આવીને મૈથુન સેવવું. (૩) દિવસે વહોરેલું રાત્રે વાપરવું. રાત્રે વહોરેલું દિવસે વાપરવું અને રાત્રે વહોરેલું રાત્રે વાપરવું આ ત્રણ ભાંગારૂપ જે રાત્રિભોજન છે તેના અતિક્રમ-વ્યતિક્રમ અને અતિચારના દોષ સેવવા. (૪) આધાકર્મી (૫) રાજપિંડ (૬) ક્રિતપિંડ. (૭) પ્રામિત્ય-પિંડ. (૮) અભ્યાહૃત પિંડ (૯) આચ્છેદ્ય પિંડ અને (૧૦) વારંવાર જેનું પચ્ચક્ખાણ કર્યું છે તે પિંડ. આ સાત કલ્પ્ય દ્રવ્યોને નિષ્કારણ અતિક્રમાદિ ત્રણ દોષો લગાડવા. (૧૧) જ્ઞાનાદિ પામવાના પ્રયોજન વિના છ મહિનાની અંદર એક સમુદાયમાંથી બીજા સમુદાયની નિશ્રામાં જવું. (૧૨) એક મહિનામાં ત્રણવાર નદીમાં દગલેપ પાણી ઊતરવું. દગલેપ=નાભિ

જેટલું. અર્ધજંઘા સુધી પાણી હોય તો તે સંઘટ્ટ કહેવાય. અને એથી પણ વધારે ઊંડું પાણી હોય તો તે લેપોપરિ કહેવાય. (૧૩) એક મહિનામાં ત્રણ વાર માયા–કપટ કરવી. (૧૪) ઇરાદાપૂર્વક ત્રણ લખત લીલી વનસ્પતિના અંકુરા વગેરે તોડવા.

(૧૫) ,, ,, ,, જૂઠું બોલવું.
(૧૬) ,, ,, ,, અદત્તવસ્તુ લેવી.

જો દોષ ત્રણ વારથી પણ વધુ સેવવામાં આવે તો તે આત્માના પરિણામો નિષ્ઠુર થઇ ગયા છે એમ માનવું પડે. આવી નિષ્ઠુરતા તે અનાચાર જ બની જાય. અહીં અતિચાર રૂપી દોષો લેવાના છે માટે ત્રણની મર્યાદા મૂકી છે.
(૧૭) ઇરાદાપૂર્વક ત્રસ જીવવાળી જમીન કે સચિત્ત પથ્થર વગેરે ઉપર બેસવું કે ઊભા રહેવું.

(૧૮) ઇરાદાપૂર્વક લીલી વનસ્પતિના ભોજન અંગેના અતિચાર દોષ સેવવા. (૧૯) એક વર્ષમાં દશ વખત દગલેપ પાણી ઊતરવું. (૨૦) એક વર્ષમાં દશ વખત ઇરાદપૂર્વક માયા-કપટ કરવાં. (૨૧) ઇરાદાપૂર્વક સચિત્ત પાણીવાળા હાથથી કે વાસણથી ગૃહસ્થ પાસેથી વહોરવું.

૨૨. બાવીસાએ પરીસહેહિં (પરિષહ=બાવીસ) શાસ્ત્રમાં જણાવેલા બાવીસ પરિષહોને સહન કરતી વખતે આર્ત્તધ્યાન વગેરે થવારૂપ જે દોષ લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ કરું છું.

બાવીસ પરિષહો (૧) ક્ષુધા. (૨) તૃષ્ણા. (૩) શીત. (૪) ઉષ્ણ. (૫) દંશ. (૬) અચેલ. (૭) અરતિ. (૮) સ્ત્રી. (૯) ચર્યા. (૧૦) નિષદ્યા. (૧૧) શય્યા. (૧૨) આક્રોશ, (૧૩) વધ. (૧૪) યાચના. (૧૫) અલાભ. (૧૬) રોગ. (૧૭) તૃણસ્પર્શ. (૧૮) મલ. (૧૯) સત્કાર. (૨૦) પ્રજ્ઞા. (૨૧) અજ્ઞાન. (૨૨) સમ્યક્ત્વ.

૨૩. તેવીસાએ સુઅગડજ્ઝયણેહિં (સૂયગડાંગ અધ્યયન) સૂયગડાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના જે ત્રેવીસ અધ્યયનો છે તે સંબંધમાં અશ્રદ્ધા તથા વિપરીત પ્રરૂપણા કે વિરાધના કરવારૂપ લાગેલ દોષોનું પ્રતિક્રમણ કરું છું.

૨૪. ચઉવ્વીસાએ દેવેહિં (દેવ સંબંધી) દેવ=તીર્થંકર. દેવ= સ્વર્ગના દેવ.ચોવીસ તીર્થંકરો સંબંધમાં જાગેલી અશ્રદ્ધા વગેરે દોષોનું પ્રતિક્રમણ તથા ચોવીસ દેવો [દશ ભવનપતિ + આઠ વ્યંતર + પાંચ જ્યોતિષ + એક તમામ વૈમાનિકો] ના સંબંધમાં થયેલી અશ્રદ્ધા વગેરે દોષોનું પ્રતિક્રમણ કરું છું.

૨૫. પણવીસાએ ભાવણાહિં (ભાવનાઓ–પચ્ચીસ) પાંચ મહાવ્રતોનું રક્ષણ કરવા માટે જે

પચ્ચીસ ભાવનાઓ જણાવી છે તેનું ચિંતન નહિ કરવા વગેરેરૂપ લાગેલ દોષોનું પ્રતિક્રમણ કરું છું.

## પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાઓ

**પહેલા મહાવ્રતની પાંચ ભાવનાઓ** (૧) ઈર્યાસમિતિ. (૨) એષણાસમિતિ. (૩) આદાનભંડમત્ત નિક્ખેવણા સમિતિ. (૪) સંયમ ધર્મ વિશે અદુષ્ટ મનના પ્રવર્તન સંબંધી. (૫) સંયમ ધર્મને વિશે અદુષ્ટ વચનના પ્રવર્તન સંબંધી ભાવના ભાવવી. જેથી પહેલા મહાવ્રતનું રક્ષણ થાય.

**બીજા મહાવ્રતની પાંચ ભાવનાઓ** (૧) હાસ્ય (૨) લોભ (૩) ભય (૪) ક્રોધ (૫) અસત્ય. આ પાંચનો પરિત્યાગ કરવાની ભાવના ભાવવી, જેથી બીજા મહાવ્રતનું રક્ષણ થાય.

**ત્રીજા મહાવ્રતની પાંચ ભાવનાઓ** (૧) ઉપાશ્રય વગેરેના માલિક પાસે અવગ્રહની યાચના કરવાની. (૨) નીચે પડેલા તણખલા વગેરેની માલિકની રજાથી લેતીદેતી કરવાની. (૩) આહાર–પાણી શય્યા

વગેરેનો ઉપયોગ કરતાં અનુજ્ઞા લેવાની. (૪) ગુર્વાદિકની રજા લઈને આહાર પાણી વગેરે વાપરવાની. (૫) સાધર્મિક સાધુઓને માટે પણ અવગ્રહની યાચના કરવાની ભાવના ભાવવી. જેથી ત્રીજા મહાવ્રતનું રક્ષણ થાય.

ચોથા મહાવ્રતની પાંચ ભાવનાઓ (૧) પ્રમાણથી વધુ સ્નિગ્ધ આહાર નહિ કરવાની. (૨) શરીરને વિભૂષા નહિ કરવાની. (૩) વિજાતીયના રૂપને નહિ જોવાની તથા પૂર્વક્રીડાનું સ્મરણ નહિ કરવાની. (૪) વિજાતીય તથા પશુ અને નપુંસક વાળી વસતિમાં નહિ રહેવાની. (૫) વિજાતીય સાથે તથા વિજાતીય સંબંધી વાતો નહિ કરવાની ભાવનાઓ ભાવવી, જેથી ચોથા મહાવ્રતનું રક્ષણ થાય.

પાંચમા મહાવ્રતની પાંચ ભાવનાઓ (૧) થી (૫) શબ્દ-રૂપ-રસ-ગંધ અને સ્પર્શ જો અનુકૂળ મળશે તો રાગ નહિ કરું અને જો પ્રતિકૂળ મળશે તો દ્વેષ નહિ કરું. એવી ભાવનાઓ ભાવવી જેથી પાંચમા મહાવ્રતની રક્ષા થાય.

બીજી રીતે પચ્ચીસ ભાવનાઓ અનિત્ય વગેરે બાર ભાવના મૈત્રી આદિ ચાર ભાવના યોગની આઠ દૃષ્ટિ સંબંધમાં આઠ ભાવના તથા જિનપ્રવચનને વિષે શંકા નહિ કરવારૂપ નિઃશંકિની નામની એક ભાવના–આમ કુલ પચ્ચીસ ભાવના બીજી રીતે જાણવી.

૨૬. છવ્વીસાએ દસાકપ્પવવહારાણં ઉદ્દેસણકાલેહિં કેટલાક આગમોના છવ્વીસ ઉદ્દેશા છે તે સંબંધમાં જે કાલગ્રહણ આદિ ક્રિયા કરાય તેમાં અશ્રદ્ધા–અવિધિ વગેરે રૂપ લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરું છું.

છવ્વીસ ઉદ્દેશા :– દશાશ્રુત સ્કંધના દશ અધ્યયનના દશ કલ્પસૂત્રના છ અધ્યયનના છ વ્યવહાર સૂત્રના દશ ઉદ્દેશાના દશ આમ કુલ છવ્વીસ ઉદ્દેશા જાણવા.

૨૭. સત્તાવીસાએ અણગારગુણેહિં સાધુના સત્યાવીસ ગુણોનું અપાલન કરવારૂપ લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરું છું.

**સાધુના સત્યાવીસ ગુણો :-**

(૧) થી (૬) પાંચ મહાવ્રત+એક રાત્રિભોજન વિરમણવ્રત (૭) થી (૧૧) પાંચ ઇન્દ્રિયોનો વિજય. (૧૨) ભાવ-

શુદ્ધિ (૧૩) ક્રિયાશુદ્ધિ (૧૪) ક્ષમાનું પાલન. (૧૫) વૈરાગ્યવાસિત જીવન. (૧૬) થી (૧૮) મન-વચન-કાયાની ગુપ્તી. (૧૯) થી (૨૪) છ કાયના જીવોની રક્ષા. (૨૫) વિનય–વૈયાવચ્ચ–સ્વાધ્યાય વગેરે સંયમના ધર્મોનું સેવન. (૨૬) પરિષહોની પીડાને સહવી. (૨૭) પ્રાણાંત ઉપસર્ગમાં પણ સમાધિ.

૨૮. અટ્ઠાવીસાએ આયારપ્પકપ્પેહિં આચારાંગસૂત્ર અને તેની પાંચમી ચૂલિકારૂપ નિશીથ સૂત્રના અનુક્રમે શસ્ત્રપરીજ્ઞા વગેરે પચ્ચીસ તથા ઉદ્દ્ઘાતિમ વગેરે ત્રણ અધ્યયનો હોવાથી કુલ અઠયાવીસ અધ્યયનો થયા. આ અઠયાવીસ અધ્યયનોના સંબંધમાં અશ્રદ્ધા વગેરે થયેલા દોષોનું પ્રતિક્રમણ કરું છું.

૨૯. એગુણતીસાએ પાવસુઅપ્પસંગેહિં પાપના કારણરૂપ જે શ્રુતગ્રંથો છે તે ઓગણત્રીસ છે. તેના અધ્યયન આદિ કરવાથી લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરું છું.

ઓગણત્રીસ પાપગ્રંથો (૧) થી (૨૪) નિમિત્ત શાસ્ત્રનાં આઠ અંગો છે. તે દરેકના ત્રણ-ત્રણ ભેદ – સૂત્ર, વૃત્તિ અને વાર્તિક એ પ્રમાણે છે. આમ (આઠ × ત્રણ =

ચોવીસ ) પાપગ્રંથો થયા. (૨૫) સંગીતશાસ્ત્ર (૨૬) નૃત્યશાસ્ત્ર (૨૭) શિલ્પશાસ્ત્ર (૨૮) ઔદકશાસ્ત્ર (૨૯) શસ્ત્રકળાના શાસ્ત્રો.

**૩૦. તીસાએ મોહણીયઠાણેહિં** મોહનીયકર્મ બાંધવાનાં જે ત્રીસ કારણો છે તેનું સેવન કરવા-રૂપ લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરું છું.

**મોહનીય કર્મબંધનાં ત્રીસ સ્થાનો** (૧) ક્રૂરતા સાથે સ્ત્રી વગેરેને પાણીમાં ડૂબાડીને મારી નાંખવા. (૨) ક્રૂરતા સાથે મોંમાં ડૂચો દઈ કે ગળે ટૂંપો દઈ કોઈને મારી નાંખવો. (૩) મેતાર્ય મુનિના પ્રસંગની જેમ મસ્તકે ચામડું વગેરે વીંટીને મારી નાંખવા. (૪) એ જ રીતે હથોડા વગેરે વડે કોઈનું માથું ફોડી નાંખવું. (૫) આચાર્ય વગેરે મહાપુરુષોનો જાન લેવો. (૬) છતી શક્તિએ ગ્લાનાદિની સેવા ન કરવી. (૭) સાધુને અથવા દીક્ષાર્થી-ગૃહસ્થને ધર્મભ્રષ્ટ કરે. (૮) સમ્યગ્દર્શન વગેરે મોક્ષમાર્ગની વિપરીત પ્રરૂપણા કરીને અથવા સાધુ વગેરેની નિંદા કરીને જૈન-અજૈન લોકોને જૈન શાસનના

દ્વેષી બનાવવા. (૯) કેવળજ્ઞાન વગેરે શાસ્ત્રોક્ત પદાર્થોના અસ્તિત્વની શંકા કરવી કે તેની જાહેરમાં નિંદા કરવી. (૧૦) આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ વગેરેનું-નીચી કોટીનું જાતિપણું કે ઓછું જ્ઞાન તેની જાહેરમાં નિંદા કરવી. (૧૧) જ્ઞાનનું દાન કરતા ઉપકારીની સેવા ન કરવી. (૧૨) વારંવાર નિમિત્ત, કથન વગેરે કરવા દ્વારા ગોચરી-પાણી મેળવવા. (૧૩) તીર્થનો ભેદ કરાવે. તીર્થ = ચતુર્વિધ સંઘ. તેમાં પરસ્પર કુસંપ કરાવે. (૧૪) વશીકરણ વગેરે કરાવે. (૧૫) ત્યાગેલી વસ્તુઓની ઇચ્છા કરે. (૧૬) બહુશ્રુત ન હોવા છતાં કે તપસ્વી ન હોવા છતાં પોતાને તેવો ગણાવે. (૧૭) ઘણાઓને અગ્નિના ધૂમાડામાં ગૂંગળાવીને મારી નાંખે. (૧૮) પોતે પાપ કરીને બીજાના ઉપર આળ ચઢાવે. (૧૯) પોતાની ઉપધિને કપટથી છુપાવે અથવા પોતાના અસદ્ આચરણને કપટથી છુપાવીને બીજાઓને ઠગે.

(૨૦) જેના ઉપર અસદ્ભાવ થયો હોય તેવી વ્યક્તિ સભામાં સત્ય બોલતી હોય તો પણ તેને જુઠ્ઠી ઠરાવે. (૨૧) જેની તેની સાથે કાયમ ઝઘડા કરે. (૨૨) બીજાને વિશ્વાસમાં લઇને તેનું ધન વગેરે લૂંટી લે. (૨) પુરુષને વિશ્વાસમાં લઈને તેની સ્ત્રીને વશ કરે. (૨૪) પોતે કુમાર નહિ હોવા છતાં બીજાની આગળ પોતાને કુમાર તરીકે જણાવે. (૨૫) એ જ રીતે પોતે બ્રહ્મચારી ન હોવા છતાં પોતાને બ્રહ્મચારી જણાવે. (૨૬) જેની મદદથી પોતે ધનવાન થયો તેના ધનનો લોભ કરે. (૨૭) જેના પ્રભાવથી પોતે લોકમાં પ્રસિદ્ધિ પામ્યો તેને જ હેરાન કરે. (૨૮) રાજા વગેરેને હણે. (૨૯) જે દેવો વગેરે પોતાને દેખાતા નથી તેનો પોતાને સાક્ષાત્કાર થાય છે તેવાં ગપ્પાં ચલાવીને લોકોમાં પોતાનો પ્રભાવ વધારે. (૩૦) દેવોની અવજ્ઞા અર્થાત્ એ દેવોનું આપણને શું કામ છે ? વગેરે તિરસ્કારની વાતો કરવી.

૩૧. ઈગતીસાએ સિદ્ધાઇગુણેહિં સિદ્ધ ભગવંતોના જે એકત્રીસ ગુણો છે તે સંબંધમાં અશ્રદ્ધા વગેરે થયેલા દોષોનું હું પ્રતિક્રમણ કરું છું.

એકત્રીસ ગુણો ગોળ ચોરસ વગેરે સંસ્થાનો....પાંચ

| | |
|---|---|
| શુકલ વગેરે વર્ણો........ | પાંચ |
| સુરભિ........દુરભિ ગંધ | બે |
| મધુર વગેરે રસો........... | પાંચ |
| ગુરુ-લઘુ વગેરે સ્પર્શો........ | આઠ |
| પુરૂષવેદ વગેરે વેદો........ | ત્રણ |
| કુલ | અઠ્યાવીસ |

આ અઠ્યાવીસનો જેમનામાં અભાવ છે તથા જેઓ અશરીરી-અસંગ અને જન્મરહિત છે તે સિદ્ધ ભગવંતો આ એકત્રીસ ગુણોવાળા છે.

૩૨. બત્તીસાએ જોગસંગહેહિં મન, વચન અને કાયાના યોગો હંમેશ માટે સારા બની રહે તે અંગે આલોચના વગેરે બત્રીસ કારણો છે.

બત્રીસ કારણો (૧) શિષ્યે વિધિપૂર્વક ગુરુ પાસે આલોચના કરવી. (૨) તે આલોચના ગુરુએ પણ કોઈને જણાવવી નહિ.

(૩) આપત્તિના પ્રસંગોમાં પણ ધર્મમાં દઢ રહેવું. (૪) આ લોક-પરલોકના સુખની અપેક્ષા વિના તપ વગેરે ધર્મ કરવો. (૫) ગ્રહણ અને આસેવનરૂપ બે પ્રકારની શિક્ષાનું સેવન કરવું.

ગ્રહણ = ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવું.

આસેવન = તે જ્ઞાનને આચારમાં ઉતારવું.

(૬) શરીરની વિભૂષા ન કરવી. (૭) ગુપ્ત રીતે તપ કરવો. (૮) લોભદશાને ત્યાગવી. (૯) પરિષહ-ઉપસર્ગને સમભાવે સહવા. (૧૦) હૈયાના સરળ રહેવું. (૧૧) સંયમમાં પવિત્ર રહેવું. (૧૨) સમ્યક્ત્વમાં શુદ્ધ રહેવું. (૧૩) ચિત્તમાં સમાધિ રાખવી. (૧૪) આચારોનું હાર્દિક પાલન કરવું. (૧૫) કરવાયોગ્ય હરેકનો વિનય કરવો. (૧૬) કદી દીનતા કરવી નહિ. (૧૭) સંવેગરસમાં જીવવું. (૧૮) માયાનો ત્યાગ કરવો. (૧૯) હરેક અનુષ્ઠાનોમાં વિધિ સાચવવી. (૨૦) સંવરભાવ સતત જાળવવા પ્રયત્ન કરવો. (૨૧) આત્માના દોષો ઘટે એ તરફ લક્ષ રાખવું. (૨૨) સર્વ પૌદ્ગલિક ઈચ્છાઓના ત્યાગની ભાવના કરવી. (૨૩) ચરણસિત્તરીરૂપ મૂળ ગુણોને અંગે વિશેષ પચ્ચક્ખાણ કરવા. (૨૪) કરણસિત્તરીરૂપ ઉત્તર ગુણોને અંગે વિશેષ પચ્ચક્ખાણ

કરવા. (૨૫) દ્રવ્ય અને ભાવથી અનેક પ્રકારના ત્યાગ કરવા. (૨૬) અપ્રમત્તભાવ કેળવવો. (૨૭) હરક્ષણે સાધુ સામાચારીનું રક્ષણ પાલન કરવું. (૨૮) શુભ ધ્યાનમાં રહેવું. (૨૯) પ્રાણાંત વેદનાના સમયે પણ મનને ધર્મથી ચલિત ન થવા દેવું. (૩૦) પૌદ્ગલિક સંબંધોની ક્ષણિકતા વિચારતા રહીને તેના ત્યાગ માટે અનેક પચ્ચક્ખાણો કરવા. (૩૧) દોષોનું પ્રાયશ્ચિત્ત કરવુ. (૩૨) અંત સમય નજીક આવતા સંલેખના (આરાધના) કરવી.

આ બત્રીસ યોગસંગ્રહનું અપાલન વગેરે સ્વરૂપ લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરું છું.

૩૩. તિત્તીસાએ આસાયણાહિં (આશાતના–તેત્રીસ) ગુરુ-વંદન અધિકારમાં ગુરુની જે તેત્રીસ આશાતનાઓ આવે છે તે આશાતના-ઓનું અથવા નીચે મુજબની તેત્રીસ આશાતનાઓનું હું પ્રતિક્રમણ કરું છું.

અરિહંતથી વાચનાચાર્ય સુધીની ઓગણીસ આશાતના થાય છે. તે અરિહંત વગેરે ઓગણીસ નામો નીચે મુજબ છે. (૧) અરિહંત. (૨) સિદ્ધ. (૩) આચાર્ય. (૪) ઉપાધ્યાય. (૫) સાધુ. (૬) સાધ્વી. (૭) શ્રાવક. (૮) શ્રાવિકા. (૯) દેવ. (૧૦) દેવી. (૧૧) ઇહલોક. (૧૨) પરલોક. [અહીં મનુષ્યને મનુષ્યપણે જે સમાનતા છે તે ઇહલોક સમજવો અને મનુષ્ય તથા દેવપણાને જે અસમાનતા છે તે પરલોક સમજવો.

તે આ આ લોક અને પરલોક સંબંધમાં જે અસત્ય પ્રરૂપણા વગેરે થાય તે આશાતના.] (૧૩) કેવલી ભગવંતોએ કહેલો ધર્મ [શ્રુતધર્મ અને ચારિત્રધર્મ એમ બન્ને પ્રકારના ધર્મ સમજવા.] (૧૪) દેવ, મનુષ્ય અને અસુરલોક [અહીં દેવથી ઊર્ધ્વલોક—મનુષ્યથી તીર્છાલોક અને અસુરથી અધોલોક સમજવો] આમ ત્રણ લોકના વિષયમાં અસત્ય પ્રરૂપણા કરવી તે આશાતના. (૧૫) સર્વ પ્રાણ,ભૂત,જીવ અને સત્ત્વો [અહીં પ્રાણ એટલે બેઇન્દ્રય આદિ વ્યક્ત શ્વસોચ્છ્વાસવાળા જીવો સમજવા, ભૂત એટલે પૃથ્વીઆદિ પાંચ સ્થાવરો સમજવા, જીવ આયુષ્ય ભોગવતા બધા જીવો અને સત્ત્વ એટલે સંસારી અને સિદ્ધ એમ સર્વ જીવો સમજવા] વગેરેની અસત પ્રરૂપણા કરવી. (૧૬) કાળદ્રવ્ય [જે એમ કહે કે, "કાળ નામનું કોઇ દ્રવ્ય છે જ નહિ." ઇત્યાદિ કાળ સંબંધમાં અશ્રદ્ધા વગેરે કરવાથી આશાતના લાગે.] (૧૭) શ્રુત એટલે જ્ઞાનાચાર [કોઇ એમ કહે કે, "શાસ્ત્ર ભણવાની સારી ક્રિયામાં કાળ અને અકાળ શેનો હોય ?" અથવા કોઇ એમ કહે કે, "આગમ ગ્રંથોમાં વારંવાર છ કાયનું કે છ વ્રતોનું વર્ણન આપવાની શી જરૂર છે ? આ પ્રમાણે શ્રુત સંબંધમાં આશાતના લાગે.] (૧૮) શ્રુતદેવી ["શ્રુતદેવી છે જ નહિ." અથવા "તેનામાં કાંઇ શક્તિ નથી." તે આશાતના કહેવાય.] (૧૯) વાચનાચાર્ય [જેટલી વાર વાચના લેવાની હોય તેટલી વાર તેમને વંદન કરવું જોઇએ. આથી જે કંટાળીને એમ કહે કે, "અમારા કષ્ટનો ખ્યાલ કર્યા વિના વાચનાચાર્ય શું કરવા વારંવાર

વંદન કરાવતા હશે ?" આમ બોલવું તે વાચનાચાર્યની આશાતના કહેવાય.]

## હવે શ્રુત સંબંધી ચૌદ આશાતનાઓ

૧ જંવાઇદ્ધં સૂત્રમાં ક્રમ ન સાચવ્યો કે ઉચ્ચાર બરાબર કર્યો નહિ તેનું પ્રતિક્રમણ.

૨ વચ્ચામેલિઅં શાસ્ત્રોના જુદા જુદા અંશો ભેગા કરીને સૂત્રના મૂળસ્વરૂપને બદલી નાખ્યું તેનું પ્રતિક્રમણ.

૩ હીણક્ખરમ્ સૂત્રનો એકાદ પણ અક્ષર ઓછો બોલાયો તેનું પ્રતિક્રમણ.

૪ અચ્ચક્ખરમ્ સૂત્રનો એકાદ પણ અક્ષર વધારે બોલાયો તેનું પ્રતિક્રમણ.

૫ પયહીણં આખું પદ બોલવામાં રહી ગયું તેનું પ્રતિક્રમણ.

૬ વિણયહીણં સૂત્રનો ઉચિત વિનય ન કર્યો તેનું પતિક્રમણ.

૭ ઘોસહીણં જે પ્રમાણે વર્ણનો ઘોષ (અવાજ) નીકળવો જોઇએ તે પ્રમાણે ન નીકળ્યો તેનું પ્રતિક્રમણ.

૮ જોગહીણં તે તે સૂત્રના જોગ કર્યા વિના તે તે સૂત્રનું વાચન વગેરે કર્યું તેનું પ્રતિક્રમણ.

૯ સુત્તહુ્ડિન્નં સુટ્ઠુ =વધારે જે વ્યક્તિને જેટલું સૂત્ર આપવું જોઈતું હતું તેથી વધુ સૂત્ર અપાયું તેનું પ્રતિક્રમણ.

૧૦ દુટ્ઠુપડિચ્છિઅં મનના કલુષિત ભાવ સાથે (દુટ્ઠુ) ગુરુ પાસેથી સૂત્ર લીધું તેનું પ્રતિક્રમણ.

૧૧ આકાલેકઓ સજ્ઝાઓ...
૧૨ કાલેન કઓ સજ્ઝાઓ...
} સ્વાધ્યાય માટેના નિષિદ્ધ સમયે સ્વાધ્યાય કર્યો અને અનિષિદ્ધ સમયે નિષ્કારણ સ્વાધ્યાય ન કર્યો તેનું પ્રતિક્રમણ

૧૩ અસજ્ઝાએ સજ્ઝાઇઅં...
૧૪ સજ્ઝાએ ન સજ્ઝાઈઅં...
} હાડકું-કલેવર વગેરે ને અસ્વાધ્યાઇક કહેવાય તેવી અશુદ્ધ વસતિમાં સ્વાધ્યાય કર્યો અને તે વિનાની શુદ્ધ વસતિમાં સ્વાધ્યાય ન કર્યો તેનું પ્રતિક્રમણ.

તસ્સ મિચ્છા મિ દુક્કડમ્ આમ ઉપર જણાવેલી તેત્રીસ આશાતનાઓનું હું મિચ્છા મિ દુક્કડં કરું છું

હવે સાધુ ચોવીસ તીર્થંકર ભગવંતોને નમસ્કાર કરીને તે જિનપ્રવચનને ઊંચામા ઊંચા પ્રશંસાના શબ્દો

દ્વારા યાદ કરે છે. જે જિનપ્રવચને પોતાને સર્વવિરતિ અપાવીને ચાર ગતિના ભયાનક સંસારમાંથી ઉગારી લીધો છે.

નમો ચઉવીસાએ તિત્થયરાણં
ઉસભાઈ મહાવીર પજ્જવસાણાણં

પરમાત્મા ઋષભદેવથી માંડીને મહાવીર પરમાત્મા સુધીના ચોવીસ તીર્થંકરદેવોને મારો નમસ્કાર થાઓ....જે પરમ તારકોએ નીચે જણાવેલા વિશેષણોથી યુક્ત દ્વાદશાંગી રૂપ પ્રવચનની સર્વ જીવોના હિત માટે પ્રરૂપણા કરી છે.

કેવું છે તે પ્રવચન ? ? ?

ઇણમેવ નિગ્ગંથં આ જ પ્રવચન જે મુખ્યત્વે નિર્ગ્રંથો માટે અત્યંત ઉપકારક છે.

| | |
|---|---|
| પાવયણં | પ્રવચન એટલે પ્રકૃષ્ટ વચન. આ જિનપ્રવચનમાં જીવ અજીવ વગેરે પદાર્થોનું પ્રકૃષ્ટ (ઉત્કૃષ્ટ) વિવેચન છે. |
| સચ્ચં | તે સજ્જનોને હિતકારી છે. |
| અણુત્તરં | તેના કરતાં શ્રેષ્ઠ (ઉત્તર) બીજું કોઇ દર્શન નથી. |
| કેવલિઅં | જગતમાં તે એક જ (કેવળ જ) છે. |
| પડિપુન્નં | તે સર્વ વિષયોનું પ્રરૂપક હોવાથી સંપૂર્ણ છે. |

| | |
|---|---|
| નેઆઉઅં | તે ન્યાયથી યુક્ત છે. |
| સંસુદ્ધં | શાસ્ત્ર માટે જણાવાયેલી કષ-છેદ-તાપ નામની ત્રણ પરીક્ષાઓમાં પાર, ઊતર્યું હોવાથી એકદમ શુદ્ધ છે. |
| સલ્લગત્તણં | તે ત્રણ શલ્યોને (ગત્તણં=કર્તનં) કાપનારું છે. |
| સિદ્ધિમગ્ગં મુત્તિમગ્ગં | અહીં સિદ્ધિ એટલે આપણા આત્માને હિતકર અવસ્થાઓની પ્રાપ્તિ સમજવી અને મુક્તિ એટલે આપણા આત્માની અહિતકર અવસ્થાથી છૂટકારો સમજવો. આવી સિદ્ધિ અને મુક્તિના ઉપાય (માર્ગ) રૂપ તે પ્રવચન છે. |
| નિજ્જાણમગ્ગં | નિજ્જાણ એટલે નિર્યાન અર્થાત્ સિદ્ધશીલા. ત્યાં જવાના માર્ગરૂપ તે પ્રવચન છે. |
| નિવ્વાણમગ્ગં | નિર્વાણ એટલે સકલ કર્મોના ક્ષયથી પ્રગટ થતું આત્માનું અનંત સુખ તેના માર્ગરૂપ તે પ્રવચન છે. |
| અવિતહમ્ | તે સત્ય સ્વરૂપ છે (વિતહં=અસત્ય, અવિતહં=સત્ય) |
| અવિસંધિ | તે પ્રવચન શાશ્વત છે કેમ કે મહાવિદેહ આદિ ક્ષેત્રોમાં સતત ચાલુ |

છે (વિસંધિં=નાશ અવિસંધિં= શાશ્વત.)

સવ્વદુક્ખપ્પહીણમગ્ગં જયાં સર્વ દુ:ખો નાશ પામ્યા છે, તે મોક્ષ મેળવવાના માર્ગ સ્વરૂપ તે પ્રવચન છે,

## પરાર્થંકારી પ્રવચન

ઇત્થંઠિઆ જીવા જે પુણ્યાત્માઓ આ પ્રવચનની બતાવેલી આરાધનાઓમાં સ્થિર રહેલા છે.

(૧) સિજ્ઝંતિ તે પુણ્યાત્માઓને અષ્ટ મહાસિદ્ધિ વગેરે પ્રાપ્ત થાય છે.

(૨) બુજ્ઝંતિ તેઓ કેવલજ્ઞાન પામે છે.

(૩) મુચ્ચંતિ તેઓ અઘાતી કર્મોથી પણ મુક્ત થાય છે.

(૪) પરિનિવ્વાયંતિ તેઓ સર્વ પ્રકારની શાંતિ (નિર્વાણ)-ને પામે છે.

(૫) સવ્વદુક્ખાણમંતં કરંતિ અને છેલ્લે તેઓ શરીર વગેરે સંબંધી સર્વદુ:ખોનો અંત કરે છે.

**આવા મહિમાવંતા પ્રવચનમાં મારી શ્રદ્ધા વગેરે**

તં ધમ્મં...(૧) સદ્દહામિ તે પ્રવચનોમાં હું વિશ્વાસ કરું છું.

(૨) પત્તિયામિ અરે....! તેમાં દૃઢ વિશ્વાસ ધારણ કરું છું.

(૩) રોએમિ તે પ્રવચનની ઉત્તમ સેવા કરવાની રુચી ધારણ કરું છું.

(૪) ફાસેમિ તે પ્રવચનની આજ્ઞાઓને સ્પર્શું છું.

(૫) પાલેમિ અરે....! તે આજ્ઞાઓનું પણ નિરતિચારપણે પાલન કરું છું.

(૬) અણુપાલેમિ તે રીતે તે પ્રવચનની વારંવાર રક્ષા કરું છું.

તં ધમ્મં સદ્દહંતો વગેરે છ પદો આ રીતે તે ધર્મનો વિશ્વાસ -દૃઢ વિશ્વાસ-રુચિ-સ્પર્શના-પાલન અને નિર્મળ-પાલન કરતો એવો હું.

તસ્સ ધમ્મસ્સ કેવલીપન્નત્તસ્સ...તે કેવલીપ્રજ્ઞપ્ત ધર્મની આરાધના કરવામાં હવે સજ્જ બન્યો છું અને વિરાધનાઓથી નિવૃત્ત થવામાં કટિબદ્ધ થયો છું.

કેવલીપ્રજ્ઞપ્ત પ્રવચને જણાવેલી આરાધના...વિરાધના

અસંજમં પરિઆણામિ

સંજમં ઉવસંપજ્જામિ પ્રાણાતિપાત આદિ અસંયમને હું

જ્ઞાન દ્વારા બરાબર સમજી લઈને પચ્ચક્ખાણ કરવાપૂર્વક ત્યાગું છું અને પછી સંયમધર્મનો સ્વીકાર કરું છું.

હવે સમજીને જેનું પચ્ચક્ખાણ કરવાનું છે એવી સાત બાબતો જણાવાય છે. જે ટૂંકમાં નીચે મુજબ છે. (૧) અબ્રહ્મચર્ય (૨) અકલ્પ્ય=અકૃત્ય=ન કરવા જેવું (૩) અજ્ઞાન (૪) અક્રિયા=નાસ્તિક લોકોના મતો (૫) મિથ્યાત્વ (૬) જિન-ધર્મની અપ્રાપ્તિ સ્વરૂપ અબોધિ (૭) મિથ્યાત્વ, અવરિતિ, કષાય અને અશુભ યોગ સ્વરૂપ અમાર્ગ.

હવે જે સાત બાબતોનો સ્વીકાર કરવાનો છે તે આ મુજબ છે. (૧) બ્રહ્મચર્ય (૨) કલ્પ્ય=સારાં કૃત્યો (૩) જ્ઞાન (૪) આસ્તિકોના સમ્યગ્ મત સ્વરૂપ ક્રિયા (૫) સમ્યક્ત્વ (૬) બોધિ=જિન ધર્મની પ્રાપ્તિ (૭) સમ્યગ્ દર્શનાદિ સ્વરૂપ માર્ગ

જં સંભરામિ વગેરે પદો છદ્મસ્થપણાને કારણે મને કેટલું યાદ આવે? એટલે જે હું સાંભરું છું અને જે મને યાદ આવતું નથી જેનું હમણાં જ મેં પ્રતિક્રમણ કર્યું છે. અને હજુ સુધી પણ જેનું પ્રતિક્રમણ કરી શકયો નથી.

તસ્સ સંવચ્છરસ્સ તે બધાય મને લાગેલા દિવસ સંબંધી [કે રાત્રિ સંબંધી] અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું.

## મુનિપણાનું ગૌરવવંતુ સ્વરૂપ

[અરે....! મારાથી પાપ તો કેમ થાય? કેમ કે–]

સમણોહં, વગેરે પદો... હું શ્રમણ છું. મેં કરેલા ભૂતકાળના અતિચારોની નિંદા કરી છે તથા હું ભવિષ્યકાળના અતિચારોથી અટક્યો છું, અને વર્તમાનકાળમાં પણ પાપ કરવાના પચ્ચક્ખાણવાળો બન્યો છું.

અનિઆણો વળી હું આલોક કે પરલોકના નિયાણાથી રહિત થયો છું.

દિટ્ઠિસંપન્નો વળી હું સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી ચૂક્યો છું.

માયામોસ વિવજ્જિઓ વળી હું માયાપૂર્વકના મૃષાવાદને ત્યાગી ચૂક્યો છું. હવે મારાથી પાપ થઈ શકે જ નહિ.

## વિશિષ્ટ કોટિના મહાત્માઓને ભાવભર્યાં વંદન

અત્યાર સુધી પોતાના દુષ્કૃતોની ગર્હા કરી. પરંતુ તેટલા માત્રથી પાપમુક્ત થઈ શકાતું નથી. તે માટે સાથોસાથ સુકૃતોની અનુમોદના પણ કરવી જોઈએ. અને સુકૃતના સેવીઓને ભાવભર્યાં પ્રણામ પણ કરવા જોઈએ. માટે હવે તે વિધિ શરૂ થાય છે.

અડ્ઢાઈજ્જેસુ ........... સિરસા મણસા મત્થએણ વંદામિ.

જંબૂદ્વીપ - ધાતકીખંડ અને અડધો પુષ્કરાવર્તદ્વીપ તથા તેમની વચ્ચે આવેલા લવણસમુદ્ર અને કાલોદધિસમુદ્ર. આ બધું મળીને અઢીદ્વીપ કહેવાય. આ અઢીદ્વીપમાં આવેલી પંદર કર્મભૂમિઓ (પાંચ ભરતક્ષેત્ર + પાંચ ઐરવત ક્ષેત્ર પાંચ મહાવિદેહ ક્ષેત્ર) માં જે કોઈ સાધુ ભગવંતો હોય.

કેવા ? (૧) જેમણે ઓઘો-ગુચ્છા-પાતરા વગેરેને ધારણ કર્યા હોય,

(૨) જેઓ પાંચ મહાવ્રતના ધારક હોય,

(૩) જેઓ અઢાર હજાર શીલાંગના ધારક હોય,

(૪) જેઓનો ચારિત્રધર્મ અક્ષત આકાર સ્વરૂપ હોય અર્થાત્ જેઓના ચારિત્રની આકૃતિ ખંડિત થઈ ન હોય-

તે સર્વેને શિરથી અને મનથી હું નમસ્કાર કરું છું

અઢાર હજાર શીલના અંગો

મન-વચન અને કાયાના ત્રણ યોગથી = (૩)
કરવું-કરાવવું અને અનુમોદવું નહિ એ ત્રણ કરણથી = (૩×૩ = ૯)

આહારાદિ ચાર સંજ્ઞાથી = (૩×૩×૪= ૩૬)

સ્પર્શેન્દ્રિય વગેરે પાંચ ઇન્દ્રિયોથી = (૩×૩×૪×૫ =૧૮૦) પૃથ્વીકાયાદિ પાંચ એકેન્દ્રિયો -ત્રણ વિકલેન્દ્રિયો અને સંજ્ઞી-

અસંજ્ઞી પંચેન્દ્રિયથી કુલ (૩×૩×૪×૫×૧૦=૧૮૦૦)

ક્ષમા વગેરે દશ યતિધર્મની રક્ષા કરવાપૂર્વક =

(૩×૩×૪×૫×૧૦×૧૦ = ૧૮૦૦૦)

આમ મુનિજીવનરૂપી જે રથ છે તેને જો સારી રીતે ચલાવવો હોય તો તેના ઉપર મુજબના અઢારે હજાર અંગો (શીલાંગ) સાબૂત જોઇએ. શીલાંગ એટલે આત્મધર્મો સમજવા.

ખામેમિ સવ્વ જીવે (સર્વ જીવો સાથે ક્ષમાપના)

હું સર્વ જીવોને ખમાવું છું મને સર્વ જીવો ક્ષમા આપો. (અહીં ખમાવું = માફી માંગવી થાય.) કેમકે સર્વ જીવો પ્રત્યે મારો મૈત્રીભાવ છે. મને કોઈ પ્રત્યે વૈર નથી.

ઉપસંહારમાં જિનવંદના

**એવમહં આલોઇઅ ......**

આ રીતે ઉપર કહ્યા મુજબ મારા દોષોને પ્રગટ કરીને (આલોઇઅ) મારા દોષોની આત્મસાક્ષીએ નિંદા કરીને (નિંદીય) વળી તે દોષોની ગુરુસાક્ષીએ પણ નિંદા કરીને (ગરહિઅ). વળી એ દોષોની દુષ્ટતા જાણવાથી તેની ઉપર દુગંચ્છા કરીને (દુગંછિઅં).

તિવિહેણ પડિક્કંતો

એ સર્વ દોષોનું ત્રિવિધે-ત્રિવિધે પ્રતિક્રમણ કરીને તેમનાથી મુક્ત થયેલો હું—

વંદામિ જિણે ચઉવ્વીસં

ચોવીસ જિનેશ્વરોને વંદન કરું છું.

# પાક્ષિકસૂત્રના અર્થ

## ૫

આ પાક્ષિકસૂત્રમાં સામાન્યતઃ ત્રણ અધિકારો વર્ણવ્યા છે.

### પહેલો અધિકાર

છ વ્રતોના અતિચારના પ્રતિક્રમણ સ્વરૂપ તથા તે વ્રતોની સ્તવના સ્વરૂપ [ઇચ્ચેઇઆઇં ગાથા સુધી] પહેલે ।અધિકાર છે.

### બીજો અધિકાર

એ જ વ્રતોના રક્ષણ માટે જેમાં જણાવ્યું છે કે અગિયાર પ્રકારના સાવદ્યયોગો ત્યાગવા જેવા છે અને અનવદ્યયોગો સ્વીકાર કરવા જેવા છે. તે એકથી અગિયાર પર્યંતના ભાવોના નિરૂપણ સ્વરૂપ બીજો અધિકાર છે. [બેંતાલીસ ગાથા સુધી]

### ત્રીજો અધિકાર

ગણધરાદિ ભગવંતોએ ગોઠવેલા આવશ્યક–કાલિક–ઉત્કાલિક અંગપ્રવિષ્ઠ વગેરે શ્રુતોના નામોલ્લેખ સાથે સ્તવના સ્વરૂપ ત્રીજો અધિકાર છે. ["તસ્સ મિચ્છા મિ દુક્કડમ્" અંતિમપદ સુધી]

# પહેલો અધિકાર

## ॥૧॥

તિત્થંકરે અ તિત્થે......

આ ગાથામાં નવ વસ્તુઓને પ્રણામ કરવા દ્વારા મંગલ કરવામાં આવ્યું છે. તે નીચે મુજબ-

(૧) તીર્થંકરદેવ. (તિત્થંકરે)

(૨) તીર્થ સ્વરૂપ ગણધર ભગવંત. (તિત્થે)

(૩) શાસનની સ્થાપનાના કાળમાં જેઓ સિદ્ધ થયા ન હોય તેવા અતીર્થસિદ્ધો. [દા.ત. મરૂદેવામાતા] (અતિત્થસિદ્ધે)

(૪) શાસનની સ્થાપના બાદ શરૂ થયેલા તીર્થના કાળમાં સિદ્ધ થયેલા તીર્થસિદ્ધો. [દા.ત. સુધર્માસ્વામી વગેરે] (તિત્થસિદ્ધે)

(૫) સિદ્ધના પંદર ભેદોમાંથી બાકી રહેલા તેર પ્રકારના સિદ્ધો (સિદ્ધે)

(૬) સામાન્ય કેવલીઓ (જિણે).

(૭) મૂળ અને ઉત્તરગુણોથી યુક્ત (રિસી) સાધુઓ.

(૮) અણિમા વગેરે આઠ લબ્ધિઓના ધારક મહાન સાધુઓ (મહરિસી)

(૯) પાંચ જ્ઞાન (નાણં)

વંદામિ = ઉપરોક્ત નવ પૂજનીયોને હું વંદન કરું છું.

## ॥૨॥

જ્યારે કોઈ સાધુએ શાસ્ત્રોકત પ્રકારના સાચા સાધુ બનવું હોય ત્યારે તેણે પોતાના જીવનની શિથિલતાઓના

દોષોની માત્ર ગર્હા કર્યે ન ચાલે, પરંતુ તેની સાથોસાથ તેણે સાચા સાધુઓને અત્યંત ભાવભર્યા નમસ્કાર કરવારૂપ સુકૃતાનુમોદના પણ કરવી જોઈએ. આ બીજી ગાથામાં તે જ વાત કરવામાં આવી છે કે........

જે અ ઈમં........

સમ્યગ્દર્શનાદિ ગુણોરૂપી રત્નોના ભરેલા સાગરની થોડી પણ વિરાધના કર્યા વિના જે સાચા સાધુઓ આ સંસારસાગરને તરી ગયા છે તેમને નમસ્કાર કરવારૂપ મંગલ કરીને હું પણ તેમના જેવી જ આરાધનાઓની અભિમુખ થાઉં છું.

॥૩॥

મમ મંગલમરિહંતા......

હે અરિહંતો....! સિદ્ધ ભગવંતો....! મુનિઓ....!તથા આગમગ્રંથો....! તથા સાધુ અને શ્રાવકરૂપ બંને પ્રકારની વિરતીઓ...! ક્ષમા....! ત્રણ પ્રકારની ગુપ્તિ....! સંતોષ...!(મુત્તી) સરળતા....! (અજ્જવયા) નિરભિમાનીપણું (મદ્દવં)! તમે સૌ મારા મંગલ માટે થાઓ.

॥૪॥

લોઅમ્મિ સંજયા જં

પંદર કર્મભૂમિરૂપ લોકમાં જે મુનિઓ (સંજયા) તીર્થંકર દેવોએ કહેલા (પરમરિસિદેસિઅં) અત્યંત બળવાન (ઉઆરં=ઉદારમ્) એવા પાંચ મહાવ્રતોનું ઉચ્ચારણ કરે છે

તે જ ઉચ્ચારણ કરવાને હું પણ (અહમવિ) સજ્જ બન્યો છું (ઉવટ્ઠિઓ).

સે કિં તં... તે મહાવ્રતોની ઉચ્ચારણા શું છે ?

[ગુરુનો જવાબ]

અહુવ્વય ઉચ્ચારણા...

મહાવ્રતની ઉચ્ચારણા પાંચ પ્રકારની કહી છે અને રાત્રિભોજનનો ત્યાગ એ છઠ્ઠો પ્રકાર છે.

તં જહા સવ્વાઓ.........રાઇભોઅણાઓ વેરમણં.

| | | | |
|---|---|---|---|
| (૧) સર્વથા | પ્રાણાતિપાત | વિરમણ | મહાવ્રત. |
| (૨) ,, | મૃષાવાદ | ,, | ,, |
| (૩) ,, | અદત્તાદાન | ,, | ,, |
| (૪) ,, | મૈથુન | ,, | ,, |
| (૫) ,, | પરિગ્રહ | ,, | ,, |
| (૬) ,, | રાત્રિભોજન | ,, | વ્રત. |

તત્થ ખલુ પઢમે ભંતે...!

હે ભગવંત....! તે મહાવ્રતોના ઉચ્ચારણમાં પ્રથમ ઉચ્ચારણ સર્વથા પ્રાણાતિપાત વિરમણ મહાવ્રતનું છે. તો હે ભગવંત....! હવે હું સર્વથા પ્રાણાતિપાતનો ત્યાગ કરું છું.

સે સુહુમં વા......

જે જીવો સૂક્ષ્મ હોય કે બાદર હોય-ત્રસ હોય કે સ્થાવર હોય-તેમના પ્રાણોને હું પોતે (સયં) હણીશ નહિ અને બીજાઓ દ્વારા (નેવન્નેહિં) પ્રાણોને હણાવીશ નહિ અને કોઇ પ્રાણોને હણતો હશે તો તેની હું અનુમોદના કરીશ નહિ.

જાવજ્જીવાએ : જિંદગી પર્યંત–જીવું ત્યાં સુધી.

તિવિહં : કરવા, કરાવવા અને અનુમોદવારૂપ હિંસાને કરીશ નહિ.

તિવિહેણં : મન-વચન-કાયાથી (તિવિહં અનુસાર) હિંસાને ત્યજું છું.

તસ્સ ભંતે : આવી કોઈ હિંસા ભૂતકાળમાં મારા વડે થઇ હોય તો હે ભગવંત....!

પડિક્કમામિ... : હું તેનું મિથ્યા દુષ્કૃત દઉં છું. આત્મ–સાક્ષીએ નિંદા કરું છું (નિંદામિ) અને ગુરુસાક્ષીએ ગર્હા–જુગુપ્સા કરું છું (ગરિહામિ).

અપ્પાણં વોસિરામિ : તેવા મારા હિંસક પરિણામવાળા ભૂતકાલીન આત્માને મારા મનથી ત્યજી દઉં છું.

સે પાણાઈવાએ ચઉવ્વિહે......

જીવોના પ્રાણોનો નાશ ચાર પ્રકારે છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી.

દવ્વઓણં પાણાઇવાએ : દ્રવ્યથી પ્રાણોના નાશ એટલે ષટ્જીવનિકાયમાંથી કોઇ પણ જીવદ્રવ્યના પ્રાણોનો નાશ.

ખિત્તઓ ણું પાણાઇવાએ : ક્ષેત્રથી પ્રાણોનો નાશ એટલે ચૌદ રાજલોક સ્વરૂપ ક્ષેત્રમાં રહેલા કોઇ પણ જીવના પ્રાણોનો નાશ.

કાલઓ ણં પાણાઇવાએ : કાળથી પ્રાણોનો નાશ એટલે દિવસ અથવા રાત્રિના કોઇપણ કાળમાં થતો જીવના પ્રાણોનો નાશ.

**ભાવઓ ણું પાણાઈવાએ :** ભાવથી પ્રાણોનો નાશ એટલે રાગના અથવા દ્વેષના ભાવથી થતો કોઇપણ જીવના પ્રાણોનો નાશ.

**જં મએ ઇમસ્સ ધમ્મસ્સ...** આ આલાવાની અંદર કેવલીપ્રજ્ઞપ્ત વગેરે બાવીસ વિશેષણોથી વિશિષ્ટ સાધુનો આચાર ધર્મ બતાડવામાં આવ્યો છે તે બાવીસ પ્રકારના આચાર ધર્મમાં ભૂતકાળની અંદર અજ્ઞાનતા વગેરે ચાર કારણોથી અને પ્રમાદ વગેરે અગિયાર કારણોથી કોઇ પણ જીવના પ્રાણોનો નાશ કરાયો હોય તેની હું નિંદા વગેરે કરું છું એ પ્રમાણે જણાવાયું છે.

### કેવો છે તે મારો સર્વવિરતિ-ધર્મ !
### બાવીસ વિશેષણો

(૧) **કેવલિપન્નત્તસ્સ :** કેવલી ભગવંતે ભાખેલો.
(૨) **અહિંસા-લક્ખણસ્સ :** અહિંસાના સ્વરૂપવાળો,
(૩) **સચ્ચાહિટ્ઠિઅસ્સ :** સત્ય ઉપર રહેલો,
(૪) **વિણયમૂલસ્સ :** જેનું મૂળ વિનય છે તેવો,
(૫) **ખંતિપ્પહાણસ્સ :** જેમાં ક્ષમા પ્રધાન છે તેવો,
(૬) **અહિરણ્ણ સોવન્નિઅસ્સ :** જેમાં સોનું કે સોનૈયા રાખી શકાતા નથી અર્થાત્ જે સર્વપરિગ્રહથી રહિત છે.
[હિરણ્ય=ઘડયા વિનાનું, સુવર્ણ=ઘડેલું-સોનામહોર વગેરે]
(૭) **ઉવસમપભવસ્સ :** જેના સેવનથી મોહાદિનો ઉપશમ-ભાવ પેદા થાય તેવો,
(૮) **નવબંભચેરગુત્તસ્સ :** નવ પ્રકારની બ્રહ્મચર્યની વાડોથી જે સુરક્ષિત છે તેવો,

(૯) અપયમાણુસ્સ : જેને આરાધનારા સાધુ–સાધ્વીઓ રસોઈ કરવાની ક્રિયાના ત્યાગી હોય છે તેવો, [અપયમાણુસ્સ–અપચ્ચ માણુસ્સ પચ્–રસોઇ કરવી.]
(૧૦) ભિક્ખાવિત્તિઅસ્સ : રસોઇ કરનારા નહિ હોવાથી જે ધર્મના આરાધકો ભિક્ષાવૃત્તિવાળા હોય છે, તેવો.
(૧૧) કુક્ખીસંબલસ્સ : તેવી ભિક્ષાથી જેના આરાધકો માત્ર પેટ ભરવા પૂરતું ભોજન લે છે અર્થાત્ બીજા દિવસ માટે સંગ્રહ કરતા નથી તેવો,
(૧૨) નિરગ્ગિસણુસ્સ : જેના આરાધકો અગ્નિના સેવનનું સ્મરણ પણ કરતા નથી તેવો,
(૧૩) સંપક્ખાલિઅસ્સ : જેની આરાધનાથી સર્વ કર્મ-મળોનું પ્રક્ષાલન થાય છે તેવો,
(૧૪) ચત્તદોસસ્સ : જેના આરાધકો રાગાદિ દોષોના ત્યાગી છે તેવો, [ચત્ત–ત્યક્ત]
(૧૫) ગુણગ્ગાહિઅસ્સ : જેના આરાધકો ગુણોના ગ્રાહક છે. તેવો,
(૧૬) નિવ્વિઆરસ્સ : જે ધર્મની આરાધના કરવાથી ઇન્દ્રિય અને મનના વિકારો પેદા થતા નથી તેવો,
(૧૭) નિવ્વિત્તિલક્ખણુસ્સ : સર્વ પાપ વ્યાપારથી નિવૃત્તિ એ જ જેનું સ્વરૂપ છે તેવો,
(૧૮) પંચમહવ્વયજુત્તસ્સ : પાંચ મહાવ્રત સ્વરૂપ,
(૧૯) અ–સંનિહિસંચયસ્સ : જે ધર્મની આરાધનામાં મેવો કે ફળ–ફળાદિ કે ઔષધ વગેરે રાત્રે રાખવારૂપ સંનિધિ કરી શકાતો નથી તેવો,

(૨૦) અ-વિસંવાઈઅસ્સ : શાસ્ત્રમાં આપેલું જે સર્વ વિરતિ ધર્મનું નિરૂપણ જરા પણ વિસંવાદી નથી અર્થાત્ આત્માનું એકાંતે હિત કરનાર યથાર્થ નિરૂપણ છે જેનું તેવો,

(૨૧) સંસારપારગામિઅસ્સ : જે ધર્મની આરાધના કરવાથી અવશ્યમેવ સંસારથી પાર ઊતરાય છે તેવો,

(૨૨) નિવ્વાણગમણ પજ્જવસાણફલસ્સ : જે સર્વવિરતિ ધર્મની આરાધના નિર્વાણસ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરી આપવા સુધીનું ફળ આપીને જ રહે છે. તેવો છે મારો સર્વવિરતિ ધર્મ...!

## અજ્ઞાનતાદિ ચાર કારણોથી થયેલો પ્રાણાતિપાત

ઉપર જણાવેલા બાવીસ વિશેષણોવાળા સર્વથા પ્રાણાતિપાત વિરમણમહાવ્રતરૂપ ચારિત્રધર્મની વિરાધના અજ્ઞાનતા વગેરે ચાર કારણોથી થઈ જતી હોય છે. તે ચાર કારણો નીચે પ્રમાણે—

(૧) પુવ્વિં અ-ન્નાણયાએ : આ ધર્મ પામતા પહેલાં અજ્ઞાનતાથી,

(૨) અ-સવણયાએ : ગુર્વાદિકના મુખેથી આ ચારિત્ર-ધર્મનું શ્રવણ નહિ મળવાથી,

(૩) અબોહિઆએ : તેવું શ્રવણ મળવા છતાં તેને યથાર્થરૂપે નહિ સમજવાથી,

(૪) અણભિગમેણં : તેવું સમજવા (માનવા) છતાં પણ તેને સમ્યક્‌પણે નહિ સ્વીકારવાથી-મેં જે પ્રાણાતિપાત

કરીને ચારિત્ર ધર્મની વિરાધના કરી હોય તેનું પ્રતિક્રમણ કરું છું.

## પ્રમાદાદિ અગિયાર કારણોથી થયેલો પ્રાણાતિપાત

ઉપર જણાવેલા ચાર દોષોથી થયેલો પ્રાણાતિપાત એ તો ચારિત્રધર્મના સ્વીકાર પૂર્વેનો છે, જ્યારે હવે જણાવાતા પ્રમાદ આદિ અગિયાર દોષોથી થતો પ્રાણાતિપાત પછીનો છે. તે અગિયાર દોષો નીચે મુજબ છે.

(૧) **અભિગમેણ વા પમાએણં** : ચારિત્રધર્મનો સ્વીકાર કરવા છતાં [અભિગમ=સ્વીકાર] પ્રમાદથી,
(૨) **રાગદોસપડિબદ્ધયાએ** : રાગ દ્વેષની આકુળ વ્યાકુળતાથી,
(૩) **બાલયાએ** : બાળક જેવી નાદાન બુદ્ધિથી,
(૪) **મોહયાએ** : મિથ્યાત્વ વગેરે મોહનીય કર્મના ઉદયની પ્રબળતાથી.
(૫) **મંદયાએ** : શરીરની જડતાથી, (મંદતા–આળસ)
(૬) **કિડ્ડયાએ** : કુતુહલપણાના સ્વભાવથી,
(૭) **તિ–ગારવ–ગરુયાએ** : રસગારવ, ઋદ્ધિગારવ અને શાતાગારવના વધારે સંપર્કથી થયેલા તોફાની ચિત્ત વડે,
(૮) **ચઉક્કસાઓવગએણં** : ક્રોધાદિ ચાર કષાયના ઉદયની પ્રબળતાથી,
(૯) **પંચિદિઓવસટ્ટેણં** : પાંચ ઈન્દ્રિયોની વધુ પડતી ગુલામીથી થયેલી ચિત્તની વિહ્વળતાથી,

(૧૦) **પડુપ્પન્નભારિયાએ** : જેના આત્મા ઉપર મોહનીય કર્મનો વધારે પડતો ભાર હોય તે આત્મા–પ્રત્યુત્પન્ન-ભારિક કહેવાય. આવા કર્મના ભારેપણાથી.

(૧૧) **સાયા સુક્ખમણુપાલયંતેણં** : સાધુ જીવનમાં મળેલા ભૌતિક સુખને કારમી આસક્તિ સાથે ભોગવવાથી.

**ઈહં વા ભવે.........**

ઉપર જણાવેલા અજ્ઞાનતા વગેરે ચાર કારણો તથા પ્રમાદ વગેરે અગિયાર કારણોથી મારા આત્માએ આ ભવમાં કે અન્ય ભવોમાં પ્રાણાતિપાત કર્યો હોય, કરાવ્યો હોય કે અનુમોદ્યો હોય—

**તં નિંદામિ ગરિહામિ તિવિહં તિવિહેણં** : તેને ત્રિવિધે ત્રિવિધે હું નિંદુ છું–ગર્હું છું.

**અઇઅં નિંદામિ** : ભૂતકાળની હિંસાને નિંદુ છું, વર્તમાનમાં તેને રોકું છું (પડુપ્પન્નં–વર્તમાનકાળમાં) અને ભવિષ્યકાળ માટે તે સર્વ હિંસા નહિ કરવાનું પચ્ચક્ખાણ કરું છું અર્થાત્

**જાવજ્જીવાએ અણિસ્સિઓહં** : કોઇ પણ પ્રકારની આશંસા વિનાનો હું (અણિસ્સિઓહં)યાવજ્જીવ સુધી હિંસા કરીશ નહિ–કરાવીશ નહિ અને અનુમોદિશ નહિ. આ પ્રતિજ્ઞાનો સ્વીકાર હું અરિહંત–સિદ્ધ–સાધુ દેવ અને મારા આત્માની સાક્ષીએ કરું છું.

**એવં ભવઈ ભિક્ખુ વા ભિક્ખુણી વા.........**

જે સાધુ કે સાધ્વી આ રીતે થયેલી હિંસાની નિંદા કરે છે અને અરિહંતાદિની સાક્ષીએ ભવિષ્યમાં આ હિંસા નહિ કરવાની પ્રતિજ્ઞા કરે છે તે સાધુ અને સાધ્વી જ સાચા સાધુ (સંજય) સાચા વિરતિધર (વિરય) અને પાપ કર્મોની સ્થિતિ વગેરેને હણી નાંખનારા બને છે (પડિહય).

**દિઆ વા રાઓ વા......**

આવા સાધુ સાધ્વીઓ કોઈપણ સ્થિતિમાં પછી તે દિવસ હોય કે રાત હોય, તેઓ એકલા હોય કે સમૂહમાં હોય (પરિસાગઓ વા) સૂતેલા હોય કે જાગતા હોય. આવી કોઈપણ અવસ્થામાં પોતાનું સાચું સાધુપણું જાળવી રાખતાં હોય છે.

**એસ ખલુ પાણાઇવાયસ્સ વેરમણે**

જે સાધુ કે સાધ્વી આ રીતે પ્રાણાતિપાતની વિરતિનો સ્વીકાર કરે છે તે વિરતિ તેઓને

હિએ : હિતકર બનશે.

સુહે : સુખકર બનશે.

ખમે : સંસાર તરવામાં મદદગાર બનશે.

નિસ્સેસિએ : (નિઃશ્રેયસ=મોક્ષ) મોક્ષ અપાવશે.

આણુગામિએ : ભવોભવ તે (વિરતિ) તેની પાછળ પાછળ આવશે.

પારગામિએ : અને અંતે તેને સંસારનો પારગામી બનાવશે.

**પ્રાણાતિપાતની વિરતિ હિતકર વગેરે શા માટે ?**

આ પ્રાણાતિપાતની વિરતિ એટલા માટે તેના આરાધકનું હિત વગેરે કરે છે કે તે

**સંવેસિં પાણાણં** : સર્વ પ્રાણીઓ (બેઇન્દ્રિય તેઇન્દ્રિય ચઉરિન્દ્રિય)

**સંવેસિં ભૂયાણં** : સર્વ ભૂતો, (સર્વ વનસ્પતિકાય)

**સંવેસિં જીવાણં** : સર્વ જીવો (સર્વ પાંચઇન્દ્રિયવાળા) (અને)

**સંવેસિં સત્તાણં** : સર્વ સત્ત્વોને (સર્વ પૃથ્વીકાય આદિ)

**અદુક્ખણયાએ** : કોઇપણ પ્રકારનું માનસિક સંતાપરૂપ દુઃખ થવા દેતી નથી.

**અસોઅણયાએ** : કોઇને પણ શોક થવા દેતી નથી.

**અજુરણયાએ** : કોઇ પણ જીવને ભૂખ્યા રાખીને ભાર ખેંચાવીને કે માર મારીને અશક્ત કે વૃદ્ધ થવા દેતી નથી.

**અતિપ્પણયાએ** : મોંમાંથી લાળ પડી જાય કે આંખમાંથી આંસુ વહી જાય તેવો થોડો પણ પરિશ્રમ કોઇપણ જીવને થવા દેતી નથી.

**અપીડણયાએ** : પગથી કચડી નાખવારૂપ પીડા થવા દેતી નથી.

**અપરિઆવણયાએ** : સર્વ શારીરિક દુઃખરૂપ સંતાપ થવા દેતી નથી.

**અણુદ્દવણયાએ** : કોઇપણ જીવને મરણ સુધીને અતિ ત્રાસ થવા દેતી નથી.

આમ સર્વ જીવ રક્ષા કરાવતી પ્રાણાતિપાત-વિરતિ તેના આરાધકનું હિત વગેરે કરે છે.

### પ્રાણાતિપાત વિરતિ મહાવ્રતનું સ્વરૂપ

આ મહાવ્રત-**મહત્થે** મહા અર્થવાળું છે.

મોક્ષ આપનારું હોવાથી-**મહાગુણે**-મહાગુણ સ્વરૂપ છે.

તીર્થંકરાદિએ આચરેલું હોવાથી-મહાણુભાવે મહા મહિમાવાળું (અણુભાવ-મહિમા) છે. -મહાપુરિસાણુચિન્ને : મહાપુરુષોએ તેને ઉપદેશેલું છે.-પરમરિસિદેસિએ પસત્થે : પરમર્ષિઓએ કહેલું હોવાથી તે પ્રશસ્ત છે.

**આ મહાવ્રત શેના માટે થશે ?**

**આ મહાવ્રત નિશ્ચયથી**

**દુક્ખક્ખયાએ** : મારા દુઃખોના ક્ષય માટે થશે.
**કમ્મક્ખયાએ** : મારા કર્મોના ક્ષય માટે થશે.
**મોક્ખયાએ** : મારા રાગદ્વેષાદિના મોક્ષ માટે થશે.
**બોહિલાભાએ** : જન્માંતરમાં સમ્યક્ત્વાદિ ધર્મોની પ્રાપ્તિ માટે થશે (અને અંતે)
**સંસારુત્તારણાએ** : ભવવનમાંથી પાર ઉતારશે.
**ત્તિ કટ્ટુ ઉવસંપજ્જિત્તાણં** : આ પ્રમાણે મારી પૂર્ણ શ્રદ્ધા હોવાથી આ મહાવ્રતને સ્વીકારીને
**વિહરામિ** : હું શાસ્ત્રોક્ત સાધુ-ચર્યામાં વિહરીશ.
**પઢમે ભંતે ઉવટ્ઠિઓમિ......**

હે ભગવંત....! સર્વથા પ્રાણાતિપાત આ મહાવ્રતની નજીક આવીને હું ઉભો છું.

## બીજો આલાવો

[નોંધઃ- હવે પછીના પાંચ આલાવામાં માત્ર ફેરફાર જ લક્ષમાં લેવાશે]

**અહાવરે દોચ્ચે ભંતે ......**

અહાવરે = હવે અન્ય (अथ अपरः)

**સે કોહા વા ......**

ક્રોધથી-લોભથી-ભયથી કે હાસ્યથી (અહીં ક્રોધ અને લોભથી માન અને માયા પણ સમજી લેવા)

નેવ સયં મુસં વએજ્જા......

હું સ્વયં મૃષા બોલું નહિ-બોલાવું નહિ અને મૃષા બોલે તેની અનુમોદના કરું નહિ.

દવ્વઓ ણું મુસાવાએ...દ્રવ્યથી જીવ-અજીવ આદિ સર્વ દ્રવ્યના વિષયમાં

ખિત્તઓ ણું મુસાવાએ : ચૌદ રાજ પ્રમાણ લોકમાં અને અલોકમાં

કાલઓ ણું મુસાવાએ...કાળથી દિવસે કે રાત્રે.

ભાવઓણું મુસાવાએ... રાગથી કે દ્વેષથી.

મુસાવાઓ ભાસિઓ વા... હું જે મૃષા બોલ્યો-બોલાવ્યું કે અનુમોદ્યું (તેનું)

તિવિહં તિવિહેણું...ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્ દઉં છું

## ત્રીજો આલાવો

સે ગામે વા નગરે વા અરણ્ણે વા : ગામમાં-નગરમાં કે અરણ્ય વગેરે કોઇ પણ સ્થળે

અપ્પં વા બહું વા : થોડું કે ઘણું

અણું વા થુલં વા નાનું કે મોટું

ચિત્તમંતં વા અચિત્તમંતં વા : સજીવ કે નિર્જીવ

નેવ સયં અદિણ્ણં ગિણ્હિજ્જા : હું સ્વયં કાંઇ પણ અદત્ત લઇશ નહિ, લેવરાવીશ નહિ કે અનુમોદીશ નહિ.

**દવ્વઓણું અદિણ્ણાદાણે ગહણધારણિજ્જેસુ દવ્વેસુ :** જે દ્રવ્યો લઈ શકાય અને પાસે રાખી શકાય તેવા હોય તેવા દ્રવ્યોનું

**ખિત્તઓ ણં અદિણ્ણાદાણે ગામે વા :** ક્ષેત્રથી ગામ-નગર-કે અરણ્યમાં

**કાલઓ ણં... ભાવઓણં :** પૂર્વવત્

**અદિણ્ણાદાણં ગહિઅં વા...**

જે અદત્તાદાન મેં ગ્રહણ કર્યું હોય કે ગ્રહણ કરાવ્યું હોય કે તેની અનુમોદના કરી હોય. તેનું ત્રિવિધે મિચ્છામિ દુક્કડં દઉં છું.

## ચોથો આલાવો

**સે દિવ્વં વા :** દેવ દેવીના વૈક્રિય શરીર સંબંધમાં,

**માણુસં વા :** મનુષ્ય સ્ત્રી-પુરુષના શરીર સંબંધમાં,

**તિરિક્ખજોણિઅં વા :** તિર્યંચ ઘોડા-ઘોડી વગેરેના શરીર સંબંધમાં,

**નેવ સયં મેહુણં સેવિજ્જા...**

હું સ્વયં મૈથુન સેવીશ નહિ-સેવરાવીશ નહિ અને અનુમોદીશ નહિ.

**દવ્વઓ ણં મેહુણે રુવેસુ વા રુવસહગએસુ વા :**

દ્રવ્યથી નિર્જીવ પ્રતિમા વગેરેમાં અર્થાત્ રૂપ એટલે તેવા પ્રકારના ચિત્રોમાં તથા રૂપસહગત એટલે સજીવ સ્ત્રી પુરુષના શરીરોમાં અથવા અલંકારાદિ સહિત તેમના ચિત્રોમાં (આસક્તિ કરવા વડે)

ખિત્તઓણું મેહુણું ઉડ્ઢલોએવા અહોલોએવા તિરિયલોએ વા
ક્ષેત્રથી ઊર્ધ્વલોક-અધોલોક કે તિર્છાલોકમાં
કાલઓ ણું...ભાવઓ ણું : પૂર્વવત્
મેહુણું સેવિઅં વા...જે મૈથુન સેવ્યું હોય સેવરાવ્યું હોય કે અનુમોદ્યું હોય તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્ દઉં છું.

## પાંચમો આલાવો

સે અપ્પં વા બહુંવા અણું વા થુલંવા : અલ્પ કે બહુ
નાના કે મોટા
ચિત્તમંતં અચિત્તમંતં વા : સચિત્ત કે અચિત્ત
નેવ સયં પરિગ્ગહં પરિગિણ્હિજ્જા......
હું સ્વયં કોઈ પણ પદાર્થનો પરિગ્રહ કરીશ નહિ-કરાવીશ નહિ કે અનુમોદીશ નહિ.
દવ્વઓણં પરિગ્ગહે સચિત્તાચિત્ત મીસેસુ દવ્વેસુ :
સચિત્ત-અચિત્ત કે મિશ્ર [અલંકાર સહિત સ્ત્રી વ. માં મૂર્ચ્છા]
ખિત્તઓણું...કાલઓણું... પૂર્વવત્
ભાવઓણું પરિગ્ગહે અપ્પગ્ઘે વા મહગ્ઘેવા, રાગેણુ વા દોસેણુવા : અલ્પમૂલ્ય કે બહુમૂલ્યવાળા કોઈપણ પદાર્થમાં રાગ કે દ્વેષથી.
પરિગ્ગહો ગહિઓ વા...
મેં મૂર્ચ્છા કરી હોય-કરાવી હોય કે અનુમોદી હોય તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિદુક્કડં કરું છું.

## છઠ્ઠો આલાવો

**સે અસણં વા પાણં વા ખાઈમં વા સાઈમં વા :** આહાર-પાણી-ખાદિમ (જેનાથી પેટ ન ભરાય તે વસ્તુઓ) સ્વાદિમ : (મુખવાસ વગેરે) વસ્તુઓ હું રાત્રે ખાઈશ નહિ ખવરાવીશ નહિ કે અનુમોદીશ નહિ.

**દવ્વઓ ણં રાઈભોઅણે અસણે વા પાણે વા ખાઈમે વા સાઈમે વા :** દ્રવ્યથી અશન-પાન-ખાદિમ-સ્વાદિમ વસ્તુ.

**ખિત્તઓ ણં રાઈભોઅણે સમયખિત્તે :** ક્ષેત્રથી સમય ક્ષેત્ર-અઢી દ્વીપમાં (કેમ કે ત્યાં જ દિવસ-રાત્રિનો વ્યવહાર હોય છે)

**કાલઓ ણં :** પૂર્વવત્

**ભાવઓ ણં રાઈભોઅણે તિત્તે વા કડુએ વા કસાએ વા અંબિલે વા મહુરે વા લવણે વા :** કડવું-તીખું-તુરું-ખાટું-મીઠું-અને ખારું.

**રાગેણ વા દોસેણ વા :** રાગથી કે દ્વેષથી.

**રાઈ ભોઅણં ભુત્તં વા ભુંજાવિઅં વા ભુંજંતં વા :** જે રાત્રિભોજન કર્યું હોય-કરાવ્યું હોય કે અનુમોદ્યું હોય તેનું ત્રિવિધે મિચ્છામિદુક્કડં દઉં છું.

## છ એ આલાવાનું સારસૂત્ર

**ઇચ્ચેઇઆઇં પંચમહવ્વયાઈં...**

ઉપર જણાવ્યા તે પાંચ મહાવ્રતો તથા સર્વથા રાત્રિભોજન વિરમણ સ્વરૂપ જે છટ્ઠું વ્રત-તે છએ વ્રતોનો મારા આત્માના હિત માટે સ્વીકાર કરીને તે શાસ્ત્રોક્ત જીવનચર્યામાં હું વિહરું છું તથા વિહરીશ.

# બીજો અધિકાર

**અપ્પસત્થા ય જે જોગા...॥૧॥**

અજયણાથી ચાલવું બોલવું વગેરે હિંસાને ઉત્પન્ન કરનારા અપ્રશસ્ત યોગો છે અને જીવોને હણવા વગેરેના જે રૌદ્ર અધ્યવસાયો છે તે દારુણ પરિણામ કહેવાય છે. આ બન્ને સર્વથા પ્રાણાતિપાતવિરમણવ્રતમાં અતિક્રમાદિ દોષરૂપ છે,

**તિવ્વરાગા ય જા ભાસા...॥૨॥**

તીવ્ર રાગવાળી કે ઉત્કટ દ્વેષવાળી જે ભાષા બોલવી તે બીજા મહાવ્રતમાં અતિક્રમાદિ દોષરૂપ છે.

**ઉગ્ગહં સિ અજાઇત્તા...॥૩॥**

માલિક વગેરે પાસેથી ઉપાશ્રય વગેરેનો અવગ્રહ યાચ્યા વિના તેમાં રહેવું અથવા માલિક વગેરેએ આપેલા અવગ્રહ બહારની તેની જગ્યાનો ઉપયોગ કરવો તે ત્રીજા મહાવ્રતમાં અતિક્રમાદિ દોષરૂપ છે.

**સદ્દા-રૂવા-રસા-ગંધા...॥૪॥**

સુંદર શબ્દ-રૂપ-રસ-ગંધ અને સ્પર્શોનું રાગભાવથી સેવન કરવું તે ચોથા મહાવ્રતમાં અતિક્રમાદિ દોષરૂપ છે.

**ઇચ્છા મુચ્છા ય ગેહી ય...॥૫॥**

પ્રાપ્ત નહિ થયેલા કોઇ પદાર્થની પ્રાર્થના, પ્રાપ્ત કે અપ્રાપ્ત વસ્તુની મૂર્ચ્છા, નાશ પામી ગયેલ વસ્તુનો શોક,

ઈત્યાદિ સ્વરૂપ જે દારુણ લોભ એ પાંચમા મહાવ્રતમાં અતિક્રમાદિ દોષરૂપ છે.

અઇમત્તે અ આહારે...॥૬॥

રાત્રે ભૂખ વગેરે લાગવાના ભયથી દિવસે વધુ પ્રમાણમાં આહાર કરવો તથા સૂર્યના ઉદય કે અસ્તની શંકિત અવસ્થામાં આહાર વગેરે કરવો. [સુરક્ખિત્તમ્મિ=અઢી દ્વીપમાં] તે છઠ્ઠાવ્રતમાં અતિક્રમાદિ દોષરૂપ છે.

આ છયે વ્રતોનાં અતિચારો જાણીને મહાવ્રતોનું અણિશુદ્ધ પાલન કરવાની ઇચ્છાવાળા મુમુક્ષુએ તે અતિચારોને જોઇએ.

## ૭ વ્રતોની રક્ષાનો સંકલ્પ

### ગાથા સાત થી બાર

સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની વિરાધના કર્યા વિના શ્રમણધર્મમાં સ્થિર રહેલો હું પ્રાણાતિપાતથી વિરક્ત થઇને પ્રથમવ્રતની રક્ષા કરું છું. (કરીશ.)

આ જ પ્રમાણે બાકીની પાંચ ગાથાનો અર્થ કરી લેવો. માત્ર વ્રતનું નામ અને તેનો નંબર બદલવો.

## ૭ વ્રતોના રક્ષણના ઉપાયો

### ગાથા તેરથી અઢાર

આલય=સ્ત્રી વગેરેથી રહિત સ્થાન.

વિહાર=આગમોક્ત વિહાર.

સમિઓ=પાંચ સમિતિનો પાલક.

જુત્તો=પરિષહ સહવા ગુરુકુલવાસ સેવવો વગેરે સાધુના ગુણોથી યુક્ત.

ગુત્તો=ત્રણ ગુપ્તિનું પાલન.

ઠીઓ સમણધમ્મે=દશ પ્રકારના ક્ષમા વગેરે સાધુ ધર્મમાં સ્થિર.

ઉપરના ગુણોવાળો હું પ્રાણાતિપાતથી વિરામ પામીને પહેલા મહાવ્રતનું રક્ષણ કરું છું. (કરીશ)

બાકીની પાંચ ગાથાનો અર્થ આ રીતે જ કરવો. માત્ર વ્રતનું નામ અને તેનો નંબર બદલવો.

## ગાથા ઓગણીસ

આ ઓગણીસમી ગાથાના પૂર્વાર્ધ (પ્રથમલીટી=આલય વિહાર....)નો અર્થ ઉપરોક્ત જ સમજવો અને ઉત્તરાર્ધનો અર્થ આ પ્રમાણે સમજવોઃ-

મન, વચન અને કાયારૂપી ત્રણ યોગથી સારી રીતે એકાગ્ર બનેલો હું મારા પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું (કરીશ.)

## ગાથા વીસથી બેંતાલીસ

હવે એક-બે-ત્રણ એમ અગિયાર સુધી હેય ભાવોનો ત્યાગ કરીને અને ઉપાદેય ભાવોનો સ્વીકાર કરીને મહાવ્રતોની વિશેષ રક્ષા માટે જણાવાય છે.

આમાં જે ગાથામાં હેય વસ્તુનું નિરૂપણ આવશે તે હરેક ગાથાની બીજી લીટીમાં એમ કહેવામાં આવશે કે, "તે

હેય વસ્તુઓનો ત્યાગ કરતો હું, ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત એવો હું મારા પાંચ મહાવ્રતની રક્ષા કરીશ."

અને જે ગાથામાં ઉપાદેય તત્ત્વનું નિરૂપણ આવશે તે દરેક ગાથાની બીજી લીટીમાં એમ કહેવામાં આવશે કે, તે ઉપાદેય વસ્તુઓનો સ્વીકાર કરતો હું, સાધુ જીવનના ગુણોથી યુક્ત (જુત્તો) એવો હું, મારા પાંચ મહાવ્રતોની રક્ષા કરીશ

હવે તે દરેક ગાથાનો બાકી રહેલા પૂર્વાર્ધનો અર્થ માત્ર જણાવવામાં આવે છે.

ગાથા વીસમી : એક સાવદ્યયોગને, એક મિથ્યાત્વને તથા એક અજ્ઞાનતાને ત્યાગતો.

ગાથા એકવીસમી : એક નિષ્પાપ વ્યાપારને, એક સમ્યક્ત્વને તથા એક સમ્યગ્જ્ઞાનને સ્વીકારતો.

ગાથા બાવીસમી : રાગ અને દ્વેષ એવા બેને તથા આર્ત્ત અને રૌદ્ર એવા બે ધ્યાનને ત્યાગતો.

ગાથા ત્રેવીસમી : દેશવિરતિ અને સર્વવિરતિ એવા બે ચારિત્ર તથા ધર્મ અને શુક્લ એવા બે ધ્યાનને સ્વીકારતો.

ગાથા ચોવીસમી : કૃષ્ણ-નીલ-કાપોત એવી ત્રણ અપ્રશસ્ત લેશ્યાઓને ત્યાગતો.

ગાથા પચ્ચીસમી : તેજો-પદ્મ ને શુક્લ એવી ત્રણ પ્રશસ્ત લેશ્યાઓને સ્વીકારતો.

ગાથા છવ્વીસમી : મારા મનથી પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. આ પ્રમાણે આ ગાથાનો અન્વય કરવો.

પ્રશ્ન કેવો હું ? ઉત્તર— મનના સત્યને (સંયમને) વાણીના સંયમને અને કાયાના સંયમને આ પ્રમાણે ત્રણે પ્રકારના સંયમને જાણનારો હું (પાંચ મહાવ્રતોની રક્ષા કરીશ.)

**ગાથા સત્તાવીસમી** : ચાર દુઃખશય્યાઓ, ચાર સંજ્ઞાઓ તથા ચાર કષાયોને ત્યાગતો. અહીં ભાવથી ચાર દુઃખશય્યાઓ લેવાની છે. દ્રવ્યથી દુઃખશય્યા એટલે કષ્ટ આપતો સંથારો.

ભાવથી ચાર દુઃખશય્યા એટલે દુષ્ટ બનેલા ચિત્તમાંથી ઉત્પન્ન થતો અસાધુતાનો ભાવ—તેના ચાર પ્રકાર છે.

(૧) પ્રવચનમાં અશ્રદ્ધા.

(૨) બીજા પાસેથી ધન-આહાર વગેરે પૌદ્ગલિક વસ્તુ મેળવવાની પ્રાર્થના.

(૩) દેવ વગેરે સબંધી કામભોગોની આશંસા.

(૩) ગૃહસ્થો વગેરે દ્વારા સેવાતા સ્નાન વગેરે સંબંધી ઈચ્છા.

**ગાથા અઠ્ઠાવીસમી** : ચાર સુખશય્યાઓ, ચાર સંવર અને ચાર સમાધિનો સ્વીકાર કરતો. અહીં ભાવથી ચાર સુખશય્યા લેવાની છે તે ઉપરથી જણાવેલી ચાર દુઃખ-શય્યાથી વિપરીત (પ્રવચનમાં શ્રદ્ધા વગેરે સ્વરૂપ) જાણવી.

**ચાર પ્રકારના સંવર** : મન-વચન-કાયાને અકુશળથી અટકાવવી તે ત્રણ સંવર થયા તથા મૂલ્યવાન વસ્ત્રો કે

સુવર્ણ આદિનો ત્યાગ કરવો તે ચોથો ઉપકરણ-સંવર સમજવો.

**ચાર પ્રકારની સમાધિ :** જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ એ ચારમાં આત્માની રમણતા તે ચાર પ્રકારની સમાધિ જાણવી.

**ગાથા ઓગણત્રીસમી :** શબ્દાદિ પાંચ કામગુણો (કામ=વિકાર) તથા પ્રાણાતિપાત વગેરે પાંચ મહાદોષ રૂપ આશ્રવોને (અન્હવે=આશ્રવો) ત્યાગતો-

**ગાથા ત્રીસમી :** પાંચ ઇન્દ્રિયોનો સંવર (સંવર= ઇષ્ટમાં રાગને અને અનિષ્ટમાં દ્વેષને રોકવો) તથા પાંચ પ્રકારના સ્વાધ્યાય (વાચના-પૃચ્છના-પરાવર્તના-અનુપ્રેક્ષા અને ધર્મકથા)ને સ્વીકારતો.

**ગાથા એકત્રીસમી :** પૃથ્વીકાયાદિ છ પ્રકારના જીવોના વધને તથા છ પ્રકારની અપ્રશસ્ત ભાષાઓને ત્યાગતો.

### છ પ્રકારની અપ્રશસ્ત ભાષાઓ

(૧) **હીલતા :** ઈર્ષાથી બોલવું તે.

(૨) **ખિંસિતા :** બીજાના વર્તનને તિરસ્કારપૂર્વક જણાવવું તે.

(૩) **પરુષા :** "ઓ....નાલાયક...!" એવા ગાળ જેવા શબ્દોપૂર્વક કઠોર બોલવું તે.

(૪) **અલિકા :** "દિવસે કેમ ઉંઘો છો ?" તેવા ગુરુના સવાલ સામે "નથી ઊંઘતો" "જુઠું ન બોલો" એવો શિષ્યે ઉદ્ધત જવાબ આપવો તે.

(૬) ગાર્હસ્થી : સંસારીપણે જે કાકા, મામા થતા હોય તેમને પોતે સાધુ થયા પછી પણ કાકા, મામા વગેરે પદોથી જ સંબોધવા તે.

(૬) ઉપશમિતાધિકરણોદીરણી : શાંત પડેલા કલહને જગાડતી વાણી તે.

ગાથા બત્રીસમી : છ પ્રકારના અભ્યંતર અને છ પ્રકારના બાહ્ય તપને સ્વીકારતો.

ગાથા તેત્રીસમી : સાત પ્રકારના ભયસ્થાનો તથા સાત પ્રકારના વિભંગજ્ઞાનને ત્યાગતો.

## સાત પ્રકારના ભયસ્થાનો

[“શ્રમણસૂત્રના” “સત્તહિં ભયઠાણેહિં”ના અર્થમાંથી જોઈ લેવા પૃષ્ઠ ૪૨]

## સાત પ્રકારનાં વિભંગજ્ઞાન

(૧) એવી માન્યતા કે આખું જગત પૂર્વ વગેરે દિશાઓમાંથી એક જ દિશામાં રહેલું છે.

(૨) એવી માન્યતા કે ચાર દિશાઓ તથા ઊર્ધ્વ અને અધોમાંથી એક દિશા એમ કુલ પાંચ દિશામાં જ આખું જગત સમાયું છે.

(૩) એવી માન્યતા કે જીવ કર્મથી બંધાતો જ નથી માત્ર શુભાશુભ બાહ્ય ક્રિયાઓથી જ બંધાય છે.

(૪) એવી માન્યતા કે જીવ પોતાના શરીરની અવગાહના જે ક્ષેત્રમાં છે તે સિવાયના ક્ષેત્રમાંથી પુદ્ગલો લઈને શરીર બનાવે છે.

(૫) ઉપરની માન્યતા ભવનપતિ વગેરે દેવોના શરીર સંબંધમાં હતી, જ્યારે આ માન્યતા વૈમાનિક દેવોના વૈક્રિય શરીર સંબંધમાં એવી છે કે તે જીવો પોતાના શરીરની અવગાહનાના ક્ષેત્રમાં રહેલા પુદ્ગલોને ગ્રહણ કરીને પોતાનું શરીર બનાવે છે.

(૬) એવી માન્યતા કે શરીર પોતે જ જીવ છે.

(૭) એવી માન્યતા કે જગતમાં જે કાંઈ દેખાય છે તે બધું જડ પણ જીવ સ્વરૂપ છે.

અહીં વિભંગજ્ઞાનનો અર્થ માત્ર વિપરીત કલ્પનાઓ સ્વરૂપ જ્ઞાન એમ સમજવો. આથી આવું વિભંગજ્ઞાન મિથ્યાત્વમોહનીયના ઉદયકાળમાં આજના મનુષ્યોને પણ થઈ શકે છે.

ગાથા ચોત્રીસમી : સાત પ્રકારની પિંડૈષણા, સાત પ્રકારની પાણૈષણા, સાત પ્રકારની પ્રતિમાઓ (ઉગ્ગહ = અવગ્રહ = પ્રતિમાઓ) શ્રી આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધની બીજી ચૂલિકા રૂપે જે સાત અધ્યયનો છે તે પ્રત્યેક અધ્યયન ઉદ્દેશા વિનાનું હોવાથી એક-એક એવા તે સાત અધ્યયનો રૂપ સતક્રિયા (સપ્તૈકક) અને સુયગડાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના સાત અધ્યયનો જે તેના પહેલા

શ્રુતસ્કંધના અધ્યયનોની અપેક્ષાએ મોટા હોવાથી મહા-અધ્યયન કહેવાય છે..તેમને સ્વીકારતો.

### સાત પિંડૈષણા

(૧) સંસૃષ્ટ : હાથ અને પાત્ર ખરડાયેલું.

(૨) અસંસૃષ્ટ : હાથ અને પાત્ર ખરડાયેલાં ન હોય.

(૩) ઉદ્ધૃત : તપેલીમાં કાઢેલું.

(૪) અલ્પલેપ : સેકેલા વાલ ચણા વગેરે.

(૫) અવગૃહીત : થાળીમાં જમવા માટે લીધેલું.

(૬) પ્રગૃહીત : હાથમાં લીધેલો કોળિયો.

(૭) ઉજ્ઝિત : નાંખી દેવા જેવું.

આ સાત પિંડૈષણામાં અમુક જ પિંડૈષણા લેવાનો સંકલ્પ કરીને મુનિ ભિક્ષા લેવા માટે નીકળે.

### સાત પાણૈષણા

[બધું ઉપર મુજબ જ સમજવું પરંતુ અલ્પલેપના પ્રકારમાં ઓસામણ કાંજી સમજવાં.]

### સાત અવગ્રહ પ્રતિમા (ઉપાશ્રય અંગે)

(૧) મારા મનમાં નક્કી કરેલા પ્રકારના ઉપાશ્રયમાં જ હું રહીશ.

(૨) બીજા માટે માંગેલી વસતિમાં હું ઊતરીશ.

(૩) બીજા માટે વસતિ માંગીશ પણ હું તેમાં ઊતરીશ નહિ.

(૪) બીજા માટે વસતિ માંગીશ નહિ, પણ બીજાની માંગેલી વસતિમાં ઊતરીશ.

(૫) મારા માટે વસતિ માંગીશ, બીજા માટે નહિ માંગું.

(૬) જે માલિક પાસે વસતિ માંગીશ, એનો જ સંથારો લઈશ, નહિ તો કાયોત્સર્ગ કરીશ.

(૭) જેની પાસે વસતિ માંગીશ તેના કુદરતી સંથારાનો (શીલા વગેરે) જ ઉપયોગ કરીશ.

**ગાથા પાંત્રીસમી :** જાતિમદ વગેરે આઠ મદ સ્થાનોને તથા જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોને અને તેના બંધને ત્યાગતો.

[જાતિમદ વગેરે આઠ મદસ્થાનો શ્રમણસૂત્રના "અટ્ઠહિં મયઠાણેહિં"માંથી જોવા. પૃષ્ઠ. ૪૩]

**ગાથા છત્રીસમી :** ઈર્યાસમિતિ વગેરે પાંચ સમિતિઓ અને મન વગેરેની ત્રણ ગુપ્તિઓ એ અષ્ટ પ્રવચનમાતાને સ્વીકારતો.

**કેવી છે તે આઠ પ્રવચન માતાઓ ?**

જેમણે આઠ પ્રકારના કર્મોને (અર્થોને) ખતમ કરી નાંખ્યા છે (નિષ્ઠિત કર્યા છે) તેવા સર્વજ્ઞો વડે જોવાયેલી (દીટ્ઠા).

**ગાથા સાડત્રીસમી :** પાપના કારણભૂત નવ નિયાણા- તથા નવ પ્રકારના સંસારી જીવોની વિરાધનાને ત્યાગતો.

## નવ પ્રકારના નિયાણા

(૧) કોઈ સાધુ ભરપૂર સમૃદ્ધિમાન રાજાને જોઈને રાજા થવાનું નિયાણું કરે.

(૨) રાજાના જીવનની ખટપટો વગેરે જોઈને કોઈ સાધુ શેઠ થવાનું નિયાણું કરે.

(૩) કોઈ સાધુ પુરુષના જીવનની ઘણી પ્રવૃત્તિઓનો ત્રાસ જોઈ સ્ત્રી થવાનું નિયાણું કરે.

(૪) કોઈ સાધુ સ્ત્રીના જીવનની નિંદનીયતા–નિર્બલતા તથા પરાધીનતાને જોઈને આવતા ભવે પુરુષ થવાનું નિયાણું કરે,

(૫) કોઈ વળી અશુચિ વગેરેથી ભરેલા પુરુષના શરીરને જાણીને બીજાં દેવ–દેવીઓ સાથે કામસુખો ભોગવવા માટે સ્વર્ગના દેવ થવાનું નિયાણું કરે. જે બીજા દેવ–દેવીઓ સાથે કામસુખ ભોગવે તે પરપ્રવિચારી દેવ કહેવાય.

(૬) પરપ્રવિચારી દેવ થઈને કામસુખ ભોગવવામાં બીજાં દેવ–દેવીઓની પરાધીનતાનું દુઃખ જોઈને કોઇ સાધુ એમ નિયાણું કરે કે હું મારા પોતાનાં જ દેવ–દેવીનાં રૂપો વિકુર્વીને કામસુખો ભોગવી શકું તે માટે સ્વપ્રવિચારી દેવ થાઉં.

(૭) કોઈ સાધુ–તમામ પ્રકારના કામસુખોથી વૈરાગી બનેલો એવું નિયાણું કરે કે હું નવગ્રૈવેયક વગેરેમાં દેવ થાઉં.

(૮) ઉપરના દેવલોકમાં પણ અવિરતિ તો છે જ. માટે તેના તરફ અરુચિ દાખવતો કોઇ સાધુ એવું નિયાણું કરે કે અન્ય જન્મમાં હું શ્રીમંત અને ઉત્તમ કુળમાં શ્રાવક

થાઉં. [આ ભાવનામાં શ્રીમંત કુળની જે ઇચ્છા છે તેને કારણે આ ભાવના સારી ન કહેવાય.]

(૯) કામભોગો તો જરા પણ સારા નથી અને શ્રીમંતાઈનું જીવન તો તે કામભોગોની વૃદ્ધિ કરનારું છે. માટે તે શ્રીમંતાઈ જરા પણ સારી નથી. એવા ખ્યાલથી કોઈ સાધુ એવું નિયાણું કરે કે, આવતા ભવે હું દરિદ્ર થાઉં કે જેથી સુખપૂર્વક સંસાર ત્યાગી શકાય અને પ્રવ્રજ્યા લઈ શકાય."

ઉપરના નવ નિયાણામાંથી પ્રથમના સાત નિયાણા તો નિયમથી સંસારવર્ધક છે. જ્યારે છેલ્લા બે શ્રાવક થવાના અને સાધુ થવાના નિયાણા સંસારવર્ધક ન હોવા છતાં મોક્ષના પ્રાપક નથી. ધર્મ કરીને તેની પાસેથી માંગવું તે ઉચિત નથી. યદ્યપિ દરિદ્ર થવાનું નિયાણું કરીને સહેલાઇથી સાધુ થવા માટેનો સંકલ્પ તે અત્યંત પ્રશસ્ત છે છતાં તેનાથી પ્રાપ્ત થતા સાધુજીવન દ્વારા મોક્ષ પ્રાપ્તિ નહિ થવાનું કારણ એ લાગે છે કે, તેવું નિયાણું કરનાર આત્મામાં સત્ત્વહીનતા પડી છે. જો તે સાત્ત્વિક આત્મા હોત તો શ્રીમંત અવસ્થા પામીને પણ શાલીભદ્રની જેમ સાધુ થઇ શકત.

## નવ પ્રકારના સંસારી જીવો

| | |
|---|---|
| પૃથ્વી આદિ સ્થાવરો | પાંચ |
| વિકલેન્દ્રિયાદિ | ત્રણ |
| પંચેન્દ્રિય | એક |

ઉપર મુજબ નવ પ્રકારે સંસારી જીવો. તેમની વિરાધના હિંસા વગેરેને ત્યાગતો.

ગાથા આડત્રીસમી બ્રહ્મચર્યની નવ વાડોને તથા અઢાર (બે×નવ) પ્રકારના બ્રહ્મચર્યને સ્વીકારતો.

### અઢાર પ્રકારનું બ્રહ્મચર્ય

દૈવી તથા ઔદારિક શરીરથી = બે

મન-વચન-કાયાથી=ત્રણ

કરવું-કરાવવું અને અનુમોદવું=ત્રણ

આમ (૨×૩×૩) અઢાર પ્રકારના અબ્રહ્મનો ત્યાગ તે બ્રહ્મચર્ય.

ગાથા ઓગણચાલીસમી ચારિત્ર જીવનને ઉપઘાત (આઘાત) પહોંચાડતા દશ ઉપઘાતોને તથા દશ પ્રકારના અસંવરને તથા દશ પ્રકારના સંકલેશોને ત્યાગતો.

### દશ ઉપઘાતો

નીચે જણાવેલી દશ વસ્તુઓ નિર્મળ ચારિત્ર જીવનને મલિન કરનારી હોવાથી તે ઉપઘાત કહેવાય છે.

(૧) ઉદ્‌ગમ ઉપઘાત
(૨) ઉત્પાદના ઉપઘાત
(૩) એષણા ઉપઘાત

} ગોચરી અંગેના અનુક્રમે સોળ+સોળ+દશ દોષો તે આ. ત્રણ પ્રકારના ઉપઘાત છે.

(૪) પરિહરણા ઉપઘાત : સંયમમાં અકલ્પ્ય ઉપકરણોનો ઉપયોગ કરવાથી થતો ઉપઘાત.

(૫) પરિશાતના ઉપઘાત : વસ્ત્ર-પાત્રાદિનું નિષ્કારણ પરિકર્મ (ધોવા-રંગવા-વગેરે) કરવાથી થતો ઉપઘાત.

(૬) **જ્ઞાન ઉપઘાત** : પ્રમાદ વગેરે દ્વારા અકાળે સ્વાધ્યાય કરવો વગેરે શ્રુતજ્ઞાનના આઠ અતિચારો સેવવાથી થતો ઉપઘાત.

(૭) **દર્શન ઉપઘાત** : જિનવચનમાં શંકા વગેરે કરવા-રૂપ દર્શનાચારના આઠ અતિચારો સેવવાથી થતો ઉપઘાત.

(૮) **ચારિત્ર ઉપઘાત** : અષ્ટ પ્રવચન માતાનું અપાલન કરવાથી થતો ઉપઘાત.

(૯) **સંરક્ષણા ઉપઘાત** : શરીર વગેરે સંબંધમાં મૂર્છા કરવારૂપ ઉપઘાત.

(૧૦) **અચિયત ઉપઘાત** : વડીલો પર અપ્રીતિ કરવારૂપ ઉપઘાત.

### દશ પ્રકારના અસંવર

**એકથી ત્રણ** : જ્ઞાનાદિમાં અશુદ્ધિ તે જ્ઞાન-દર્શન ચારિત્ર સંકલેશ.

**ચારથી છ** : મનાદિ વડે થતો સંકલેશ તે મન-વચન-કાય સંકલેશ.

**સાત-આઠ** : ઉપધિ-ઉપાશ્રય સંબંધમાં થતો સંકલેશ તે ઉપધિ અને વસતિ સંકલેશ.

**નવ-દશ** : કષાયોના નિમિત્તોથી તથા ઈષ્ટાનિષ્ટ આહારપાણીથી થતો સંકલેશ તે કષાય સંકલેશ અને અન્નપાણ સંકલેશ

ગાથા ચાલીસમી : દશ પ્રકારના સત્યને, દશ સમાધિ સ્થાનોને, દશ દશાઓને અને દશ શ્રમણધર્મોને સ્વીકારતો.

### દશ સત્યો

(૧) જનપદ સત્ય : કોંકણદેશમાં પાણીને પેય કહેવામાં આવે છે. આ વાક્ય તે દેશની (જનપદની) અપેક્ષાએ સત્ય છે.

(૨) સંમત સત્ય : જે કાદવમાં ઉત્પન્ન થાય તે બધા કીડા અને કમળને–પંકજ કહેવા જોઇએ. પરંતુ માત્ર કમળને જ પંકજ કહેવામાં સર્વ સંમતિ છે માટે કમળને પંકજ કહેવું તે સર્વસંમત સત્ય કહેવાય.

(૩) સ્થાપનાસત્ય : કોઇ મૂર્તિ વગેરેમાં પોતાના ઇષ્ટદેવની સ્થાપના કરીને કહેવું કે, 'આ તો મારા સાક્ષાત્ ભગવાન છે' તે સ્થાપના સત્ય કહેવાય.

(૪) નામસત્ય : કોઇનું નામ રામ વગેરે પાડવું અને કહેવું કે "આ રામ છે." તે નામ સત્ય કહેવાય.

(૫) રૂપસત્ય : ભિતરમાં કશું ન હોય તેવા બાહ્ય વેશધારી સાધુને સાધુ કહેવો—તે રૂપસત્ય કહેવાય.

(૬) પ્રતિત્યસત્ય : કોઇની અપેક્ષાથી કાં'ક કહેવાય જેમકે "ટચલી આંગળી કરતાં અનામિકા મોટી છે." તે પ્રતિત્યસત્ય કહેવાય.

(૭) વ્યવહારસત્ય : વ્યવહારમાં બોલાતી ભાષા તે વ્યવહાર સત્ય કહેવાય. જેમકે, ઘાસ બળતું હોવા છતાં

પર્વત બળે છે" તથા પાણી ઝમતું હોવા છતાં ઘડો ઝમે છે" એમ કહેવું તે વ્યવહારસત્ય.

(૮) **ભાવસત્ય** : જે ચીજમાં જેની પ્રધાનતા હોય તેને મુખ્ય કરીને કહેવું, જેમકે "ભમરામાં પાંચે વર્ણ હોવા છતાં તેને કાળો કહેવો." તે ભાવસત્ય.

(૯) **યોગસત્ય** : એક વસ્તુના યોગથી બીજા પદાર્થને તેવો કહેવો જેમકે દંડના યોગથી સાધુને દંડી કહેવો. તે યોગસત્ય.

(૧૦) **ઉપમાસત્ય** : ઉપમા લાગવાથી કોઇ વસ્તુને તેવી જ કહેવી જેમકે મોટા સરોવરને સમુદ્ર કહેવો, ખૂબ પુણ્યવાન મનુષ્યને દેવ કહેવો અથવા અત્યંત શૂરવીરને સિંહ કહેવો તે ઉપમાસત્ય.

### દશ સમાધિસ્થાનો

(૧) સ્ત્રી પુરુષે પરસ્પરની વિકારજનક વાતો ન કરવી તથા કોઇએ પણ એકલી વિજાતીયની સભામાં બોલવું નહિ.

(૨) વિજાતીયના આસન ઉપર શાસ્ત્રોક્ત સમય સુધી બેસવું નહિ.

(૩) વિજાતીયનાં અંગોપાંગ જોવા નહિ.

(૪) વિજાતીય તથા પશુ નપુંસકવાળી કે ત્રસ વગેરે જીવોથી શંસકત વસતિમાં રહેવું નહિ.

(૫) અતિમાત્રાએ આહાર કરવો નહિ.

(૬) સ્નિગ્ધ આહાર કરવો નહિ.

(૭) પૂર્વે ભોગવેલા ભોગોનું સ્મરણ કરવું નહિ.
(૮) વૈષયિક સુખો મળે ત્યારે તેમાં મદ કરવો નહિ.
(૯) પોતાની પ્રશંસાનો મદ કરવો નહિ.
(૧૦) વૈષયિક સુખોમાં રાગ કરવો નહિ.

**દશ દશાઓ**

શાસ્ત્રોમાં દશ અધિકારને જણાવનારા જે દશ શાસ્ત્રો કહ્યા તે દશ દશાસૂત્રો કહેવાય છે. તેનાં નામો—

(૧) કર્મવિપાકદશા
(૨) ઉપાશકદશા.
(૩) અંતકૃતદશા
(૪) અનુત્તરોપપાતીકદશા.
(૫) પ્રશ્નવ્યાકરણદશા
(૬) દશાશ્રુતસ્કંધદશા
(૭) બંધદશા
(૮) દ્વિગૃદ્ધિદશા
(૯) દીર્ઘદશા.
(૧૦) સંક્ષેપકદશા.

**દશ શ્રમણધર્મો**

ક્ષમા વગેરે દશ પ્રકારના યતિ ધર્મો

[શ્રમણસૂત્રના "દસવિહે સમણધમ્મે"માંથી જોવા પૃષ્ઠ ૪૪]

**ગાથા એકતાલીસમી :** સર્વ આશાતનાઓને અર્થાત ત્રણ વખત અગિયાર (ત્રણ×અગિયાર) આમ તેત્રીસ આશાતનાઓને ત્યાગતો એટલે કે આશાતના રહિત જીવનને સ્વીકારતો.

**ગાથા બેતાલીસમી :** આ પ્રમાણે ત્રણ દંડથી વિરક્ત થયેલો ત્રણ કરણથી શુદ્ધ-ત્રણ શલ્યથી નિઃશલ્ય થયેલો ત્રિવિધે સર્વ પાપોનું પ્રતિક્રમણ કરતો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું (કરીશ).

# ત્રીજો અધિકાર

## પાંચ મહાવ્રતોની સ્તુતિ અને શ્રુતકીર્તન

## પહેલો આલાવો

### પાંચ મહાવ્રતોની સ્તુતિ

ઇચ્ચેઇઅં મહવ્વય ઉચ્ચારણં : આ મહાવ્રતોનું ઉચ્ચારણ (પાલન) કેવું છે ? તે અનેક વિશેષણોથી જણાવાય છે.

(૧) થિરત્તં : ચારિત્રધર્મમાં સ્થિરતા કરનારું છે.

(૨) સલ્લુદ્ધરણં : શલ્યોનો નાશ કરનારું છે.

(૩) ધિઇબલં : ધૃતિ અને ચિત્તની સમાધિમાં બળ આપનારું છે.

(૪) વવસાઓ : દુષ્કર આરાધનાઓ કરવાનો ઉદ્યમ (વ્યવસાય) કરવાની ભાવના પ્રગટ કરનારું છે.

(૫) સાહણટ્ઠો : મોક્ષની સાધનાનો તે પરમ ઉપાય છે.

(૬) પાવનિવારણં : પાપકર્મોનું નિવારણ કરનારું છે.

(૭) નિકાયણા : શુભ કર્મોની નિકાચના કરનારું છે.

(૮) ભાવવિસોહી : પરિણતિને શુદ્ધ કરનારું છે.

(૯) પડાગાહરણં : સંયમધર્મની આરાધનાની વિજય-પતાકા ધારણ કરનારું છે.

(૧૦) નિજ્જૂહણા : કર્મોને આત્મામાંથી હટાવી દેનારું છે.

(૧૧) **આરાહણા** : ગુણોની અક્ષયસ્થિતિ (આરાધના) કરનારું છે.

(૧૨) **સંવરજોગો** : સંવરની સાથે આત્માનો યોગ કરાવનારું છે.

(૧૩) **પસત્થજઝાણોવઉત્તયા** : પ્રશસ્ત ધ્યાનોની પ્રાપ્તિ કરાવનારું છે.

(૧૪) **જુત્તયા ય નાણે** : વિશિષ્ટ જ્ઞાનોને પ્રગટ કરનારું છે.

(૧૫) (૧૬) **પરમટ્ઠો-ઉત્તમટ્ઠો** : એ સત્ય છે અને અતિશ્રેષ્ઠ છે.

## એ તીર્થંકરદેશિત હોવાથી અત્યંત મહાન છે.

એસ ખલુ.....

આ મહાવ્રતનું ઉચ્ચારણ તે તીર્થંકરોએ-કે જેમણે રતિ-રાગ-દ્વેષનો નાશ કર્યો છે તેમણે-દ્વાદશાંગીના સારભૂત જણાવ્યું છે.

છ-જ્જીવનિકાય-સંજમં......

જેઓ ષડ્જીવનિકાય પાલન સ્વરૂપ સંયમનો ઉપદેશ કરીને........

તેલુક્કસક્કયં...

ત્રણે લોકમાં ઉત્કૃષ્ટ સત્કારરૂપ સ્થાનને પામ્યા છે. તેમણે પાંચ મહાવ્રતોનું અત્યંત ઉપાદેયપણું જણાવ્યું છે.

## અસીમ ઉપકારી હોવાથી
## પ્રભુ મહાવીર દેવની સ્તુતિ

નમોત્થુ તે સિદ્ધ ! બુદ્ધ !......

હે વર્ધમાનસ્વામી આપને નમસ્કાર થાઓ ! આપ કેવા છો ? સિદ્ધ ! બુદ્ધ ! નિરય (કર્મરહિત !) સંગરહિત ! માનનો ચૂરો કરનારા ! ગુણરત્નના સાગર ! અનંતજ્ઞાન-વાળા હોવાથી–અનંત ! સામાન્ય માણસથી ન ઓળખી શકાય તેવા (મપ્પમેય) ! મહામતિવાળા (મહઇ) છો.

હે મહાવીર....! હે વર્ધમાન....! આપને નમસ્કાર થાઓ, આપને નમસ્કાર કરવાનો અમારો હેતુ એ છે કે આપ અમારા સ્વામી છો. ("સામિસ્સ" શબ્દને છઠ્ઠી વિભક્તિમાંથી પહેલી વિભક્તિમાં લેવો) આથી કરીને (ત્તિ કટ્ટુ) હે અરિહંત....! હે ભગવંત....! આપને અમારા ત્રણ વખત (તિકટ્ટુ–ત્રિકૃત્વસ્) નમસ્કાર થાઓ.

## શ્રુતકીર્તન

અહીં સુધી મહાવ્રતની ઉચ્ચારણા (અને તેની સ્તવના) થઇ.

ઇચ્છામો સુત્તકિત્તણં કાઉં : જેટલી જીવનમાં મહાવ્ર-તોની વિશેષતા છે તેટલી જ શ્રુતજ્ઞાનની પણ વિશેષતા છે. કેમકે તે બન્ને સમાન રીતે કર્મક્ષય કરનારા છે. માટે હવે શ્રુતજ્ઞાનનું કીર્તન કરવામાં આવે છે.

નમો તેસિં...અરે....! તે ક્ષમાપ્રધાન શ્રમણોને એટલે કે તીર્થંકર દેવોને, ગણધર ભગવંતોને અને પૂર્વના મહાપુરુષોને અમારો નમસ્કાર થાઓ.

જેહિં ઇમં વાઇઅં : જેઓએ અમને સૂત્ર તથા અર્થરૂપ શ્રુત આપ્યું.

## કયું શ્રુત આપ્યું ?

છવ્વિહમાવસ્સયં ભગવંતં

સામાયિક-ચતુર્વિંશતિસ્તવ-વંદન-પ્રતિક્રમણ-કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ સ્વરૂપ છ અધ્યયનરૂપ આવશ્યસૂત્ર આપ્યું જે આવશ્યકસૂત્ર વિશિષ્ટ પદાર્થોના વર્ણનની સમૃદ્ધિ વગેરે ગુણોવાળું છે (ભગ્-ગુણ. ભગવન્તમ્-ગુણવાળું.)

સવ્વેહિં પિ એઅમ્મિ......

કેવા આ આવશ્યક સૂત્રમાં ?

સઘળા આ છ પ્રકારના ભગવાન આવશ્યક શ્રુતમાં, જે-

સસુત્તે : મૂળ સૂત્ર રૂપ છે.

સઅત્થે : જે અર્થયુક્ત છે.

સગંથે-સનિજ્જુત્તિએ : જે ગ્રંથસહિત છે. નિર્યુક્તિ સહિત છે.

સસંગહણિએ : (અને) સંગ્રહણિ સહિત છે.

જે ગુણા વા ભાવા વા : આવા આવશ્યકસૂત્રમાં વિરતિ વગેરે ગુણોનું ક્ષાયિક વગેરે ભાવોનું.

અરિહંતેહિં...અરિહંત ભગવંતોએ સામાન્યરૂપે નિરૂપણ કર્યું છે (પન્નત્તાવા) વિશેષરૂપે નિરૂપણ કર્યું છે

(પરુવિઆવા) તે ભાવોને—

**સદ્દહામો...**

(૧) અમે સદ્દહિએ છીએ.

(૨) પ્રીતિ કરવા દ્વારા વિશેષરૂપે સ્વીકારીએ છીએ.

(૩) તે ભાવોમાં રુચિ કરીએ છીએ.

(૪) તે તે કહેલી ક્રિયાઓ દ્વારા તે ભાવોને સ્પર્શીએ છીએ.

(૫) તેનું અમારા આત્મામાં રક્ષણ કરીએ છીએ.

(૬) તેનું વારંવાર રક્ષણ કરીએ છીએ.

**તે ભાવે સદ્દહંતેહિં......**

એ રીતે તે તે ગુણો અને ભાવોમાં શ્રદ્ધા-પ્રીતિ-રુચિ-સ્પર્શ રક્ષણ અને વારંવાર રક્ષણ કરતા અમે-

અંતો પક્ખસ્સ : આ પખવાડિયામાં-

જં વાઇઅં : (૧) જે શ્રુત બીજાઓને આપ્યું,

પઢિઅં : (૨) જે શ્રુત અમે સ્વયં ભણ્યા,

પરિઅટ્ટિઅં : (૩) જેનો મૂળથી પાઠ કર્યો,

પુચ્છિઅં : (૪) જેના શંકિતસ્થળોને અમે પૂછ્યા.

અણુપેહિઅં : (૫) જેની અમે અનુપ્રેક્ષા કરી, એટલે ચિંતવન કર્યું.

અણુપાલિઅં : (૬) જેને અમે નિરતિચાર સેવ્યું,

## આરાધેલા શ્રુત પાસે અમારી અપેક્ષા

**તં દુક્ખક્ખયાએ......**

તે શ્રુત અમારા દુઃખના કર્મોના ક્ષય માટે થાઓ-અમારા મોક્ષ માટે, અન્ય જન્મમાં જિનધર્મની પ્રાપ્તિ માટે યાવત્ સંસારના પાર માટે થાઓ. એવી અમારી અપેક્ષા છે.

આ કારણે જ (તિ કટ્ટુ) તે શ્રુતની વાચના વગેરે દ્વારા આરાધનાનો સ્વીકાર કરતા અમે મુનિજીવનમાં વિહરીએ છીએ.

અ તો પક્ખસ્સ જં...:-

આ પખવાડિયામાં જે શ્રુત અમે ભણ્યું નહિ, ભણ્યા નહિ-મૂળથી આવૃત્તિ કરી નહિ-પૂછયું નહિ-અનુપ્રેક્ષા કરી નહિ અને એ રીતે નિરતિચાર આરાધ્યું નહિ-
સંતે બલે......

અમારી પાસે શારીરિક બળ હોવા છતાં, આત્મામાં ઉત્સાહ હોવા છતાં અને પુરુષાર્થરૂપ પરાક્રમ હોવા છતાં ઉપરોક્ત જે કાંઈ અમે કર્યું નહિ.

તસ્સ આલોએમો :

તે પ્રમાદ બદલ અમે
* ગુરુદેવની સમક્ષ કબૂલાત કરીએ છીએ.
* મિચ્છામિ દુક્કડમ્ દેવારૂપ પ્રતિક્રમણ કરીએ છીએ.
* આત્મસાક્ષીએ અને ગુરુસાક્ષીએ અનુક્રમે નિંદા અને ગર્હા કરીએ છીએ.

* અમારા દોષની સંભવિત્ પરંપરાનો વિચ્છેદ કરીએ છીએ.
* તે પ્રમાદને દૂર કરીને હાલ આત્મશુદ્ધિ કરીએ છીએ.
* ફરી આવો પ્રમાદ નહિ કરવાનો નિશ્ચય કરીએ છીએ.
* એટલુંજ નહિ પરંતુ અમારા થયેલા પ્રમાદના અનુસારે (અહારિહં) તપક્રિયા સ્વરૂપ પ્રાયશ્ચિત્તને સ્વીકારીશું. હાલ તો થયેલા તે પ્રમાદનું મિચ્છામિ દુક્કડમ્ કરીએ છીએ.

## શ્રુતકીર્તનનો બીજો આલાવો

**નમો તેસિં ખમાસમણાણં......**

તે ક્ષમાશ્રમણોને નમસ્કાર થાઓ....! કે જેઓએ અંગબાહ્ય એવા ઉત્કાલિકશ્રુતરૂપી ભગવંત અમને આપ્યા. અર્થાત્ જેઓએ પૂજનીય શ્રુતની રચના કરેલી છે, જે આ પ્રમાણે છે.

### અંગબાહ્ય ઉત્કાલિકશ્રુતનાં નામો

(૧) દશવૈકાલિક : શ્રી શય્યંભવસૂરિજીએ દશ અધ્યયનરૂપ આ સૂત્ર મધ્યાન્હ પછી અને સૂર્યાસ્તની પહેલાના વિકાલના સમયે રચેલું હોવાથી તેનું નામ દશવૈકાલિક પડયું છે.

(૨) કલ્પાકલ્પિક : આમાં કલ્પ્ય અને અકલ્પ્ય વસ્તુનું નિરૂપણ છે.

(૩) ક્ષુલ્લકકલ્પસૂત્ર : જેમાં સાધુના આચારોને અલ્પ-અર્થમાં જણાવાયા છે.

(૪) મહાકલ્પસૂત્ર : (મહા=બૃહત) જેમાં સાધુના આચારોને વિસ્તૃત અર્થમાં જણાવાયા છે.

(૫) ઔપપાતિક : જેમા ઉપપાતને ઉદ્દેશીને વિચારણા કરાઈ છે. આચારાંગસૂત્રનું આ ઉપાંગ છે.

(૬) રાજપ્રશ્નીય : પ્રદેશી રાજાના પ્રશ્નોને અનુલક્ષીને આ સૂત્ર રચાયું છે. બીજા સૂયગડાંગસૂત્રનું આ ઉપાંગ છે.

(૭) જીવાભિગમ : જેમાં જીવ અજીવનું વર્ણન છે. તે ઠાણુંગસૂત્રનું ઉપાંગ છે.

(૮) પ્રજ્ઞાપના :
(૯) મહાપ્રજ્ઞાપના : } જેમાં જીવાદિ પદાર્થોનું નિરૂપણ છે. જેઓ સમવાયાંગસૂત્રના ઉપાંગો છે.

(૧૦) નંદી : ભવ્ય જીવોને આનંદ આપનારું (નંદી=આનંદ) જ્ઞાનના પાંચ પ્રકારને સમજાવનારું છે.

(૧૧) અનુયોગદ્વાર : અનુયોગ=વ્યાખ્યાન ઉપક્રમ=નિક્ષેપ –અનુગમ અને નય એ ચાર વ્યાખ્યાનના દ્વારો છે. તે ચારનું સ્વરૂપ અહીં જણાવાયું છે.

(૧૨) દેવેન્દ્રસ્તવ : દેવોના ઇન્દ્ર ચમરેન્દ્ર–બલીન્દ્ર વગેરેના આયુષ્ય વગેરેનું સ્વરૂપ જેમાં જણાવ્યું છે.

(૧૩) તંદુલવૈચારિક : સો વર્ષની ઉંમરવાળો માણસ રોજ કેટલા ચોખા ખાય ? તથા ગર્ભસ્થ જીવના આહાર વગેરેની વિચારણા જેમાં કરવામાં આવી છે તે.

(૧૪) ચન્દ્રાવેધ્યક : ચન્દ્રા એટલે રાધા નામની યાંત્રિક પૂતળીની આંખની કીકી તેનો મર્યાદાપૂર્વક વધ તે ચન્દ્રાવેધ કહેવાય. આ રાધાવેધની ઉપમા દ્વારા મરણસમયની આરાધનાને જણાવતો આ ગ્રંથ છે.

(૧૫) પ્રમાદાપ્રમાદ : પ્રમાદ અને અપ્રમાદનું સ્વરૂપ વિસ્તારથી આમાં જણાવાયું છે.

(૧૬) પૌરુષીમંડલ : જેમાં પોરીસિનો સમય જણાવાયો છે.

(૧૭) મંડલપ્રવેશ : જેમાં ચન્દ્ર અને સૂર્યના દક્ષિણ અને ઉત્તરના માંડલામાં થતા પ્રવેશનું વર્ણન છે.

(૧૮) ગણિવિદ્યા : ગણિને ઉપયોગી વિદ્યાઓનું જેમાં વર્ણન છે. વળી આ ગ્રંથમાં દીક્ષા વગેરે શુભ કાર્યોના શુભ તિથિ-નક્ષત્ર વગેરે જ્યોતિષનું અને લક્ષણ વગેરે નિમિત્તોનું સ્વરૂપ જણાવાયું છે.

(૧૯) વિદ્યાચરણવિનિશ્ચય : જેમાં સમ્યગજ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ જણાવાયું છે.

(૨૦) ધ્યાનવિભક્તિ : જેમાં આર્ત્તધ્યાન વગેરે ધ્યાનોનું વર્ણન છે.

(૨૧) મરણવિભક્તિ : જેમાં આવિચિ વગેરે સત્તર પ્રકારના મરણનું પ્રતિપાદન છે.

(૨૨) આત્મવિશુદ્ધિ : પ્રાયશ્ચિત્ત કરવા દ્વારા આત્મવિશુદ્ધિ કરવાનો જેમાં ઉપાય બતાવ્યો છે.

(૨૩) સંલેખનાશ્રુત : દ્રવ્ય અને સંલેખના કરવાનો ઉપાય જેમાં બતાવ્યો છે.

(૨૪) વીતરાગશ્રુત : સરાગ અવસ્થાનો ત્યાગ કરીને આત્માના વીતરાગ સ્વરૂપને પામવાની જેમાં પ્રેરણા છે.

(૨૫) વિહારકલ્પ : વિહાર એટલે વર્તન તેનો કલ્પ એટલે વ્યવસ્થા અર્થાત્ જેમા સ્થવિરકલ્પ વગેરેના આચારોનું વર્ણન છે.

(૨૬) ચરણવિધિ : જેમાં ચરણસિત્તરી જણાવી છે.

(૨૭) આતુરપ્રત્યાખ્યાન : આતુર=ગ્લાન. જો તે મૃત્યુ સન્મુખ થઇ રહ્યો હોય તો તેણે ક્રમશઃ આહાર વગેરે કેવી રીતે ઘટાડતા જવાં અને અંતે ચારે આહારનો ત્યાગ કરવો તે વિધિ જેમાં બતાવાઇ છે.

(૨૮) મહાપ્રત્યાખ્યાન : જીવનના અંતે સ્થાવિરકલ્પી સાધુ કે જિનકલ્પી સાધુ ભવચરિમ્ નામનું જે મહાપ્રત્યાખ્યાન કરે છે. તેનું જેમાં વર્ણન છે.

સવ્વેહિં પિ એઅમ્મિ......

સર્વ પ્રકારના આ અંગબાહ્ય ઉત્કાલિક શ્રુતભગવંતમાં. જે ગુણા વા ભાવા વા અરિહંતેહિં......

હવે પછીનો બધો અર્થ પૂર્વના આલાવા પ્રમાણે કરવો.

બાર અંગોની બહાર આ અઠ્ઠાવીસ શ્રુત હોવાથી તે અંગબાહ્ય કહેવાય છે. વળી તેના કાલગ્રહણ નહિ હોવાથી તે ઉત્કાલિક કહેવાય છે.

# શ્રુતકીર્તનનો ત્રીજો આલાવો

**નમો તેસિં ખમાસણાણં...**

તે ક્ષમાશ્રમણોને અમારો નમસ્કાર થાઓ કે જેઓએ અંગબાહ્ય એવા કાલિકશ્રુતરૂપ ભગવંત અમને આપ્યા. જેઓએ પૂજનીય શ્રુતની રચના કરેલી છે. જે આ પ્રમાણે છે.

## અંગબાહ્ય કાલિકશ્રુતનાં નામો

(૧) **ઉત્તરાધ્યયન** : ઉત્તર એટલે પ્રધાન અથવા આચારાંગ સૂત્રના વધારામાં કહેલા વિનય વગેરે નામના છત્રીસ અધ્યયનોવાળો જે ગ્રંથ તે ઉત્તરાધ્યાયન સૂત્ર આ ગ્રંથ જુદા જુદા સ્થવિરોએ બનાવેલો છે.

(૨) **દસાશ્રુતસ્કંધ** : આ શ્રુતસ્કંધમાં દશ અધ્યયન છે.

(૩) **કલ્પસૂત્ર** : જે પર્યુષણમાં વંચાય છે. કલ્પ= સાધુઓનો આચાર.

(૪) **વ્યવહારસૂત્ર** : પ્રાયશ્ચિત્તસ્વરૂપ વ્યવહારને જણાવતો આ ગ્રંથ છે.

(૫) **ઋષિભાષિત** : ઋષિ એટલે પ્રત્યેક બુદ્ધ સાધુઓ. તે કુલ પિસ્તાલીસ છે. બાવીસમા જિનના તીર્થમાં થયેલા નારદ વગેરે વીસ ત્રેવીસમાં જિનના તીર્થમાં થયેલા પંદર ઋષિઓ અને ચોવીસમા જિન તીર્થમાં થયેલા દશ ઋષિઓ એમ કુલ પિસ્તાલીસ મુનિવરો નારદ આદિ નામના જે પિસ્તાલીસ અધ્યયનો કહ્યા છે તેમાં ગૈક્ષમણ અધ્યયન આ ગ્રંથમાં છે.

(૬) **નિશીથ** : નિશીથ એટલે ગુપ્ત. તેમાં ગીતાર્થો સિવાય બીજાઓને નહિ ભણાવવા જેવી બાબતો જણાવાઈ છે. આ ગ્રંથ આચારાંગસૂત્રની પાંચમી ચૂલિકારૂપ કહેવાય છે.

(૭) **મહાનિશીથ** : બૃહદ્ નિશીથસૂત્ર. નિશીથસૂત્ર કરતાં મૂળગ્રંથ અને અર્થ જેમાં મહાન છે.

(૮) જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ : જેમાં જંબુદ્વીપ વગેરેનું સ્વરૂપ જણાવાયું છે.

(૯) ચન્દ્રપ્રજ્ઞપ્તિ : જેમાં ચન્દ્રના માંડલા વગેરે જણાવાયા છે.

(૧૦) સૂર્યપ્રજ્ઞપ્તિ : જેમાં સૂર્યના ,, ,, ,, ,,

(૧૧) દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ : જેમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રોનું વર્ણન છે.

(૧૨) ક્ષુલ્લિકાનવિમાન પ્રવિભક્તિ : | જેમાં વૈમા-
(૧૩) મહતીવિમાન પ્રવિભક્તિ : | નિક દેવોના

આવલિકાગત અને પ્રકીર્ણક વિમાનોનું વર્ણન છે તે ઓછા સૂત્રો તથા અર્થવાળી ક્ષુલ્લિકાવિમાન પ્રવિભક્તિ છે, અને વધારે સૂત્ર તથા અર્થવાળી મહતીવિમાન પ્રવિભક્તિ છે.

(૧૪) અંગચૂલિકા : આચારાંગ વગેરે અંગસૂત્રોની ચૂલિકા તે અંગચૂલિકા કહેવાય. ચૂલિકા એટલે પરિશિષ્ટ.

(૧૫) વર્ગચૂલિકા : વર્ગ એટલે અધ્યયનો વગેરેનો સમૂહ. જેમકે અંતગડદશામાં આઠ વર્ગ છે. તે વર્ગો ઉપરની જે ચૂલિકા તે વર્ગચૂલિકા જાણવી.

(૧૬) **વિવાહચૂલિકા** : વિવાહ એટલે વિવાહપ્રજ્ઞપ્તિ નામનું ભગવતી સૂત્ર. તેના ઉપરની જે ચૂલિકા તે આ વિવાહચૂલિકા છે.

(૧૭) **અરુણોપપાત** : અરુણ નામના દેવે સંકેતથી રચેલો પાઠ જેમાં છે તે. જ્યારે સાધુ ઉપયોગપૂર્વક આ પાઠનું આવર્તન કરે ત્યારે અરુણ નામના દેવનું આસન કંપાયમાન થાય છે. અને તે દેવ તે સાધુ પર પુષ્પવૃષ્ટિ વગેરે કરે છે. અને તે પાઠને સાંભળે છે તથા તે સાધુને વરદાન માંગવાનું કહે છે. જો સાધુ નિઃસ્પૃહતા દાખવે તો તે દેવ અધિક ભક્તિમાન થઈને તેને પ્રદક્ષિણા દઈને પાછો જાય છે.

(૧૮) **થી** (૨૨) વરુણોપપાત-ગરુડોપપાત-ધરણોપપાત-વેલંધરોપપાત-દેવેન્દ્રોપપાત : (અનુક્રમે) આ પાંચનું સ્વરૂપ અરુણોપપાત પ્રમાણે સમજવું. પરંતુ તેમાં માત્ર દેવોનાં નામ બદલી તેમના પાઠો જુદા જુદા સમજવા.

(૨૩) ઉત્થાનશ્રુત : જ્યારે સંઘનું કોઈ વિશિષ્ટ કાર્ય આવી પડે અર્થાત્ કોઈ કુળ-ગામ કે રાજધાની તરફથી સંઘ ઉપર આપત્તિ લાવવામાં આવે ત્યારે તેને દૂર કરવા માટે કોઈ આવેશયુક્ત સાધુ અપ્રસન્ન મનથી અશુભ આસન પર બેસીને જો આ ઉત્થાનશ્રુતનું પરાવર્તન એક-બે કે ત્રણ વાર કરે તો તરત જ તેના સંકલ્પ મુજબ તે કુળ-ગામ કે રાજધાની ભયભીત થઈને નાશભાગ કરવા લાગે.

(૨૪) **સમુત્થાનશ્રુત** : આ સૂત્રના પરાવર્તનથી સકળ સંઘમાં નિર્ભયતા-સ્વસ્થતા અને શાંતિ થાય છે,

(૨૫) નાગપરિઆવલિકા : જ્યારે સાધુ ઉપયોગપૂર્વક આ સૂત્રનો પાઠ કરે ત્યારે નાગકુમાર દેવો તેને વંદનાદિ કરે અને સંઘનાં કાર્યો માટે તેને વરદાન આપે.

(૨૬) નિરયાવલિકા : આ સૂત્રમાં નરકમાં આવેલા શ્રેણીબદ્ધ અને પ્રકીર્ણક નરકાવાસોનું તથા ત્યાં ઉત્પન્ન થનારા નારક જીવોનું વર્ણન છે.

(૨૭) કલ્પિકા : જેમાં સૌધર્મ વગેરે કલ્પોનું વર્ણન છે.

(૨૮) કલ્પાવતંસિકા : જેમાં પ્રથમ બે દેવલોકના કલ્પાવતંસક વિમાનોનું અને તેમાં ઉત્પન્ન થતા દેવદેવીઓના પૂર્વ ભવના વિશિષ્ટ તપ વગેરેનું વર્ણન છે.

(૨૯) પુષ્પિકા : કોઈ આત્મા સંસારના બંધનોનો ત્યાગ કરીને સંયમભાવ દ્વારા પુષ્પની જેમ ખીલે છે અને કોઈ આત્મા આ સંયમભાવ છોડી દેતાં કેવો કરમાય છે ? તેનું વર્ણન અહીં કરાયું છે.

(૩૦) પુષ્પચૂલિકા : પુષ્પિકાસૂત્રની ચૂલિકારૂપ આ ગ્રંથ છે.

(૩૧) વૃષ્ણિદશા : વૃષ્ણિ એટલે અંધકવૃષ્ણિ નામનો રાજા. તે રાજાનું જેમાં વર્ણન છે તે વૃષ્ણિકા કહેવાય અને દશ વૃષ્ણિકાઓવાળું સૂત્ર તે વૃષ્ણિદશા કહેવાય.

(૩૨) આસીવિષભાવના : આસી એટલે આસ્ય=મોઢું. જેના મોઢામાં વિષ છે તે આસીવિષ કહેવાય છે. જુદી જુદી જાતના આસીવિષ સ્વરૂપનો જેમાં વિચાર છે તે તે સૂત્રનું નામ આસીવિષભાવના છે.

(૩૩) **દૃષ્ટિવિષભાવના :** જેની દૃષ્ટિમાં ઝેર છે તે દૃષ્ટિ-વિષ કહેવાય. તેઓનો જેમાં વિચાર છે તે દૃષ્ટિવિષભાવના કહેવાય.

(૩૪) **ચારણભાવના :** જેમાં જંઘાચારણ અને વિદ્યાચારણ એમ બન્ને પ્રકારના ચારણ લબ્ધિવાળા મુનિઓનું વર્ણન છે.

(૩૫) **મહાસ્વપ્નભાવના :** જેમાં ચૌદ મહાસ્વપ્નનું વર્ણન છે.

(૩૬) **તૈજસાગ્નિ નિસર્ગ :** જેમાં તેજોલેશ્યારૂપ અગ્નિ કેવી રીતે બહાર છોડવો તેનું વર્ણન છે.

**સવ્વેહિં પિ એઅમ્મિ...........**

આ છત્રીસ પ્રકારના અંગબાહ્ય કાલિકશ્રુતભગવંતમાં જે ગુણો કે ભાવો. [બાકીનું પૂર્વના આલાવા મુજબ સમજવું.]

બાર અંગોની બહાર આ છત્રીસ શ્રુત હોવાથી તે પણ અંગબાહ્ય કહેવાય છે. અને તેના કાલગ્રહણ હોવાથી તે કાલિક કહેવાય છે.

અહીં સુધી આવશ્યક, ઉત્કાલિક અને કાલિક એવા અંગબાહ્યશ્રુતનું કીર્તન કર્યું. હવે પછીના ચોથા આલાવામાં અંગપ્રવિષ્ટશ્રુતનું કીર્તન કરવામાં આવે છે.

## શ્રુતકીર્તનનો ચોથો આલાવો

**નમોતેસિં ખમાસમણાણં...........**

તે ક્ષમાશ્રમણોને અમારો નમસ્કાર થાઓ કે જેઓએ અમને નીચે જણાવેલા બાર અંગરૂપ શ્રુત ભગવંત આપ્યા.

અથવા જેઓએ તે બાર અંગોને સૂત્ર-અર્થ અને તદુભયરૂપે રચ્યા. આ બાર અંગોના શ્રુતને ગણિપીટક કહેવામાં આવે છે. ગણિ એટલે આચાર્ય. તેમની પેટી એટલે આગમવચન-રૂપ રત્નોનો ખજાનો !

## અંગપ્રવિષ્ટ બાર અંગોનાં નામો

(૧) આચારાંગ : જેમાં શિષ્ટ પુરુષોએ આચરેલો જ્ઞાનાદિ આચાર જણાવાયો છે.

(૨) સૂયગડાંગ : (સૂત્રકૃતાંગ) જેમાં સૂત્રો દ્વારા વિશ્વના પદાર્થો જણાવાયા છે.

(૩) ઠાણાંગ (સ્થાનાંગ) : જેમાં જગતમાં આત્મા વગેરે એક-એક કોણ છે ? જડ-ચેતન વગેરે બબ્બે કોણ છે ? એમ દશ સંખ્યા સુધીના પદાર્થોનું નિરૂપણ કરાયું. છે.

(૪) સમવાયાંગ : જેમાં જીવાદિ પદાર્થોનું વર્ણન છે. સમ્ એટલે સારી, અવ એટલે વિસ્તારથી, અય એટલે જીવાદિપદાર્થો.

(૫) વિવાહપ્રજ્ઞપ્તિ : જેમાં પરમાત્મા મહાવીરદેવને ગૌતમસ્વામીજીએ પૂછેલા સવાલો અને જવાબોનો સંગ્રહ છે. આ ગ્રંથ અતીવ પૂજ્ય હોવાથી તેનું બીજું નામ ભગવતીવિવાહપ્રજ્ઞપ્તિ છે.

(૬) જ્ઞાતાધર્મકથા : જેમાં ઉદાહરણપૂર્વક અનેક કથાઓ છે.

(૭) ઉપાસકદશા : ઉપાસક એટલે શ્રમણોપાસક (શ્રાવક) તેની ક્રિયા વગેરેનું જેમાં વર્ણન છે.

(૮) અંતકૃતદશા : જેમણે કર્મોનો અથવા કર્મના ફળસ્વરૂપ સંસારનો અંત કરી દીધો છે તેવા તીર્થંકરો વગેરે અંતકૃત આત્માઓનું દશ અધ્યયનો દ્વારા વર્ણન છે.

(૯) અનુત્તરોપપાતિકદશા : અનુત્તર એટલે ઉપરના છેલ્લા પાંચ વિમાનો. ત્યાં ઉત્પન્ન થનારા આત્માઓનું દશ અધ્યયનથી જેમાં વર્ણન છે.

(૧૦) પ્રશ્નવ્યાકરણ : પ્રશ્ન એટલે સવાલ. વ્યાકરણ એટલે જવાબ. આ ગ્રંથ સવાલ જવાબના રૂપમાં ગુંથાયેલો છે.

(૧૧) વિપાકશ્રુત : આ ગ્રંથમાં શુભાશુભ કર્મોના વિપાકો જણાવાયા છે.

(૧૨) દૃષ્ટિવાદ : દૃષ્ટિ એટલે દર્શન. જેમાં સર્વ દર્શનોનો વાદ આવે છે, અથવા જેમાં સર્વ નયોરૂપી ભિન્ન-ભિન્ન દૃષ્ટિઓનું નિરૂપણ છે.

સવ્વેહિં પિ એઅમ્મિ......

આ ગણિપીટક સ્વરૂપ ભગવાન દ્વાદશાંગીમાં....

[બાકીનું પૂર્વના આલાવા મુજબ સમજવું.]

## પાંચમો આલાવો : ઉપસંહાર :

નમો તેસિં ખમાસમણાણં......

તે ક્ષમાશ્રમણોને અમારો નમસ્કાર થાઓ કે જેઓએ આચાર્યના રત્નના ખજાના સમાન [ગણિપીટક]-બાર

અંગસ્વરૂપ શ્રુત-અમોને આપ્યું અથવા જેઓએ સૂત્ર-અર્થ- તદુભયરૂપે રચ્યું.

સમ્મં કાએણં ફાસંતિ......

અરે....! તેઓને પણ અમારા નમસ્કાર થાઓ કે જેઓ....

(૧) આ શ્રુતને ભણતી વખતે હાથમાં લેવા દ્વારા કાયાથી સ્પર્શે છે.

(૨) પુનઃ પુનઃ તેનો અભ્યાસ કરી રક્ષણ કરે છે. (પાલંતિ)

(૩) માત્રા-બિંદુ અક્ષરો વગેરેને ભણનારો ભૂલે તો તેને સુધારી આપે છે (પૂરંતિ)

(૪) જીવે ત્યાં સુધી સતત પાઠ કરતા રહીને પોતાના જીવનના છેડા સુધી યાદ રાખે છે (તીરંતિ)

(૫) પોતાના નામની જેમ સ્વાધ્યાય કરવા દ્વારા સ્તુતિ કરે છે અથવા સમ્યક્ ઉચ્ચારણ કરે છે (કિટ્ટંતિ).

(૬) તે શ્રુતને આજ્ઞાનુસાર આરાધે છે અર્થાત્ અનુષ્ઠાનમાં ઉતારે છે (આરાહંતિ).

તે સહુને પણ અમારો નમસ્કાર થાઓ.

અહં ચ નારાહેમિ......

પ્રમાદ આદિને વશ થઈને તે શ્રુતની જે જે પ્રકારની આરાધના હું નથી કરતો તે બધાય દોષનું હું મિચ્છામિ દુક્કડમ્ કરું છું. અર્થાત્ મારું તે પાપકર્મ મિથ્યા થાઓ. એટલે કે ઉદયમાં આવતા પૂર્વે જ વીખરાઈ જાવ.

હવે છેલ્લે મંગલ માટે શ્રુતદેવીની સ્તુતિ કરાય છે સુઅદેવયા ભગવઇ......

હે ભગવતી શ્રુતદેવતા ! તે પુણ્યાત્માઓના જ્ઞાનાવરણીય કર્મના સમૂહનો સતત ક્ષય કરો કે જે પુણ્યાત્માઓને શ્રુતજ્ઞાનરૂપી સમુદ્ર પ્રત્યે ભારે ઊંચા વિનય અને બહુમાન સ્વરૂપ ભક્તિ છે. (જેથી તેઓને શીઘ્ર કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય.)

## પાક્ષિક ખામણા સૂત્રના અર્થ

### (૬)

ગુરુના વિનય-ધર્મનું સૌથી ઉત્કૃષ્ટ સ્વરૂપ શિષ્યોમાં કેવું હોવું જોઈએ તેનું આ ચાર ખામણાસૂત્રમાં-ઉત્કૃષ્ટ ભાષામાં વિવેચન કરવામાં આવ્યું છે.

પહેલા ખામણામાં : ગુરુના સુંદર રીતે પસાર થતા સંયમજીવનના દિવસો પ્રત્યે શિષ્ય પોતાનો અનહદ આનંદ વ્યક્ત કરે છે. જ્યારે સાગર સમાન ગુરુની અંદર મીઠાના પૂતળા સમાન શિષ્યે પોતાનું વિલોપન કરીને સાગર સાથે અભેદ સાધી લીધો હોય ત્યારે શિષ્યને પોતાના પસાર થતાં સંયમ જીવનના સુંદર દિવસોની યાદી આપીને ખુશી વ્યક્ત કરવાનો સવાલ જ ઊભો થતો નથી.

બીજા ખામણામાં : શિષ્યને જ્યારે જ્યારે ચૈત્યોની વંદના કરવા મળી કે રસ્તામાં આચાર્યાદિ મળી ગયા ત્યારે જે કાંઈ બન્યું તેનું નિવેદન ગુરુ પાસે કરવામાં આવ્યું છે.

ત્રીજા ખામણામાં : ગુરુએ શિષ્યને જે કાંઈ વસ્ત્ર-પાત્ર હિતશિક્ષા કે શ્રુત આપ્યું તેમાં જે કાંઈ અવિનય થઈ ગયો હોય તે બદલ શિષ્ય ક્ષમા માંગે છે.

ચોથા ખામણામાં : ગુરુએ પોતાની ઉપર કરેલા અપાર અનુગ્રહને યાદ કરતો શિષ્ય તેમને પુનઃ પુનઃ વંદનાઓ કરવાની ભાવના વ્યક્ત કરી વંદના અર્પે છે.

# પહેલા ખામણાનો અર્થ

**ઈચ્છામિ ખમાસમણો પિઅં ચ મે જંભે......**

હે પૂજનીય ક્ષમાશ્રમણ ગુરુદેવ....! હું ઇચ્છું છું કે.... અર્થાત્ મને એ અત્યંત માન્ય છે કે-(ગમે છે કે)-આપનો આજનો પર્વ દિવસ અને વીતેલું પખવાડિયું ખૂબ સારી રીતે પસાર થયું છે, આ વાતનો મને ઘણો હર્ષ છે. વીતેલા પખવાડિયામાં આપ કેવા હતા ?

(૧) હટ્ઠાણં : નીરોગી.

(૨) તુટ્ઠાણં : ચિત્તની પ્રસન્નતાવાળા,

(૩) અપ્પાયંકાણં : રોગથી સર્વથા રહિત,

(૪) અ-ભગ્ગ-જોગાણં : સંયમ કરણીમાં વ્યાઘાત વિનાના,

(૫) સુસીલાણં : અઢાર હજાર શિલાંગ સ્વરૂપ આચારવાળા,

(૬) સુવ્વયાણં : મહાવ્રતોના ધારક.

(૭) સાયરિય ઉવજ્ઝાયાણં : બીજા આચાર્યો ઉપાધ્યાયો સહિત,

**નાણેણં દંસણેણ..........**

જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપથી આત્માને વિશુદ્ધ કરતા એવા હતા.

દિવસો-પોસહો-પક્ખો.........

આપનો પૌષધ દિવસ એટલે આજના પર્વ દિવસ અને ગત પખવાડિયું ખૂબ સારી રીતે પૂર્ણ થયા.

**અન્નોય ભે કલ્લાણેણં.........**

અને અન્ય નવું પખવાડિયું શરૂ થવા લાગ્યું છે.

**સિરસા મણસા.........**

હે ગુરુદેવ....! એવા આપને મસ્તકથી અને મનથી હું વંદન કરું છું.

[અહીં 'મત્થએણ વંદામિ'નો અર્થ માત્ર નમસ્કાર કરું છું એટલો જ કરવો.]

આ વખતે ગુરુ શિષ્યને જવાબ આપે છે કે....

**તુબ્ભેહિંસમં** : જે ચિત્તપ્રસન્નતા વગેરે મને પ્રાપ્ત થયા છે તે તમારા બધાના સહકારથી જ થયા છે.

## બીજા ખામણાનો અર્થ

ઇચ્છામિ ખમાસમણો

પુવ્વિંચેઈઆઇં.........

હે ક્ષમાશ્રમણ ગુરુદેવ.... ! હું આપને નિવેદન કરવાને ઇચ્છું છું કે ભૂતકાળમાં ચૈત્યોને સ્તુતિઓરૂપે વંદન કરીને (નમંસિત્તા) તથા નમસ્કાર કરીને.

**તુબ્ભણ્હં પાયમૂલે વિહરમાણેણં**

આપના ગુરુકુલવાસમાં રહીને વિહાર કરતો હું

**જે કેઇ બહુદેવસિઆ સાહુણો દિટ્ઠા**

ઘણા વર્ષોના પર્યાયવાળા જે કોઇ સાધુઓને મળ્યો.

## કેવા તે સાધુઓ ?

**સમાણા વા** : વૃદ્ધાવસ્થાદિના કારણે સ્થિરવાસ પામેલા,

વસમાણા વા : શાસ્ત્રોક્તવિધિથી વિહાર કરનારા,

ગામાણુગામં દૂઇજ્જમાણા વા : આથી જ ગામોગામ ફરનારા.

મને મળેલા ઉપરોક્ત બધા સાધુઓમાં

રાઇણિયા સંપુચ્છંતિ : જે આપના રત્નાધિકો મળ્યા તેઓએ આપને કુશળતા પૂછાવી છે.

ઓમરાઇણિયા વંદંતિ : અને જેઓ આપનાથી નાના હતા (ઓમ=નાના) તેઓએ આપને વંદના જણાવી છે.

અજ્જયા વંદંતિ : મને મળેલા પદવી વિનાના મુનિ-ઓએ આપને વંદના જણાવી છે.

અજ્જિઆઓ વંદંતિ : રસ્તામાં મળેલા સાધ્વીજીઓએ આપને વંદના જણાવી છે.

સાવયા વંદંતિ-સાવિયાઓ વંદંતિ : મળેલા શ્રાવક-શ્રાવિકાઓએ પણ આપને વંદના જણાવી છે.

## તે વખતે

| | |
|---|---|
| અહં પિ નિસ્સલ્લો નિક્કસાઓ સિરસા-મણસા મત્થએણ વંદામિ | નિઃશલ્ય અને નિઃકષાય એવા મેં પણ તે તે વ્યક્તિઓને યથાયોગ્ય મસ્તકથી અને મનથી વંદન વગેરે કર્યું છે. |

ત્તિ કટ્ટુ : જો આમ છે તો-

[હે ગુરુદેવ! આપ પણ તે બધાના યથાયોગ્ય વંદનાદિનો લાભ લ્યો.]

—અહીં ગુરુ શિષ્યને કહે છે કે—

**અહમવિ વંદાવેમિ ચેઇઆઇં** : હું પણ તે ચૈત્ય વગેરેને વંદનાદિ કરું છું.

## ત્રીજા ખામણાનો અર્થ

**ઇચ્છામિ ખમાસમણો ઉવટ્ઠિઓહં**

હે ક્ષમાશ્રમણ ગુરુદેવ ! હું આપની સમક્ષ મારું નિવેદન કરવા માટે ઉપસ્થિત થયો છું.

તુબ્ભણ્હં સંતિઅં : આપે અમને આપેલું સઘળુંય-

## ગુરુએ શું શું આપ્યું છે તેની નોંધ

**અહાકપ્પં વા** : સ્થવિરકલ્પને માટે કલ્પ્ય એટલે કે ખપે તેવું નીચે પ્રમાણેનું-

**વત્થં વા-પડિગ્ગહં વા-કંબલં વા પાયપુચ્છણં વા-રયહરણં વા**

વસ્ત્ર-પાત્ર-કામળ-પાયપુચ્છણ (દંડાસન) અને રજોહરણ વગેરે-

**અક્ખરં વા-પયં વા-ગાહં વા-સિલાગં વા-સિલોગદ્ધં વા**

સૂત્રોનો એક અક્ષર-પદ ગાથા- શ્લોક કે અર્ધશ્લોક,

**અટ્ઠં વા-હેઉં વા-પસિણં વા-વાગરણં વા**

સૂત્રના અર્થ તે તે હેતુઓ સવાલ અને જવાબ.

**તુબ્ભેહિં ચિઅત્તેણં દિન્નં** :

તમે મને ભારે પ્રીતિ સાથે આ બધું આપ્યું.

**મએ અવિણએણ પડિચ્છિઅં :**

પણ અભાગી એવા મેં અવિનયથી ગ્રહણ કર્યું-

**તસ્સ મિચ્છા મિ દુક્કડમ્** : તે સઘળું મારું પાપ મિથ્યા થાવ.

આ વખતે ગુરુ શિષ્યને જવાબ આપે છે કે-

**આયરિયસંતિઅં** : હે શિષ્ય ! મેં કશું જ આપ્યું નથી. તે બધું મારા ગુરુદેવોનું છે માટે તેમનું જ આપેલું સમજવું.

## ચોથા ખામણાનો અર્થ

**ઇચ્છામિ ખમાસમણો અહમપુવ્વાઇં :**

હે ક્ષમાશ્રમણ ગુરુદેવ ! હું આપને અપૂર્વ (ભૂતકાળમાં કદી ન કરાયેલા) વંદનો કરવાની ઇચ્છા રાખું છું.

**કયાઇં ચ મે કિઇકમ્માઇં :**

ભૂતકાળમાં આપને મેં જે વંદનો કર્યાં તે સમયોમાં.

**આયારમંતરે** : મેં જ્ઞાનાદિ આચારોનું પાલન ન કર્યું.

**વિણયમંતરે** : વિનય ન કર્યો,

### ત્યારે

**સેહિઓ સેહાવિઓ** : આપે તે આચાર અને વિનય મને શીખવ્યો અથવા અન્ય સાધુઓ મારફત મને શીખવાડયો.

**સંગહિઓ, ઉવગ્ગહિઓ** : આ રીતે શીખવાડીને અવિનયી એવા મારો શિષ્ય તરીકે ફરી સ્વીકાર કર્યો અને વળી પાછું જ્ઞાનાદિ અને વસ્ત્રાદિનું દાન કરીને મને આશ્રય આપ્યો.

સારિઆ, વારિઆ : (૧) આપે મારા હિત માર્ગનું સ્મરણ કરાવ્યું.

ચોઇઆ, પડિચોઇઆ (૨) અહિતમાં પ્રવૃત્તિ કરતાં મને વાર્યો.

(૩) આરાધનામાં સ્ખલન થતાં મધુર શબ્દોમાંથી મને ઠપકાર્યો અને....

(૪) છતાં પણ ભૂલો થતી રહી તો સખ્ત ઠપકા સાથે મને વારંવાર બચાવ્યો.

**ચિઅત્તા મે પડિચોયણા** : હે ગુરુદેવ ! આપની એ વારંવારની પ્રેરણાઓ મને હાર્દિક રીતે ખૂબ જ ગમી છે. [ચિઅત્તા-મને પ્રીતિકર બની છે. અર્થાત્ આપની પ્રેરણાઓ મારા અહંકાર વગેરેના કારણે જરાય અપ્રીતિકર બની નથી.]

ઉવટ્ઠિઓહં : હે ગુરુદેવ ! આથી જ હું આપની સમક્ષ મારી થયેલી ભૂલોને સુધારવા માટે હિતશિક્ષા પામવા ઉપસ્થિત થયો છું.

તુબ્ભણ્હં તવતેયસિરીએ ઈમાઓ
ચાઉરંત-સંસાર-કંતારાઓ
સાહટ્ટુ નિત્થરિસ્સામિ

હે ગુરુદેવ ! મને પૂર્ણ શ્રદ્ધા છે કે આપના તપરૂપી તેજના મહિમાથી આ ચાર ગતિરૂપ ચાર છેડાવાળા સંસારવનમાંથી મારા આત્માને ઉઠાવી લઈને હું નિસ્તાર પામીશ.

ત્તિ કટ્ટુ : એ હેતુથી

**સિરસા-મણુસા-મત્થએણ વંદામિ**

મસ્તકથી અને મનથી હું આપને વારંવાર અપૂર્વ નમસ્કારો કરવાને ઇચ્છું છું.

જ્યારે આ રીતે ગુરુના અસીમ ઉપકારો પ્રત્યે કૃતજ્ઞતા દાખવીને ગુરુને અપૂર્વ નમસ્કારો કરવાની ઇચ્છા રાખતો શિષ્ય સંસારવનનો પાર પામવાની પ્રાર્થના વ્યક્ત કરે છે ત્યારે ગુરુ તેને જવાબ આપે છે કે

નિત્થારગપારગા હોહ ; હે વત્સ ! તું આ સંસાર-સાગરથી વહેલી તકે નિસ્તાર અને પાર પામનારો થા.

# વિભાગ–બીજો

શ્રી વીતરાગ સ્તોત્રના ચૂંટેલા

સાત પ્રકાશો

અને

પ્રથમ પંચસૂત્રનો

ભાવાનુવાદ

# વીતરાગ સ્તોત્ર

## પહેલો પ્રકાશ

[ આ ભાવાનુવાદ છે; માટે શ્લોકના યથાશ્રુત અર્થોને સંવેદનશીલ ભાવમાં રૂપાંતરિત કરવા માટે પરમાત્માના વિશેષણોને સંબોધનની ભાષામાં ફેરવ્યા છે. ]

यः परात्मा परंज्योतिः परमः परमेष्ठिनाम् ।
आदित्यवर्णं तमसः परस्तादामनन्ति यम् ॥ १ ॥

હે જગતૂના સર્વોત્તમ આત્મા ! હે ! સર્વજ્ઞપણાના ટોચ જ્ઞાનની ઉત્કૃષ્ટ જ્યોતિના ધારક ! પાંચેય પરમેષ્ઠિઓમાં શ્રેષ્ઠ હે ભગવંત ! જેમને પંડિત પુરુષોએ અજ્ઞાનના અતિ ગાઢ અંધકારનો પાર પામેલા કહ્યા છે તેવા હે સૂર્યશા પ્રકાશને ફેલાવનારા વીતરાગ–પ્રભુ !

આપના ચરણે કોટિ વંદન.

सर्वे येनोदमूल्यन्त समूलाः क्लेशपादपाः ।
मूर्ध्ना यस्मै नमस्यन्ति सुरासुरनरेश्वराः ॥ २ ॥

હે પરમેશ્વર !

આપે રાગાદિસ્વરૂપ ક્લેશના વૃક્ષોને તો મૂળમાંથી ઉખેડી નાંખ્યા !

હે વિભુ !

દેવો, અસુરો અને મર્ત્યલોકના સ્વામીઓ પોતાના મસ્તક વડે આપ કૃપાલુદેવને ભાવભર્યા વંદન કરે છે.

प्रावर्त्तन्त यतो विद्याः पुरुषार्थप्रसाधिकाः ।
यस्य ज्ञानं भवद्भाविभूतभावावभासकृत् ॥ ३ ॥

હે ત્રિલોકગુરુ !

મોક્ષ-પુરુષાર્થને સિદ્ધ કરી આપતી શબ્દાદિ વિદ્યાઓ આપના જ શ્રીમુખેથી પ્રગટ થઈ છે.

હે વિભુ !

વર્તમાનકાળ, ભવિષ્યકાળ અને ભૂતકાળના સકળ પદાર્થોને પ્રકાશિત કરી દેતું જ્ઞાન આપના જ વિશુદ્ધ આત્મતત્ત્વમાં પડેલું છે.

यस्मिन्विज्ञानमानन्दं ब्रह्मचैकात्मतां गतम् ।
स श्रद्धेयः स च ध्येयः प्रपद्ये शरणं च तम् ॥ ४ ॥

હે જગદ્‌ગુરુ !

કેવી કમાલ થઇ છે કે આપ કૃપાલુના આત્મામાં અનંત જ્ઞાન અનંત સુખ અને અનંત શુદ્ધિરૂપ પરમપદની એકતા થઇ ગઈ છે.

હે પરમપિતા !

આથી જ આપ અમારા સહુ માટે અત્યન્ત શ્રદ્ધેય બન્યા છો. અમારા ધ્યાનનો એકમાત્ર વિષય બન્યા છો.

અમે આપનું જ શરણ સ્વીકારીએ છીએ.

तेन स्यां नाथवांस्तस्मै स्पृहयेयं समाहितः ।
ततः कृतार्थो भूयासं भवेयं तस्य किङ्करः ॥ ५ ॥

હે શરણ્ય !

હું આપના વડે જ આ જગતમાં સનાથ છું. મારા શાન્ત મનપૂર્વક હું આપને જ સતત ઝંખું છું. મને આપ મળ્યા છો માટે જ હું કૃતાર્થ બની ગયો છું. હું સદા માટેનો આપનો દાસ છું.

तत्र स्तोत्रेण कुर्यां च पवित्रां स्वां सरस्वतीम् ।
इदं हि भवकान्तारे जन्मिनां जन्मनः फलम् ॥ ६ ॥

હે સ્તવનીય ! મને મળેલી જીભને, આપની સ્તવના કરવા દ્વારા હું પવિત્ર કરીશ; કેમકે મને સ્પષ્ટપણે લાગ્યું છે કે "આ સંસાર અટવીમાં જન્મ પામેલા જીવોના જન્મની સફળતા આપની સ્તવનામાં જ પડેલી છે.

क्वाऽहं पशोरपि पशु वीतरागस्तवः क्व च ।
उत्तितीर्षुररण्यानिं पद्भ्यां पङ्गुरिवास्म्यतः ॥ ७ ॥

અરે ! અરે ! પશુથીય ભૂંડો ! ક્યાં હું ? અને.... અને જગતમાં સર્વથી ઉત્કૃષ્ટ એવી વીતરાગદેવની સ્તવના ક્યાં ? બે વચ્ચે કશો મેળ જામે તેવું જણાતું નથી.

પાંગળો, બિચારો ! બે પગોથી મોટા વનને પાર કરી દેવાની ખ્વાહેશ ધરાવે તેવી મારી મનઃસ્થિતિ છે.

तथाऽपि श्रद्धामुग्धोऽहं नोपालभ्यः स्खलन्नपि ।
विशृङ्खलाऽपि वाग्वृत्तिः श्रद्दधानस्य शोभते ॥ ८ ॥

ગમે તેમ હો....

પણ હું તો હે પરમપિતા ! તારી શ્રદ્ધાથી ઘેલો બનેલો છું ! પાગલ છું !

તારી સ્તવના તો કરીને જ રહીશ. અને તેમાં સ્ખલનાઓ થશે તોય હું શિષ્ટ લોકોના ઠપકાને પાત્ર નહિ જ બનું.

કેમ કે શ્રદ્ધાઘેલા આત્માની ઢંગધડા વિનાની પણ વાકયરચનાઓ સુંદર જ જણાતી હોય છે.

## નવમો પ્રકાશ

यत्राल्पेनाऽपि कालेन त्वद्भक्तैः फलमाप्यते ।
कलिकालः स एकोऽस्तु कृतं कृतयुगादिभिः ॥ १ ॥

હે પરમપિતા !

જ્યાં થોડા જ કાળ માટે પણ કરેલી આપની ભક્તિનું ફળ મળી જાય છે તે કળિકાળ જ અમારે તો ઇચ્છવાલાયક બની જાય છે.

પેલા સત્‌યુગનું અમારે શું કામ ? [જ્યાં ઘણી ભક્તિ પછી જ ફળ મળે !]

सुषमातो दु:षमायां, कृपा फलवती तव ।
मेरुतो मरुभूमौ हि श्लाघ्या कल्पतरोः स्थितिः ॥ २ ॥

હે ત્રિભુવનપતિ !

જ્યાં ઘણા બધા પુણ્યાત્માઓ ધર્મ કરતા જોવા મળે છે એવા સુષમાકાળમાં મળતી આપની કૃપા કરતાં જ્યાં કોક જ પુણ્યાત્મા ધર્મ કરતો જોવા મળે તેવી સ્થિતિવાળા દુઃષમાકાળમાં મળી જતી આપની કૃપા તો અત્યંત વધુ મૂલ્યવંતી કહેવાય અને ફલવતી બની જાય.

श्राद्धः श्रोता सुधीर्वक्ता, युज्येयातां यदीश ! तत् ।
त्वच्छासनस्य साम्राज्यमेकच्छत्रं कलावपि ॥ ३ ॥

હે ઇશ !

કોણ કહે છે કે આજના હળાહળ કલિકાલમાં આપનું ધર્મશાસન એકછત્રી બનીને વિજયવંતુ બની શકતું નથી ?

જો ધર્મશ્રવણને કરનારા શ્રોતાઓ તારી આજ્ઞાના પૂરા શ્રદ્ધાળુ બની જાય અને જો ધર્મશાસ્ત્રો ઉપર વ્યાખ્યાન કરનારા મુનિઓ સ્વ-પર શાસ્ત્રો ઉપર ઠોસ જાણકાર-ગીતાર્થ-બની જાય તો....

युगान्तरेऽपि चेन्नाथ ! भवन्त्युच्छृङ्खलाः खलाः ।
वृथैव तर्हि कुप्यामः कलये वामकेलये ॥ ४ ॥

અરે ! સત્ યુગ વગેરે સુંદર ગણાતા યુગોના કાળમાં પણ હે નાથ ! ગોશાલક વગેરે જેવા ઉચ્છૃંખલ લુચ્ચા પુરુષો થયા જ છે, તો પછી વાંકી જ રમતો રમવાના સ્વભાવવાળા કળિયુગના વાંકા લોકોને જોઇને તે કળિયુગ ઉપર અમે નકામા ગુસ્સો ઠાલવી રહ્યા છીએ.

कल्याणसिद्धयै साधीयान् कलिरेव कषोपलः ।
विनाग्निं गन्धमहिमा काकतुण्डस्य नैधते ॥ ५ ॥

રે ! આ કલિકાલ જ અમારે તો ખૂબ સારો છે. જે કસોટીના પત્થર જેવો છે. જેનાથી અમારા સુકૃતો રૂપી સુવર્ણની પરીક્ષા થઈ શકે છે.

અગરુ-ધૂપ જેવા ઉત્તમ કોટિના ધૂપના ગંધની મસ્તીનો ફેલાવો તો તે અગ્નિમાં ફેંકાય ત્યારે જ થાય ને ?

निशि दीपोऽम्बुधौ द्वीपं मरौ शाखी हिमे शिखी ।
कलौ दुरापः प्राप्तोऽयं त्वत्पादाब्जरजः कणः ॥ ६ ॥

ગાઢ અંધકારમા જેમ દીપક મળી જાય,
તોફાની સમુદ્રમાં જેમ બેટ મળી જાય;

ભેંકાર મરુભૂમિમાં જેમ વૃક્ષની છાયા મળી જાય;
કડકડતી ટાઢમાં જેમ અગ્નિનું તાપણું હાથ લાગી જાય;
તેમ ઓ જગદીશ !

આ કળિયુગમાં ખૂબ મુશ્કેલીથી પ્રાપ્ત થાય તેવા તારા ચરણકમલના રજકણ અમને જડી ગયા છે !

ધન્ય, ધન્ય, અમારું જીવન !

युगान्तरेषु भ्रान्तोऽस्मि त्वद्दर्शनविनाकृतः ।
नमोऽस्तु कलये यत्र त्वद्दर्शनमजायत ॥ ७ ॥

મારા તો જગતમાં વગોવાયેલા તે કલિકાળને જ લાખ લાખ વંદન થાઓ; જેમાં મને હે દેવ ! તારા દર્શન પ્રાપ્ત થયા.

ઘણોય ભમ્યો, તો; સત્ યુગ વગેરેના કાળમાં, પરન્તુ ત્યારે, સદાય તારા દર્શન વિનાનો જ રહ્યો'તો.

बहुदोषो दोषहीनात् त्वत्तः कलिरशोभत ।
विषयुक्तो विषहरात् फणीन्द्र इव रत्नतः ॥ ८ ॥

પેલો વિષવાળો કાળો નાગ ! છતાંય કેવો શોભે છે, તેના માથે રહેલા વિષહર મણિથી !
ઓ કૃપાલુ દેવ !

આ ઘણા બધા દોષોથી ભરેલો કલિકાળ ! પણ તેય દોષહીન એવા તારાથી શોભી રહ્યો છે.

## પંદરમો પ્રકાશ

जगज्जैत्रा गुणास्त्रातरन्ये तावत्तवासताम् ।
उदारशान्तया जिग्ये मुद्रयैव जगत्त्रयी ॥ १ ॥

હે વિશ્વપાલક !

આખા જગતના ભવ્ય જીવોના દિલને જીતી લેનારા આપના અન્ય આંતરવૈભવરૂપ ગુણો તો દૂર રહો,

આપની આ જે ઉદાર અને શાન્ત બાહ્ય આકૃતિ છે તેણે જ આખા જગતનું દિલ જીતી લીધું છે.

मेरुस्तृणीकृतो मोहात् पयोधिर्गोष्पदीकृतः ।
गरिष्ठेभ्यो गरिष्ठो यैः पाप्मभिस्त्वमपोदितः ॥ २ ॥

હે પુરુષોત્તમ !

જગતના શ્રેષ્ઠ આત્માઓ, દેવેન્દ્રો અને નરેન્દ્રો !

એમનાથીય આપ અતિશ્રેષ્ઠ ! કાશ ! જે પાપાત્માઓએ મહાનથી મહાન એવા આપનો અનાદર કરી નાખ્યો....તેમણે તો....

મોહમૂઢતાથી....

મેરુને ઘાસ બરોબર જોયો ! સમુદ્રને ગાયના એક પગલા જેવડો કલ્પી લીધો !

च्युतश्चिन्तामणिः पाणेस्तेषां लब्धा सुधा मुधा ।
यैस्ते शासन सर्वस्वमज्ञानैर्नात्मसात्कृतम् ॥ ३ ॥

હે કૃપાલુદેવ !

જે દુર્ભાગી જીવો, પોતાની કારમી અજ્ઞાનતાને કારણે તારા સર્વકલ્યાણકર શાસનનું સઘળુંય હાર્દ પામીને તેને આત્મસાત્ કરી શકયા નહિ, હોય ! તેમને તો હાથમાં આવેલું ચિન્તામણિ રત્ન સરી પડયું ! તેમને મળેલી સુધા નકામી ગઇ !

यस्त्वय्यपि दधौ दृष्टिमुल्मुकाकारधारिणीम् ।
तमाशुशुक्षणिः साक्षादालप्यालमिदं हि वा ॥ ४ ॥

અરે ઓ દેવ ! જે પામર–ભારે કર્મી–આત્માએ આપ કૃપાલુ તરફ પણ બળતા ઉંબાડિયા જેવી આગ ઝરતી દૃષ્ટિ કરી છે તેને તો ભડકે બળતો અગ્નિ પૂરેપૂરો બાળી........

ના....ના....આવું વચન બોલવાથી હું અટકી જઉં છું. [પણ શું કરું ? મારાથી રહેવાતું નથી....સર્વના તારક એવા આપના પ્રત્યે પણ આગ–ઝરતી દૃષ્ટિ !]

त्वच्छासनस्य साम्यं ये मन्यन्ते शासनान्तरैः ।
विषेण तुल्यं पीयूषं तेषां हन्त ! हतात्मनाम् ॥ ५ ॥

હે દીનાનાથ ! અન્ય ધર્મીઓના લૌકિક શાસનોની સાથે તારા લોકોત્તર શાસનની સરખામણી જ્યારે કેટલાક લોકો કરે છે ત્યારે મને લાગે છે કે તે જડ જેવા આત્માઓ હલાહલ ઝેર સાથે અમૃતની સરખામણી કરી રહ્યા છે !

अनेडमूका भूयासुस्ते येषां त्वयि मत्सरः ।
शुभोदर्काय वैकल्यमपि पापेषु कर्मसु ॥ ६ ॥

હે ગુણગૌભવ! જે લોકોને આપની ઉપર ઇર્ષ્યા થાય છે અને તેથી યદ્વા તદ્વા લવારા વગેરે કરે છે, તેઓ તો બહેરા અને મૂંગા થઇ જાય તો સારું.

જો મળેલી ઇન્દ્રિયોનો પાપ કરવામાં જ ઉપયોગ થતો હોય તો તે ઇન્દ્રિયોની વિકલતા જ ઇચ્છવાયોગ્ય ન ગણવી શું?

तेभ्यो नमोऽञ्जलिरयं, तेषां तान्समुपास्महे ।
त्वच्छासनामृतरसैरात्माऽसिच्यतान्वहम् ॥ ७ ॥

અરે! મારા તેઓને અંજલિબદ્ધ પ્રણામ!

અરે! હું તેઓની સેવા કરું! જે આત્માઓએ તારી આજ્ઞાઓના અમૃતરસ વડે પોતાની જાતને સતત સીંચતા રહીને અહર્નિશ પવિત્ર રાખી છે!

भुवे तस्यै नमो यस्यां तव पादनखांशवः ।
चिरं चूडामणीयन्ते ब्रुमहे किमतः परम् ॥ ८ ॥

ઓ મારા નાથ! તને તો મારા પ્રણામ છે જ; પરન્તુ મારા તો તે ધરતીનેય પ્રણામ છે; જ્યાં આપના ચરણો પડયાં હતાં અને તે વખતે જ્યાં આપના નખમાંથી વહેલાં તેજ કિરણો મુગટની જેમ શોભતા હતા!

આથી અધિક તો શું કહું?

जन्मवानस्मि धन्योऽस्मि कृतकृत्योऽस्मि यन्मुहुः ।
जातोऽस्मि त्वद्‌गुणग्रामरामणीयकलम्पटः ॥ ९ ॥

હે પતિતપાવન !

બસ....એટલું જ કહીશ કે,

હું તારા અગણિત ગુણોની મનોહરતામાં વારંવાર આસક્ત બની જાઉં છું, માટે મારો જન્મારો સફળ બની ગયો છે, હું ધન્ય બની ગયો છું; કૃતકૃત્ય થઈ ગયો છું.



# સોળમો પ્રકાશ

त्वन्मतामृतपानोत्था इतः शमरसोर्मयः ।
पराणयन्ति मां नाथ ! परमानन्दसम्पदम् ॥ १ ॥
इतश्चानादिसंस्कार मूच्छितो मूर्च्छयत्यलम् ।
रागोरगविषावेगो हताशः करवाणि किम् ? ॥ २ ॥

હે નાથ ! એક તરફ આપના આગમરૂપી અમૃતનું પાન કરતાં મારા હૈયામાં ઉપશમરસના એવા તરંગો ઉત્પન્ન થઇ જાય છે કે જે તરંગો મને પરમાનન્દ સ્વરૂપ મોક્ષની સંપત્તિ પ્રાપ્ત કરાવી દે તેમ છે. પરન્તુ કાશ !

હે ભગવંત ! બીજી બાજુ મારા અનાદિકાલીન ગાઢ કુસંસ્કારો ! તેનાથી સંચિત થયેલા રાગસર્પના વિષનો તીવ્ર આવેશ મને વારંવાર ખૂબ સારી રીતે પછડાટ ખવડાવે છે.

હાય ! આથી તો હું હવે હતાશ થઈ ગયો છું. હે દેવ ! હવે તું જ કહે કે હું શું કરું ?

रागाहिगरलाघ्रातोऽकार्षं यत्कर्मवैशसम् ।
तद्वक्तुमप्यशक्तोऽस्मि धिग् मे प्रच्छन्नपापताम् ॥ ३ ॥

ઓ પરમપિતા !

આ રાગ–સર્પના ઝેરથી વ્યાપ્ત થયેલા મેં જે અયોગ્ય કર્મો આચર્યાં છે તે તો કહેવાને પણ હું સમર્થ નથી.

ધિક્કાર હો, મારી એ અંધારી આત્મની પાપમય-તાને !

क्षणं सक्तः क्षणं मुक्तः क्षणं क्रुद्धः क्षणं क्षमी ।
मोहाद्यैः क्रीडयैवाहं कारितः कपिचापलम् ॥ ४ ॥

હું ક્ષણમાં ભોગસુખમાં આસક્ત અને ક્ષણમાં જ તેનાથી વિરક્ત !

હું એક ક્ષણમાં ક્રોધાન્ધ અને બીજી ક્ષણે ક્ષમાચક્ષુ !

આવી રીતે ચંચળતાવાળી રમતો વડે મોત વગેરે મહારીઓએ જ મને વાંદરાની જેમ આજ સુધી નચાવે રાખ્યો છે !

प्राप्यापि तव सम्बोधिं, मनोवाक्कायकर्म्मजैः ।
दुश्चेष्टितैर्मया नाथ ! शिरसि ज्वालितोऽनलः ॥ ५ ॥

હે દેવાધિદેવ ! આપે પ્રરુપેલો મહાન ધર્મ પામીને પણ મનના, વચનના, અને કાયાના કુકર્મો કરીને મેં તો મારા માથે આગ લગાડી દીધી છે !

त्वय्यपि त्रातरि त्रातर्यन्मोहादिमलिम्लुचैः ।
रत्नत्रयं मे ह्रियते हताशो हा ! हतोऽस्मि तत् ॥ ६ ॥

તારા જેવા સર્વોત્કૃષ્ટ રખેવાળને મેં રાખ્યે છતે જો મોહ વગેરે લૂંટારુઓ મારા આત્માના રત્નત્રયરૂપી ધનને લૂંટી રહ્યા છે, માટે તો હવે હું હતાશ થઇ ગયો છું. ઉત્સાહથી હણાઈ પણ ગયો છું.

श्रान्तस्तीर्थानि दृष्टस्त्वं मयैकस्तेषु तारकः ।
तत्तवाङ्घ्रौ विलग्नोऽस्मि, नाथ ! तारय तारय ॥ ७ ॥

હે કૃપાળુ ! હું ઘણાં તીર્થોમાં ફર્યો છું હોં ! અને ત્યાર પછી જ તે બધાં તીર્થો (તારકો) માં મેં આપને જ સાચા તારક (તીર્થ) તરીકે જોયા છે.

અને તેથી જ....તે પછી જ....મેં આપ કૃપાળુનાં ચરણોને પકડયા છે.

તો હે દેવ ! હવે મને છોડી ન દઈશ પણ તું મને તારજે, જરૂર તારજે.

भवत्प्रसादेनैवाह-मियतीं प्रापितो भुवम् ।
औदासीन्येन नेदानीं तव युक्तमुपेक्षितुम् ॥ ८ ॥

હે મા ! આજ સુધીમાં સૂક્ષ્મ નિગોદમાંથી નીકળીને માનવજીવન સુધીની જે ઉચ્ચ ઉચ્ચતર ભૂમિકાઓને હું પામ્યો છું તે તારી જ કૃપાથી શક્ય બન્યું છે.

તો હવે....થોડાક માટે મારી તરફ ઉદાસીન બની જઈને મારી ઉપેક્ષા ન કરીશ. નહિ તો પાછો હું બેહાલ થઈ જઈશ.

ज्ञाता तात ! त्वमेवैकस्त्वत्तो नान्यः कृपापरः ।
नान्यो मत्तः कृपापात्रमेधि यत्कृत्यकर्मठः ॥ ९ ॥

હે તરણતારણહાર !

આ જગતમાં આપ એક જ સાચા સર્વજ્ઞ છો. વળી આપ જેવો દયાળુ પણ આ જગતમાં બીજો કોઈ નથી.

વળી ઓ સર્વજ્ઞ ! આપના જ્ઞાનમાં આપ જોઈ રહ્યા છો કે મારા જેવો દયાપાત્ર બીજો કોઈ નથી.

તો....કરવા યોગ્ય કાર્યોમાં કુશળ હે પ્રભુ !

હવે મારા માટે આપને જે યોગ્ય લાગે તે કરો.

## સત્તરમો પ્રકાશ

स्वकृतं दुष्कृतं गर्हन्, सुकृतं चानुमोदयन् ।
नाथ ! त्वच्चरणौ यामि शरणं शरणोज्झितः ॥ १ ॥

હે નાથ ! હું મારા દુષ્કૃતોની નિંદા ગર્હા કરું છું. હે પ્રભુ ! હું જગતના સુ–કૃત્યોની હાર્દિક અનુમોદના કરું છું.

આવું કરતો હું તારા જ ચરણોના શરણને (અનન્ય અને અકામભાવે) સ્વીકારું છું.

ના....હવે કોઈ મારું શરણભૂત નથી. બધાય કહેવાતા શરણભૂત આત્માઓએ મને ફેંકી દીધો છે. હવે તો તું જ મારું શરણ છે.

मनोवाक्कायजे पापे कृतानुमतिकारितैः ।
मिथ्या मे दुष्कृतं भूया–द पुनः क्रिययान्वितम् ॥ २ ॥

હે દીનદયાળ ! કરવા, કરાવવા અને અનુમોદવાના સ્વરૂપોથી મેં મન, વાણી કે કાયાનાં જે પાપો સેવ્યાં હોય તે સંબંધનું મારું દુષ્કૃત મિથ્યા થાઓ—નિષ્ફળ બની જાઓ.

ના....એટલું જ નહિ, પરન્તુ એ દુષ્કૃત હું કદી ફરી ન સેવું તેવો તેના અંગેનો 'અકરણનિયમ' મને પ્રાપ્ત થાઓ.

यत्कृतं सुकृतं किञ्चिद् रत्नत्रितयगोचरम् ।
तत्सर्वमनुमन्येऽहं मार्गमात्रानुसार्यपि ॥ ३ ॥

હે પ્રભુ ! રત્નત્રયીના મહાન માર્ગ તરફ મને લઈ જતું માત્ર માર્ગાનુસારીપણાના જીવનનું જે કાંઈ સુકૃત મેં મારા જીવનમાં આચર્યું હોય તે સર્વની હું અનુમોદના કરું છે.

सर्वेषामर्हदादीनां यो योऽर्हत्त्वादिको गुणः ।
अनुमोदयामि तं तं सर्वं तेषां महात्मनाम् ॥ ४ ॥

ના....માત્ર મારા સુકૃતોની નહિ પરન્તુ; અરિહંત, સિદ્ધ વગેરે સઘળા પંચ પરમેષ્ઠી ભગવંતોના જે અરિહંતત્વ, સિદ્ધત્વ વગેરે મહાન ગુણોની સિદ્ધિના સુકૃતો છે તે સર્વની પણ હું અનુમોદના કરું છું.

त्वां त्वत्फलभूतान्सिद्धान् त्वच्छासनरतान्मुनीन् ।
त्वच्छासनं च शरणं प्रतिपन्नोऽस्मि भावतः ॥ ५ ॥

હે પરમાત્મન્ !

હું તારું-તીર્થંકરદેવનું,

તારા સ્થાપેલા શાસનની આરાધનાના ફળભૂત સિદ્ધપદને પામેલા સિદ્ધ ભગવંતોનું, તારી આજ્ઞામાં ત્રિકરણ યોગે અહર્નિશ રક્ત મુનિવરોનું,

તારી આજ્ઞારૂપ શાસનનું, ભાવથી શરણ સ્વીકારું છું.

क्षमयामि सर्वान् सत्वान् सर्वे क्षाम्यन्तु ते मयि ।
मैत्र्यस्तु तेषु सर्वेषु त्वदेकशरणस्य मे ॥ ६ ॥

[એ શરણુ સ્વીકાર્યા બાદ]

હું સર્વ જીવોની સાથે-મારા થયેલા અપરાધો બદલ-ક્ષમા માંગું છું. તે જીવો મને ક્ષમા આપે તેવી આશા રાખું છું.

મારે તે સર્વ સાથે હવે મૈત્રીભાવ છે. કેમકે હવે હું [સર્વના મિત્ર એવા] તારા શરણુને જ વર્યો છું.

एकोऽहं नास्ति मे कश्चित्, न चाहमपि कस्यचित् ।
त्वदङ्घ्रिशरणस्थस्य मम दैन्यं न किञ्चन ॥ ७ ॥

હે ઇશ !

આ વિશ્વમાં હું એકલો છું.

મારું કોઈ નથી.
કોઈનોય હું નથી.

ખેર....પણુ તેથી મને મનમાં જરાય ઓછું આવી જતું નથી, કેમકે મેં તારું શરણુ સ્વીકાર્યું છે-તારો હાથ ઝાલ્યો છે.

यावन्नाप्नोमि पदवीं परां त्वदनुभावजाम् ।
तावन्मयि शरण्यत्वं मा मुञ्च शरणं श्रिते ॥ ८ ॥

હે જગદાધાર! માત્ર તારી કૃપાથી જ મળી શકતી મોક્ષ-પદવીને હું જયાં સુધી પ્રાપ્ત ન કરું ત્યાં સુધી મારી તને એક જ પ્રાર્થના છે કે તારા શરણુને આશ્રિત બનેલા મારા વિષયમાં તને શરણાગત ઉપરની વત્સલતાનો જે ભાવ છે તેને તું કદી છોડીશ નહિ-જવા દઈશ નહિ.

જો આ તારી વત્સલતા મારી ઉપર જીવંત રહ્યા કરશે તો મારો બેડો પાર થશે.

# ઓગણીસમો પ્રકાશ

तव चेतसि वर्त्तेऽहमिति वार्त्ताऽपि दुर्लभा ।
मच्चित्ते वर्त्तसे चेत्-त्वमलमन्येन केनचित् ॥ १ ॥

હે વીતરાગ ! તું સર્વથા રાગ વિનાનો ! એટલો તારા ચિત્તમાં મારો વાસ થાય તે વાત તો સ્વપ્નમાં ય અસંભવિત છે.

પણ સબૂર ! હું તો રાગવાળો છું ને ! તો મારા ચિત્તમાં તારો વાસ કેમ ન થાય ?

તેમ થાય તો લીલાલહેર !

મારે બીજા કોઇને એ ચિત્ત-ઘરમાં વસવા દેવા નથી

निगृह्य कोपतः कांश्चित्-कांश्चित्तु-ष्टयाऽनुगृह्य च ।
प्रतार्यन्ते मृदुधियः प्रलम्भनपरैः परैः ॥ २ ॥

જેઓનો ધંધો જ બીજાઓને ઠગવાનો છે એવા ઠગારા બીજા કેટલાક દેવો કાં તો કોપાયમાન થઈ જઇને [શાપ આપવા વડે] ભોળા જીવોને સજા કરીને કાં તો ખુશ થઇ જઇને [વરદાન આપવા વડે] કેટલાક ઉપર પ્રસન્ન થઇ જઇને-તે બધાને-ઠગે છે.

આ સ્થિતિમાં હે પ્રભુ ! આપ મારા ચિત્તમાં વસી જાઓ તે ખૂબ જરૂરનું છે. નહિ તો હું પણ ક્યાંક એમની ઠગબાજીનો ભોગ બની જઈશ.

अप्रसन्नात्कथं प्राप्यं, फलमेतदसङ्गतम् ? ।
चिन्तामण्यादयः किं न, फलन्त्यपि विचेतनाः ॥ ३ ॥

હે નાથ ! તારા વિષયમાં કેટલાક એવી શંકા કરે છે કે, "તું વીતરાગ છે. એટલે કે તારે કોઈ ઉપર કદી રીસાવાનું ન હોય તેમ રીઝાવાનું પણ ન હોય.

આ સ્થિતિમાં જેઓ તારી સેવા કરે તેમને સેવાનું ફળ તું શી રીતે આપી શકશે ? માટે તારા જેવા વીત-રાગની સેવા કરવાથી ભકતોના કોઈ અર્થ સરે તેમ નથી.

હે તારક દેવ ! આ વાત બિલકુલ બરોબર નથી. પેલું જડ ચિન્તામણિ રત્ન ! એ ય કયાં તેની આરાધના કરનાર ઉપર પ્રસન્ન થાય છે ? છતાં ય તેની આરાધના કરનારને તેનાથી ફળ મળે છે કે નહિ તે વસ્તુનો તેવો સ્વભાવ જ બની ગયો છે.

આવું જ તારા વિષયમાં !

वीतराग ! सपर्यायास्तवाज्ञापालनं परम् ।
आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च ॥ ४ ॥

ખરેખર તો હે વીતરાગ ! તારી અષ્ટપ્રકારી વગેરે પૂજા કરવા કરતાં ય તારી આજ્ઞાઓનું પાલન કરવું એ જ ઉત્કૃષ્ટ વાત છે.

તારી આરાધેલી આજ્ઞાઓ મોક્ષ માટે બને છે અને આજ્ઞાઓ સંસાર ભ્રમણ માટે બને છે.

आकालमियमाज्ञा ते हेयोपादेयगोचरा ।
आश्रवः सर्वथा हेयः, उपादेयश्च संवरः ॥ ५ ।

હે અશરણશરણ ! સદા કાળ માટે આપ કૃપાળુ દેવની આજ્ઞા ત્યાગ કરવાલાયક શું છે ? અને સ્વીકાર કરવાલાયક શું છે. એ સંબંધમાં જ રહી છે.

આપ કૃપાળુએ ફરમાવ્યું છે કે જે આશ્રવ છે તે સર્વથા ત્યાજ્ય છે અને જે સંવર છે તે સર્વથા સ્વીકાર્ય છે.

आश्रवो भवहेतुः स्यात्, संवरो मोक्षकारणम् ।
इतीयमार्हती मुष्टिरन्यदस्याः प्रपञ्चनम् ॥ ६ ॥

જે આશ્રવ તે સંસારકારણ.

જે સંવર તે મોક્ષકારણ.

હે અરિહંત ! આપે પ્રરૂપેલું દ્વાદશાંગીનું વિશાળ જ્ઞાન આ બે જ વાકયોમાં સમાઇ જાય છે. જાણે કે મુઠ્ઠીમાં મેરુ સમાઇ ગયો.

આ સિવાયનું તમામ જ્ઞાન-વિજ્ઞાન એ આ મુષ્ટિ-જ્ઞાનનો જ વિસ્તાર છે.

इत्याज्ञाराधनपरा अनन्ता परिनिर्वृताः ।
निर्वान्ति चान्ये क्वचन, निर्वास्यन्ति तथाऽपरे ॥ ७ ॥

જેઓને આજ્ઞાનું આ વિધિ-નિષેધ સ્વરૂપ સમજાયું અને જેઓ તેની આરાધનામાં તન્મય બની ગયા તે અનંત આત્માઓ સંસારનો પાર પામીને મોક્ષે ગયા, તેવા કેટલાક હાલ પણ મોક્ષ પામી રહ્યા છે અને બીજા અનંત આત્માઓ ભવિષ્યમાં અવશ્ય મોક્ષ પામશે.

हित्वा प्रसादनादैन्य-मेकयैव त्वदाज्ञया ।
सर्वथैव विमुच्यन्ते जन्मिनः कर्मपञ्जरात् ॥ ८ ॥

એટલે હવે ચિન્તામણિના દૃષ્ટાન્તથી એમ સ્પષ્ટ લાગે છે કે મોક્ષ વગેરે ફળો પામવા માટે સ્વામીને રીઝવવાની કોઈ જરૂર નથી. 'તે રીઝે તે માટે અનેક પ્રકારની દીનતાઓ દેખાડવાની પણ કશી જરૂર નથી.

આવી દીનતા દૂર કરીને માત્ર તારી આજ્ઞાનું જે સંસારી જીવો પાલન કરે તે બધા કર્મરૂપી પિંજરમાંથી સર્વથા મુક્તિ પામી જાય એ વાત અત્યંત સ્પષ્ટ બની જાય છે.

## વીસમો પ્રકાશ

पादपीठलुठन्मूर्ध्नि मयि पादरजस्तव ।
चिरं निवसतां पुण्य परमाणुकणोपमम् ॥ १ ॥

ઓ મા ! તારા પાદપીઠ ઉપર અનેક વાર મારું મસ્તક આળોટવા લગી જાય છે. તે વખતે તારાં ચરણોની ત્યાં પડેલી રજકણો જોઈને મને એવી ઇચ્છા થાય છે કે હવે આ બડભાગીના જો ખરેખર પુણ્ય જાગ્યાં છે તો તે પુણ્યના પરમાણુ-કણુ જેવી તે રજકણો બસ, મારા લલાટે સદા માટે ચોંટેલી જ રહો.

मद्दृशौ त्वन्मुखासक्ते, हर्षबाष्पजलोर्मिभिः ।
अप्रेक्ष्यप्रेक्षणोद्भूतं क्षणात्क्षालयतां मलम् ॥ २ ॥

હાય ! પૂર્વે તો મારી બે આંખોએ ન જોવા જેવું કેટલું જોઈ નાખ્યું ! અને તેથી કેટલો બધો કર્મમળ એકઠો કરી લીધો !

પણ ભલે... જે થયું તે ખરું !

હવે ઓ મા !

એ જ મારી બે આંખો તારા મુખનું દર્શન કરવામાં આસક્ત બની ગઈ છે! તું જ જો; તારું દર્શન પામી શકવા બદલ તે આંખોમાંથી હર્ષનાં આંસુઓના જલતરંગો વહી રહ્યા છે.

તો હે મા ! મારી હવે એક જ ઇચ્છા છે કે એ જલતરંગો વડે મારા પેલા કર્મમળોનું હમણાં જ ધોવણ થઈ જાઓ ! ધોવણ થઈ જાઓ !

त्वत्पुरो लुठनैर्भूयान्मद्भालस्य तपस्विनः ।
कृतासेव्यप्रणामस्य प्रायश्चित्तं किणावलिः ॥ ३ ॥

ઓ મા ! કેવું મારું લલાટ !

જેણે પૂર્વે તને કદી પ્રણામ કર્યાં નથી તેવું બિચારું ! તારી કૃપાને પાત્ર ! અરે ! એટલું જ નહિ. પણ જે બિચારું અપૂજ્યો અને અસેવ્યોને અનેક વાર પ્રણામો કરી નાખવાની કારમી ભૂલ પણ કરી બેઠું !

મા ! હવે આ અપરાધી મારા લલાટને તારી આગળ બસ આળોટયા જ કરવા દે. ધરતી ઉપર ઘસ્યા જ કરવા દે. ભલે તેને ઉઝરડાય પડી જાય! અરે ! એ ઉઝરડાઓની રેખાઓ જ તેના પાપનું પ્રાયશ્ચિત્ત બની રહેવા દે !

मम त्वद्दर्शनोद्भूता–श्चिरं रोमाञ्चकण्टकाः ।
नुदन्तां चिरकालोत्था–मसद्दर्शनवासनाम् ॥ ४ ॥

ઓ મારી વહાલી મા ! જ્યારે પણ હું તારું દર્શન પામું છું ત્યારે મારા સાડા ત્રણ ક્રોડ રૂંવાડાં એકીસાથે ઊભાં થઇ જાય છે અને તેય કેટલીય ક્ષણો સુધી !

હે મા ! અનાદિકાળથી મારા આત્મામાં જડ કરી ગયેલી જે મિથ્યાત્વની વાસના છે. તેનો જડમૂળથી આ

વારંવાર ઊભા થઈ જતા રોમાંચ નાશ જ કરી નાખનારા બની જાય તો કેવું સુંદર !

त्वद्वक्त्रकान्तिज्योत्स्नासु निपीतासु सुधास्विव ।
मदीयैर्लोचनाम्भोजैः प्राप्यतां निर्निमेषता ॥ ५ ॥

બસ....મા ! હવે તો એક જ ઇચ્છા છે કે તારા મુખની કાન્તિના અમૃત શા કિરણોને મારા ચક્ષુરૂપી કમળો હવે પીવા લાગ્યા છે તો તે કિરણોના પાનમાં મારા તે ચક્ષુઓ મટકું પણ મારો મત.

બસ....મટકુંય માર્યા વિના એકીટસે તે મુખકાન્તિનું પાન મારી આંખો કર્યા જ કરે.

त्वदास्यलासिनी नेत्रे त्वदुपास्तिकरौ करौ ।
त्वद्गुणश्रोतृणी श्रोत्रे भूयास्तां सर्वदा मम ॥ ६ ॥

અને સાથે સાથે બીજી પણ વાત કે જેમ મારી બે આંખો તારા મુખદર્શનમાં જ લાલસુ બને તેમ મારા બે હાથ તારી પૂજા કરવામાં જ લીન રહે અને મારા બે કાન તારા ગુણોનું જ સર્વદા શ્રવણ કરનાર થાય.

कुण्ठाऽपि यदि सोत्कण्ठा त्वद्गुणग्रहणं प्रति ।
ममैषा भारती तर्हि स्वस्त्येतस्यै किमन्यथा ॥ ७ ॥

હે મા ! મને ખબર છે કે મારી વાણી જયાં ત્યાં સ્ખલના પામનારી છે, પણ તેથી શું ? જ્યારે તે તારા ગુણોને

ગાવા માટે જ ઉત્સુક બની ગઈ છે તો ભલે ને તેમ જ થતું. હા. જરૂર. તેમ કરવામાં જ તેનું કલ્યાણ થાઓ. બીજાના ગુણ કે કીર્તનથી તેને શો લાભ?)

तव प्रेष्योऽस्मि दासोऽस्मि सेवकोऽस्म्यस्मि किङ्करः ।
ओमिति प्रतिपद्यस्व नाथ ! नातः परं ब्रुवे ॥ ८ ॥

ઓ પ્યારી મા ! બસ....હવે આગળ કશું જ નહિ બોલું. આ મારી છેલ્લી વાત છે. તેમાં જ મારા જીવન-મરણની સંભાવના છે.

તે છેલ્લી વાત એ છે કે હું નિશ્ચિતપણે તારો ચાકર છું, દાસ છું, સેવક છું, નોકર છું.

પણ તું મને એ વાતનો જવાબ દે કે તેં મને ચાકર તરીકે, દાસ તરીકે, સેવક તરીકે, નોકર તરીકે સ્વીકાર્યો છે ખરો ને ?

હે મા ! તું આ વાતમાં મને હા કહે....રે ! માથું હલાવીને મને સંમતિ આપ....[જો આમ નહિ થાય તો મારે પ્રાણત્યાગ કરી દેવો પડે....] ઓ મા ! કહે....કહે.... હું તારો દાસ. પણ હું મારો સ્વામી ખરો ને ! તારી હામાં મારું જીવન !તારી નામાં મારું મોત !

श्रीहेमचन्द्रप्रभवाद् वीतरागस्तवादितः ।
कुमारपालभूपालः प्राप्नोतु फलमीप्सितम् ॥ ९ ॥

શ્રી હેમચન્દ્ર સૂરીશ્વરજીએ રચેલા વીતરાગ સ્તવથી જે પુણ્યકર્મનો સંગ્રહ થયો હોય તેના બળે ગૂર્જરેશ્વર કુમારપાળ-પોતાને ઇચ્છિત મોક્ષસ્વરૂપ ફળને પ્રાપ્ત કરો.

કેવી અનુપમ ભાવના ગુરુની કે પોતાને મળેલા પુણ્યથી શિષ્યના મોક્ષની માંગણી....

કોઈ અજ્ઞાત-ચિરંતન-આચાર્ય ભગવંતે રચેલું

# પંચ સૂત્ર

## પહેલું સૂત્ર

### પાપપ્રતિઘાત - ગુણબીજાધાન સૂત્ર

**મંગલ :**

**ણમો વીયરાગાણું, સવ્વન્નૂણું, દેવિંદ પૂઇયાણં, જહટ્ઠિઅ વત્થુવાઇણં, તેલુક્કગુરુણં અરુહંતાણું ભગવંતાણું.**

હે વીતરાગ ! આપને નમસ્કાર.

વીતરાગ થવાથીજ બનેલા હે સર્વજ્ઞ-સર્વદર્શી ! આપને નમસ્કાર વીતરાગ-સર્વજ્ઞ થવાથી જ બનેલા હે દેવેન્દ્ર પૂજિત ! આપને નમસ્કાર. વીતરાગ-સર્વજ્ઞ થવાથી જ બનેલા હે યથાસ્થિત વસ્તુવાદી ! સત્યવાદી ! આપને નમસ્કાર.

વીતરાગતા, સર્વજ્ઞતા અને સત્યવાદિતાની ત્રિમૂર્તિ થવાથી જ ત્રિલોકગુરુ બનેલા હે અરિહંત ! હે ભગવંત ! આપને નમસ્કાર.

**જે એવમાઇક્ખંતિ-ઇહ ખલુ ૧. અણાઇજીવે ૨. અણાઇજીવસ્સ ભવે ૩. અણાઇકમ્મસંજોગનિવ્વત્તિએ, ૪. દુક્ખરુવે ૫. દુક્ખફલે ૬. દુક્ખાણુબંધે.**

**અરિહંતાનો ઉપદેશ :**

હે અરિહંતો ! આપે ફરમાવ્યું છે કે:-આ લોકમાં ત્રણ વસ્તુ અનાદિ છે.

(૧) જીવ અનાદિ છે.

(૨) જીવનો સંસાર અનાદિ છે.

(૩) આ સંસાર ઊભો કરનાર જીવકર્મના સંયોગ અનાદિ છે.

આવો આ સંસાર :

(૧) સ્વયં દુઃખસ્વરૂપ છે.

તેના ભોગવટાનું ફળ દુઃખ હોવાથી દુઃખફલક છે.

(૩) તે દુઃખોની પરંપરા ચાલનારી હોવાથી દુઃખાનુબંધી પણ છે.

**એઅસ્સ ણં વુચ્છિત્તી સુદ્ધધમ્માઓ, સુદ્ધધમ્મ સંપત્તી પાવકમ્મવિગમાઓ, પાવકમ્મવિગમો તહાભવ્વત્તાઈ ભાવઓ.**

**સંસારનાશનો ઉપાય :**

જેણે આ રાગાદિસ્વરૂપ અભ્યન્તર સંસારનો નાશ કરવો હોય તેણે નિશ્ચયનયના શુદ્ધ ધર્મની આરાધના કરવી જોઇએ.

આ શુદ્ધધર્મની પ્રાપ્તિ મોહનીય વગેરે પાપકર્મોના પાપસંસ્કારોના-નાશથી થાય છે. આ પાપનાશ તથાભવ્યત્વનો પરિપાક થવાથી થાય છે.

**તસ્સ પુણ વિવાગ સાહણાણિ**

**૧. ચઉસરણગમણં, ૨. દુક્કડગરિહા, ૩. સુકડાણુસેવણં, અઓ કાયવ્વમિણં હોઉ કામેણં સયા સુપ્પણિહાણં, ભુજ્જો ભુજ્જો સંકિલેસે, તિકાલમસંકિલેસે.**

**તથા ભવ્યત્વનો પરિપાક શે થાય ?**

જેણે પોતાનું તથાભવ્યત્વ પકવવું હોય તેણે :

૧. અરિહંત, સિદ્ધ, સાધુ અને સદ્ધર્મ એ ચાર તત્ત્વોનું શરણુ સ્વીકારવું જોઈએ.

૨. પોતાના દુષ્કૃતોની આત્મસાક્ષીએ નિંદા અને ગુરુ-સાક્ષીએ ગર્હા કરવી જોઇએ.

૩. પરના એકાન્તે મોક્ષલક્ષી સુકૃતોની યથાયોગ્ય હાર્દિક વગેરે અનુમોદના કરવી જોઈએ.

જે કોઈ જીવ મોક્ષનો અર્થી હોય તેણે ઉપરોક્ત શરણુ ગર્હા અને અનુમોદનાનું સુંદર અનુષ્ઠાન મન, વચન અને કાયાની એકાગ્રતા સાથે સદા કરવું જોઈએ.

હા....જ્યારે ચિત્તમાં સંક્લેશો જાગી પડ્યા હોય ત્યારે તો વારંવાર....નહિ તો છેવટે-ચિત્તની અસંક્લિષ્ટ-શાન્ત-અવસ્થામાં પણ રોજ ત્રણ વાર તો ઉપરોક્ત શરણુ, ગર્હા અને અનુમોદનાની ત્રિપુટીનું આસેવન કરવું જ જોઈએ.

**અરિહંત-શરણુ :-**

**જાવજ્જીવં મે ભગવંતો પરમતિલોગનાહા, અણુત્તર પુણ્ણસંભારા, ખીણરાગદોસમોહા, અચિંતચિંતામણી, ભવજલહિપોઆ, એગંતસરણા, અરિહંતા સરણં**

હે ત્રિલોકના પરમનાથ ! હે સર્વોત્કૃષ્ટ પુણ્યના સંગ્રહના સ્વામી ! હે રાગ, દ્વેષ અને મોહ (અજ્ઞાન)ના ક્ષયી ! હે અચિન્ત્ય ચિંતામણિ-રત્નશા ! હે સંસારરૂપી સાગરને તરવામાં નાવસમા ! હે અમ જીવોના એકાન્તે શરણુભૂત !

અરિહંતદેવો ! આપ મારું યાવજ્જીવ શરણુ બની રહો.

સિદ્ધ – શરણ:-

તહા પહીણજરમરણા અવેઅકમ્મકલંકા, પણટ્ઠવાબાહા, કેવલનાણદંસણા, સિદ્ધિપુરનિવાસી, નિરુવમસુહસંગયા, સવ્વહા કયકિચ્ચા સિદ્ધાસરણં.

હે જરા અને મરણથી રહિત! હે કર્મરૂપી કલંકથી મુક્ત! હે સર્વ પ્રકારની પીડાઓથી શૂન્ય! હે કેવલજ્ઞાન અને કેવલદર્શનના સ્વામી! હે સિદ્ધશિલા નગરીના નિવાસી! હે અનુપમસુખથી યુક્ત! હે સર્વથા કૃતકૃત્ય! સિદ્ધ ભગવંતો! આપ મારું યાવજ્જીવ શરણ બની રહો.

સાધુ – શરણ

તહા પસંતગંભીરાસયા, સાવજ્જજોગવિરયા, પંચવિહાયારજાણગા, પરોવયારનિરયા, પઉમાઇનિદંસણા ઝાણજ્ઝયણસંગયા, વિસુજ્ઝમાણભાવા. સાહૂ સરણં

હે પ્રશાન્ત અને ગંભીર ચિત્તના સ્વામી! હે પાપવ્યાપારોથી વિરામ પામેલા! હે પાંચ પ્રકારના આચારોના જાણકાર! હે પરોપકારમાં નિરત! હે સંસાર-કાદવમાં જન્મવા છતાં તેનાથી અલિપ્ત થઈ જવાથી કમલ વગેરેની ઉપમાને વરેલા! હે ધર્મશુક્લ ધ્યાનના સ્વામી! હે નિત્ય ચડતી શુભ પરિણામની ધારાવાળા! સાધુ ભગવંતો! આપ મારું યાવજ્જીવ શરણ બની રહો.

તહા સુરાસુરમણુઅપૂઇઓ, મોહતિમિરંસુમાલી, રાગદોસવિસપરમમંતો હેઉ સયલકલ્લાણાણં, કમ્મવણવિહાવસુ સાહગો સિદ્ધભાવસ્સ, કેવલિપણ્ણત્તો ધમ્મો જાવજ્જીવં મે ભગવં સરણં.

હે દેવો, દાનવો અને માનવોથી પૂજિત ! હે મોહરૂપી અંધકારનો નાશ કરતા સૂર્યસમા ! હે રાગ-દ્વેષરૂપી વિષને ઉતારી દેનારા ઉત્કૃષ્ટ મન્ત્રસમા ! હે સકળ જીવરાશિના કલ્યાણના હેતુભૂત ! હે કર્મરૂપી જંગલને ક્ષણમાં ભસ્મસાત્ કરવાની તાકાત ધરાવતા અગ્નિસમા ! હે આત્માના સિદ્ધ ભાવના સાધક ! હે કેવલિ ભાષિત ધર્મ ભગવંત ! આપ મારું યાવજ્જીવ શરણ બની રહો.

દુષ્કૃતગર્હા

સરણમુવગઓ અ એએસિં, ગરિહામિ દુક્કડં !

જંણ્ણં અરિહંતેસુ વા, સિદ્ધેસુ વા, આયરિએસુ વા, ઉવજ્ઝાએસુ વા, સાહૂસુ વા, સાહુણીસુ વા, અન્નેસુ વા, ધમ્મટ્ઠાણેસુ માણણિજ્જેસુ પૂઅણિજ્જેસુ, તહા માઇસુ વા, પિઈસુ વા, બંધુસુ વા, મિત્તેસુ વા, ઉવયારીસુ વા ઓહેણ વા જીવેસુ મગ્ગટ્ઠિઅેસુ અમગ્ગટ્ઠિઅેસુ, મગ્ગસાહણેસુ અમગ્ગસાહણેસુ જં કિંચિ વિતહમાયરિયં અણાયરિઅવ્વં અણિચ્છિઅવ્વં પાવં પાવાણુબંધિ, સુહુમં વા બાયરં વા, મણેણ વા વાયાએ વા, કાએણ વા, કયં વા કારાવિઅં વા અણુમોઈઅં વા, રાગેણ વા દોસેણ વા મોહેણ વા, ઇત્થં વા જમ્મે જમ્મંતરેસુ વા, ગરહિઅમેઅં, દુક્કડ મેઅં, ઉજ્જિયવ્વમેઅં વિઆણિઅં મએ, કલ્લાણમિત્તગુરુભગવંતવયણાઓ, એવમેઅંતિ રોઇઅં સદ્ધાએ. અરિહંતસિદ્ધસમક્ખં ગરિહામિ અહમિણં, દુક્કડમેઅં, ઉજ્જિયવ્વમેઅં,

ઈત્થ મિચ્છા મિ દુક્કડં, મિચ્છા મિ દુક્કડં, મિચ્છા મિ દુક્કડં.

અરિહંતાદિ ચાર ભગવંતોના શરણે ગયેલો હું હવે [એ શરણના ભાવથી મને પ્રાપ્ત થયેલી શુદ્ધિ અને સદ્બુદ્ધિ

ના કારણે] સ્વદોષદર્શન કરવાને તૈયાર થયો છું. અહો ! શરણના ભાવનો કેવો અનૂઠો પ્રભાવ !

આ જગતમાં ક્યારે પણ મેં અરિહંત ભગવંતો સિદ્ધ-ભગવંતો આચાર્ય-ભગવંતો, ઉપાધ્યાય-ભગવંતો, સાધુ-ભગવંતો, સાધ્વીજી મહારાજોના વિષયમાં,

બીજા પણ માનનીય અને પૂજનીય ગુણાધિક ધાર્મિક આત્માઓના વિષયમાં,

વળી પૂજનીય માતાઓ કે પિતાઓના વિષયમાં, બંધુઓ, મિત્રો, કે ઉપકારી-જનોના વિષયમાં અરે કેટલા યાદ કરું ? સામાન્યથી કહું તો સર્વ જીવોના વિષયમાં પછી તે જીવો સમ્યક્ત્વાદિ સ્વરૂપ મોક્ષમાર્ગમાં રહેલા હોય કે મિથ્યાત્વાદિ સ્વરૂપ કુમાર્ગે રહેલા હોય;

અરે ! જડ પદાર્થોના વિષયમાં પણ જે જડ પદાર્થો મોક્ષ-માર્ગના સાધનરૂપ પુસ્તકાદિ સ્વરૂપ હોય કે મોક્ષ માર્ગમાં સાધનરૂપ નહિ બનતા તલવાર આદિ સ્વરૂપ હોય તે બધાયના વિષયમાં :

મેં જે કાંઈ પણ વિપરીત આચરણ કર્યું હોય : (૧) બિલકુલ આચરણ કરવાલાયક ન હોય તેવું (૨) બિલકુલ અનિચ્છનીય ગણાય તેવું : પાપાનુબંધી પાપ પછી તે :

સૂક્ષ્મ હોય કે સ્થૂલ હોય, મનનું હોય, વાણીનું હોય કે કાયાનું હોય :

કર્યું હોય, કરાવ્યું કે અનુમોદ્યુ હોય, રાગથી, દ્વેષથી કે મોહભાવથી સેવ્યું હોય; આ જન્મમાં કે જન્મા-

તરમાં; તે અવશ્યમેવ નિન્દા કરવાલાયક છે. તે અવશ્યમેવ દુષ્કૃત-સ્વરૂપ છે. તે અવશ્યમેવ છોડી દેવા જેવું છે. આ વાત મારા એકાંતે કલ્યાણ મિત્ર એવા ગુરુભગવંતના વચનથી મેં જાણી છે.

એ વાત એ એ જ રીતે બરોબર છે એમ મને શ્રદ્ધાથી હૈયામાં રુચી ગયું છે. આથીઃ

હું અરિહંત દેવ અને સિદ્ધ-ભગવંતની સમક્ષ એવા મેં કરેલાં સર્વ પાપોની નિંદા કરું છું.

આ મારાં પાપો દુષ્કૃત સ્વરૂપ હોવાથી બેશક ત્યાજય છે.

આ દુસ્કૃતગર્હા દ્વારા મારા એ બધાય પાપો મિથ્યા થાઓ, મિથ્યા થાઓ, મિથ્યા થાઓ.

**પ્રણિધાન-શુદ્ધિ**

હોઉ મે એસા સમ્મં ગરિહા,

હોઉ મે અકરણ નિયમો, બહુમયં મમેઅંતિ, ઈચ્છામો અણુસટ્ઠિં ૧. અરહંતાણં ભગવંતાણં ૨, ગુરુણં કલ્લાણમિત્તાણંતિ. હોઉ મે એએહિં સંજોગો, હોઉ મે એસા સુપત્થણા હોઉ મે ઈત્થ બહુમાણો. હોઉ મે ઈઓ મુક્ખબીઅંતિ, પત્તેસુ એએસુ અહં સેવારિહે સિઆ આણારિહે સિઆ, પડિવત્તિજુત્તે સિઆ, નિરઈઆરપારગે સિઆ.

આ મેં મારા દુષ્કૃતોની જે ગર્હા કરી તે મારા અંતરના સાચા ભાવથી થાઓ, એટલું જ નહિ પરન્તુ દુષ્કૃત મારા જીવનમાં ફરી કયારેય પ્રવેશ ન પામે તેવો

અકરણનિયમ મને સિદ્ધ થાઓ, આ બન્ને બાબતોનું મારે મન ઘણું મોટું મહત્ત્વ છે-એથી તે બન્ને મને ખૂબ ઇષ્ટ છે.

આ માટે હે અરિહંત ભગવંતો ! અને કલ્યાણમિત્ર ગુરુ ભગવંતો ! આપ મને [વારંવાર] હિતશિક્ષા આપો. એ માટે મને વારંવાર યોગ પ્રાપ્ત થાઓ.

આ મારી નમ્રાતિનમ્રભાવે પ્રાર્થના છે. મારી આ પ્રાર્થના સુપ્રાર્થના બનો. મને તેમાં બહુમાનભાવ પ્રગટો.

આવી સુંદર પ્રાર્થના દ્વારા મારા આત્મામાં મોક્ષનું બીજ-પુણ્યાનુબંધી પુણ્યકર્મનો સંગ્રહ-પ્રાપ્ત થાઓ.

અને....જ્યારે મને અરિહંત ભગવંતો અને કલ્યાણમિત્ર ગુરુ ભગવંતોનો યોગ થાય ત્યારે મારા આત્મામાં તે કૃપાલુદેવોની સેવા કરવાની લાયકાત પેદા થજો; તેમની આજ્ઞાઓનું પાલન કરવાની તાકાત પેદા થજો; તેમની ભક્તિથી ભરપૂર મારો આત્મા બની જજો; અને તેથી.... નિરતિચારપણે આજ્ઞાપાલક બનીને મારો આત્મા સંસારનો પારગામી બનજો.

સુકૃત-અનુમોદના

સંવિગ્ગો જહાસત્તીએ સેવેમિ સુકડં, અણુમોએમિ સવ્વેસિં અરહંતાણં, અણુટ્ઠાણં, સવ્વેસિં સિદ્ધાણં સિદ્ધભાવં, સવ્વેસિં આયરિઆણું આયારં, સવ્વેસિં ઉવજ્ઝાયાણં સુતપ્પયાણં, સવ્વેસિં સાહૂણં સાહુકિરિઅં, સવ્વેસિં સાવગાણં મુક્ખસાહણજોગે, સવ્વેસિં દેવાણં, સવ્વેસિં જીવાણં, હોઉકામણં કલ્લાણાસયાણં મગ્ગ સાહણ જોગે.

સર્વ ગુણોથી યુક્ત એવા મોક્ષની કામનાવાળો હું હવે સર્વ જીવોના તે તે ગુણો (સુકૃતો)ની અનુમોદના (સેવના) કરવાનું યથાશક્તિ શરૂ કરું છું.

હે સકળ અરિહંત ભગવંતો ! હું આપના ધર્મોપદેશ આદિ સુકૃતોનું અનુમોદન કરું છું.

હે સિદ્ધ ભગવંતો ! હું આપના સિદ્ધત્વ ભાવની અનુમોદના કરું છું.

હે આચાર્ય ભગવંતો ! હું આપના પંચાચાર પાલન આદિ સુકુતોને અનુમોદું છું.

હે ઉપાધ્યાય- ભગવંતો ! આશ્રિત મુનિઓને સૂત્ર-પાઠ દાન આદિના આપના સુકૃતોની હું અનુમોદના કરું છું.

હે સાધુ-ભગવંતો ! જૈનશાસ્ત્ર કથિત ધર્મક્રિયાઓના સુંદર આચરણના આપના સુકૃતોની હું અનુમોદના કરું છું.

